**BILLIONBRAINS GARAGE VENTURES LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on October 29, 2025. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.groww.in; and on the websites of the BRLMs, i.e. Kotak Mahindra Capital Company Limited, J.P. Morgan India Private Limited, Citigroup Global Markets India Private Limited, Axis Capital Limited and Motilal Oswal Investment Advisors Limited at https://investmentbank.kotak.com, www.jpmipl.com, www.citigroup.com/global/aboutus/globalpresence/india/regulatory-disclosures-investment-banking, www.axiscapital.co.in, www.motilaloswalgroup.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* beginning on page 37 of the RHP. Potential investors should not rely on the UDRHP-I filed with SEBI and Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares described in this announcement have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, or to, or for the account or benefit of, U.S. Persons (as defined in Regulation S under the U.S. Securities Act, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. The Company has not registered and does not intend to register under the U.S. Investment Company Act of 1940 ("**Investment Company Act**"). Accordingly, the Equity Shares are being offered and sold (i) to persons in the United States or to, or for the account or benefit of, U.S. persons, in each case that are both "qualified institutional buyers" as defined in Rule 144A under the Securities Act and "qualified purchasers" as defined under the Investment Company Act in transactions exempt from or not subject to the registration requirements of the Securities Act and in reliance on Section 3(c)(7) of the Investment Company Act and (ii) outside the United States to non-U.S. persons in offshore transactions in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. There will be no public offering in the United States.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 260 ■ વિક્રમ સંવત ૨૦૮૨
■ કાર્તિક સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 November 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૪ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ તરોતાજા પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
સર્વત્ર ઉપલબ્ધ
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing

# મારગમાં દોડતું મોત

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,259/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## જયપુરમાં ડમ્પર ટ્રકનું તાંડવઃ ૧૭ વાહનને કચડ્યાં, ૧૯ ભોગ

જયપુર : રાજસ્થાનની રાજધાની જયપુરમાં સોમવારે બપોરે એવી દુર્ઘટના થઈ કે જેણે આખા શહેરને હચમચાવી દીધું. હરમાડા થાણા વિસ્તારના લોહામંડી રોડ પર બેકાબૂ ડમ્પર ટ્રકે તાંડવ મચાવી દીધો હતો. સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે ડમ્પરના ડ્રાઈવર દારૂના નશામાં હતો અને તેણે સામે જે દેખાયું એ બધાને નિર્દયતાથી કચડી નાખ્યા હતા. આ દુર્ઘટનામાં ૧૯ જણના મરણ થયાં હતાં અને મરણાંક વધે એવી સંભાવના છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ખાલી ડમ્પર લોહામંડી પેટ્રોલ પંપથી રોડ નંબર ૧૪ તરફ જઈ રહ્યું હતું. ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો હતો અને લગભગ ૩૦૦ મીટરમાં વાહનો અને પદયાત્રીને હડફેટમાં લીધા હતા. ડમ્પર બંધ પડ્યું એ પહેલાં તેના માર્ગમાં આવેલી કાર, બાઈક અને લોકોને હડફેટમાં લીધા હતા. ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. અકસ્માતના સ્થળેથી ટ્રાફિક બીજે વાળવામાં આવ્યો હતો.



**ભયાનકઃ** જયપુરમાં આ જ ડમ્પરે ગઈ કાલે મોતનો તાંડવ ખેલ્યો હતો અને અનેક વાહનોને કચડી નાખ્યાં હતાં તેમ જ આ ઘટનામાં ૧૯ જણનાં મોત થયાં હતાં. (એજન્સી)

મુખ્ય પ્રધાન ભજન લાલ શર્માએ આ દુર્ઘટના અંગે ઘેરો શોક વ્યક્ત કર્યો હતો અને અધિકારીઓને હુકમ કર્યો હતો કે ઈજાગ્રસ્તોને સભંવિત ઉત્તમ સારવાર મળે એની તકેદારી લે. તેમણે પ્રધાનો ઝાવર સિંહ ખરા અને કે. કે. બિશ્નોઈને કાનવાટિયા હૉસ્પિટલમાં અને પ્રધાનો સુરેશ રાવત અને સુમિત ગોદારાને એસએમએસ હૉસ્પિટલમાં મોકલ્યા હતા. શર્માએ કહ્યું કે હું પોતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. તેમણે જિલ્લા કલેક્ટર અને હૉસ્પિટલ (જુઓ પાનું ૨) ▸▸

## તેલંગણામાં બસ અને ટ્રક અથડાતાં ૧૯ના જીવ ગયા



**કચ્ચરઘાણઃ** તેલંગણામાંના રંગા રેડ્ડી જિલ્લામાં ટ્રક સાથે આ બસ અથડાઈ હતી અને ટ્રકમાંની કાંકરી બસ પર પડી હતી. બસનો આ અકસ્માતમાં સોથ વળી ગયો હતો.(એજન્સી)

હૈદરાબાદઃ તેલંગણાના રંગા રેડ્ડી જિલ્લામાં સોમવારે સવારે એક ભયંકર માર્ગ અકસ્માતમાં રાજ્ય સરકારની રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ એક કાંકરી ભરેલી ટ્રક સાથે અથડાતા ૧૯ લોકોના કમકમાટીભર્યા મોત થયા હતા અને ઘણા મુસાફરો ઘાયલ થયા છે. મૃતકોમાં ૧૩ મહિલા અને એક બાળકી સામેલ હતાં.

અહેવાલ મુજબ તેલંગણાના તંદૂર ડેપોની બસ હૈદરાબાદ તરફ જઈ રહી હતી, જેમાં ૭૦ મુસાફરો સવાર હતા, જેમાં મોટાભાગે રજાઓ બાદ શહેર પરત ફરી રહેલા વિદ્યાર્થીઓ અને ઓફિસ જનારા લોકો હતા. ચેવેલા મંડલ (બ્લોક) ના મિર્ઝાગુડા ગામ નજીક રોડ પર સામેથી આવતા ટ્રક સાથે બસ અથડાઈ અને પલટી ગઈ.

આ અકસ્માત વધુ ગંભીર એટલે બન્યો કેમ કે ટ્રકમાં લદાયેલી કાંકરી બસ પર ઢગલો થઇને પડી, જેના કારણે કેટલાક મુસાફરો પણ નીચે દટાઈને મૃત્યુ પામ્યા. સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું કે મુસાફરો મદદ માટે બૂમો પાડી રહ્યા હતા, સ્થાનિક લોકો બચાવ કાર્ય માટે દોડી આવ્યા હતા. ત્યાર બાદ ઈમર્જન્સી ટીમો ઘટનાસ્થળે આવી પહોંચી હતી. કાટમાળ હટાવવા અને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ત્રણ જેસીબી (જુઓ પાનું ૨) ▸▸

## અફઘાનમાં ૭.૩ તીવ્રતાનો ભૂકંપઃ ૨૦ જણનાં મોત

કાબુલઃ આજે સોમવારે વહેલી સવારે અફઘાનિસ્તાનના મજાર-એ-શરીફ શહેર અને આસપાસના વિસ્તારની ધરતી ૬.૩ ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી હતી.

જોરદાર ભૂકંપને કારણે સંખ્યાબંધ ઈમારતો ધરાશાયી થઇ ગઈ છે. અહેવાલ મુજબ ૨૦ લોકોનાં મોત થયા છે, ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હાલ રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, મૃત્યુઆંક વધે એવી શક્યતા છે.

મજાર-એ-શરીફ અફઘાનિસ્તાનના સૌથી મોટા શહેરોમાંનું એક છે, જેની વસ્તી લગભગ ૫,૨૩,૦૦૦ છે. પ્રારંભિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું કે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ હતી,પરંતુ બાદમાં યુએસ જીયોલોજીકલ સર્વે (USGS) એ જણાવ્યું હતું કે તેની તીવ્રતા ૬.૩ હતી. ઞઞ્રઞ્ઞ મુજબ, ભૂકંપ મઝાર-એ-શરીફ નજીક ૨૮ કિમીની ઊંડાઈએ આવ્યો હતો.

USGS એ તેના PAGER સિસ્ટમમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જેનો મતલબ છે કે નોંધપાત્ર જાનહાનિ થવાની સંભાવના છે. ■

**કપિલ દેવની ટીમના વિજયે જે રીતે દેશોમાં રમતની લોકપ્રિયતાને અલગ ઊંચાઈ અપાવી એવું જ વર્લ્ડ કપ જીત પછી મહિલા ક્રિકેટ સાથે થવાની પૂરેપૂરી શકયતા**





## ભારતીય મહિલા ક્રિકેટની 1983 મૉમેન્ટ

મુંબઇ : રવિવારે અડધી રાત્રે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ભાગ્ય સાથેની પોતાની મુલાકાતનું વચન નિભાવ્યું ને પહેલી વાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે પોતાની ટીમને આઈસીસી મહિલા વર્લ્ડ કપની ફાઇનલમાં ઐતિહાસિક જીત અપાવી હતી. કપિલ દેવ અને એમ.એસ.ધોની પછી હરમનપ્રીત વન-ડે વર્લ્ડકપ જીતનારી ત્રીજી ભારતીય કેપ્ટન બની હતી.

મહિલા ટીમના વિજયને તેણે પોતાની ''૧૯૮૩ની મૉમેન્ટ'' અથવા તે ઐતિહાસિક જીતનું ''પુનરાવર્તન'' ગણાવ્યું હતું. ૧૯૮૩ની ટીમે (વેસ્ટ ઇન્ડીઝ) દિગ્ગજોને પડકાર ફેંક્યો હતો, તેવી જ રીતે ૨૦૨૫ મહિલા ટીમે એક રોમાંચક સેમિફાઇનલમાં સાત વખતના ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, તેને એ જ પ્રકારની જીતની જેમ જોવામાં આવી રહી છે. ૧૯૮૩ની કપિલ દેવની ટીમના વિજય પછી ભારતમાં ક્રિકેટ પાગલપનની હદ લોકપ્રિય થઇ અને હવે એવું જ કાંઇક મહિલા ક્રિકેટ સાથે બનશે એવું લોકો માની રહ્યાં છે.

૧૯૮૩ની જીતે ભારતીય ક્રિકેટને રાષ્ટ્રીય ઝનૂનમાં બદલી દીધું અને દેશમાં એક નવો આત્મવિશ્વાસ જગાવ્યો હતો. સર્વસંમતિ એ છે કે (જુઓ પાનું ૨) ▸▸

## બિહારમાં ડિફેન્સ કૉરિડોર બનાવીશુંઃ અમિત શાહ

બિહારઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે કહ્યું હતું કે એનડીએ સત્તા પર આવશે તો બિહારમાં ડિફેન્સ કોરિડોર સ્થાપવામાં આવશે અને રાજ્યના પ્રત્યેક જિલ્લામાં ફેક્ટરીઓ શરૂ કરવામાં આવશે.

શેહોર ખાતે એક ચૂંટણી રેલીને સંબોધન કરતાં શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બિહારમાં એનડીએ ફરી સરકાર બનાવશે. ૧૪ નવેમ્બરે બપોરે એક વાગ્યા સુધીમાં ચૂંટણી પરિણામો જાહેર થતાં જ આરજેડી અને કૉંગ્રેસ ધોવાઈ જશે.

ચંદ્રગુપ્ત મૌર્યથી નરેન્દ્ર મોદીના શાસનકાળના સમયમાં ગંડક, કોશી (જુઓ પાનું ૨) ▸▸

## ડિજિટલ અરેસ્ટના નામે ૩,૦૦૦ કરોડની વસૂલીનો આંકડો સાંભળી સુપ્રીમ કોર્ટ ભડકી

### કહ્યું કે, લોખંડી હાથે કામ લેવાની તાતી જરૂર

નવી દિલ્હી : દેશમાં સાયબર ક્રાઈમના કેસના વધતા પ્રમાણ અને પીડિતો પાસેથી ૩,૦૦૦ કરોડ રૂપિયાની ખંડણી લેવામાં આવી એ જાણીને સુપ્રીમ કોર્ટે આઘાત વ્યક્ત કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે સોમવારે કહ્યું હતું કે ડિજિટલ એરેસ્ટ કેસ સામે લોખંડી હાથથી કામ કરવું જોઈએ.

ડિજિટલ એરેસ્ટ પ્રકારનો સાયબર ક્રાઈમ વધતો જાય છે આમાં છેતરપિંડી કરનારાઓ પોતાને કાયદો જાળવતી એજન્સી કે અદાલતના અધિખારીઓ કે સરકારી એજન્સીઓના કર્મચારી હોવાનો પાખંડ કરીને પીડિતોને ઓડિયો કે વીડિયો કોલ વડે ડરાવે છે. તે પીડિતોને બાન પર લે છે અને (જુઓ પાનું ૨) ▸▸

## ઈડીએ અનિલ અંબાણી જૂથની ૭,૫૪૫ કરોડની સંપત્તિને ટાંચ મારી

નવી દિલ્હીઃ મની લૉન્ડરિંગ કેસ સંબંધિત તપાસના ભાગરૂપ ઍન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી)એ રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અનિલ અંબાણી અને જૂથની કંપની સાથે સંકળાયેલાઓની ૭,૫૦૦ કરોડ રૂપિયા કરતાં પણ વધુની સંપત્તિ ટાંચમાં લીધી હોવાનું સત્તાવાર સૂત્રોએ સોમવારે કહ્યું હતું.

ગ્રૂપ કંપનીઓની કમર્શિયલ પ્રોપર્ટી અને અન્ય રહેવાસી મિલકતને બાદ કરતાં ૬૬ વર્ષના અંબાણીના મુંબઈના પાલિહિલસ્થિત પારિવારિક ઘર સહિતની મિલકતો ટાંચમાં લેવા પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત ૩૧ ઑક્ટોબરે ઈડીએ ચાર પ્રોવિઝનલ (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાન-ચીન અણુશસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યા છેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચોંકાવનારો દાવો કરતા કહ્યું હતું કે રશિયા-ઉત્તર કોરિયા ઉપરાંત પાકિસ્તાન-ચીન પણ ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યા છે.

ટ્રમ્પના આ દાવાએ ભારત માટે પોખરણ-૩ પરીક્ષણની તકનો માર્ગ મોકળો કરી દીધો છે. આ પરીક્ષણો જમીનથી એટલી ઊંડાઈએ કરવામાં આવે છે કે તેને શોધી કાઢવા કે એ અંગે માહિતી મેળવવી મુશ્કેલ હોય છે, એમ તેમણે કહ્યું હતું. ૩૩ વર્ષ બાદ અમેરિકી સેનાને પરમાણુ પરીક્ષણના આપેલા આદેશને ટ્રમ્પે સાચો લેખાવ્યો હતો. ટ્રમ્પનો આ દાવો ભારત માટે ગંભીર ચિંતાનો વિષય છે કેમ કે ચીન અને પાકિસ્તાન જેવા બે પરમાણુ પ્રતિદ્વંદીઓનો બે મોરચા પર ભારત સામનો કરી રહ્યું છે. ■

## બિહારમાં ઘૂસણખોરોને તગેડી મૂકીશું ને તેમની સંપત્તિ ગરીબોમાં વહેંચીશુંઃ યોગી

દરભંગાઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે દાવો કર્યો હતો કે જો બિહારમાં એનડીએ સરકાર પાછી સત્તા પર આવશે તો તે ઘૂસણખોરોને રાજ્યમાંથી તગેડી નાખશે અને તેમની સંપત્તિને ગરીબોમાં વહેચી નાખશે. દરભંગા, મુઝફ્ફરપુર અને સારણ જિલ્લામાં પ્રચારસભાને સંબોધતાં તેમણે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી, આરજેડીના તેજસ્વી યાદવ અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવને ઈન્ડિ યુતિના ત્રણ વાંદરા ગણાવ્યા હતા જે શાસક એનડીએ જે સારાં કાર્યો કરે છે તે જોઈ શકતા નથી. સાંભળી શકતા નથી કે તે અંગે બોલી શકતા નથી. યોગીએ કહ્યું હતું કે મહાત્મા ગાંધીજીના ત્રણ વાંદરાઓ ખરાબ જોતા, સાંભળતા કે બોલતા નહોતા, પરંતુ આપણી પાસે ઈન્ડિ યુતિના એવા ત્રણ વાંદરા છે જેમાં પપ્પુ એનડીએ કરેલા સારા કાર્યો જોઈ શકતો નથી, ટપુ સાંભળી શકતો નથી અને અક્કુ બોલતી વખતે આનો મહિમા કરતો નથી.

યોગીએ આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષ જ્ઞાતિ અને કાયમી રમખાણો વડે લોકોને વિભાજિત કરે છે. આપણે સંકલ્પ લઈએ કે 'ના બટેગેં, ના કટેંગે' (એજન્સી)■

## અમેરિકી શટડાઉન હજી લંબાશેઃ ટ્રમ્પ ડેમોક્રેટ સામે નમવા તૈયાર નથી

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે સરકારના કામકાજને ફરીથી શરૂ કરવા માટે ડેમોક્રેટ્સ તેમને બાનમાં પકડી નહીં શકે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સરકારી શટ ડાઉન છઠ્ઠા અઠવાડિયામાં પ્રવેશ વાટાઘાટો કરવાની તેમની કોઈ યોજના નથી. રવિવારે પ્રસારિત કરાયેલા સીબીએસના ૬૦ મિનિટ્સ કાર્યક્રમમાં એક ઇન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું હતું કે સ્વાસ્થ્ય સેવા સબિસિડી વધારવાની માંગ કરી રહેલા ડેમોક્રેટ્સ પોતાનો રસ્તો ભૂલી ગયા છે અને આગાહી કરી હતી કે તેઓ આખરે રિપબ્લિકન સમક્ષ શરણાગતિ સ્વીકારશે. તેમણે કહ્યું હતું કે તેઓ ત્યાં સુધી વાતચીત નહી કરે જ્યાં સુધી તેઓ સરકારના કામકાજને ફરીથી શરૂ કરવા માટે મતદાન કરતા નથી.

ટ્રમ્પે કહ્યું હતું કે મને લાગે છે કે તેમને મતદાન કરવું પડશે અને જો તેઓ મતદાન નહીં કરે તો તે તેમની સમસ્યા છે. ટ્રમ્પના નિવેદનથી સંકેત મળે છે કે શટડાઉન થોડા સમય માટે ચાલુ રહી શકે છે કારણ કે એર ટ્રાફિક કંટ્રોલર્સ સહિત ફેડરલ કર્મચારીઓ વધારાનો પગાર મળશે નહીં અને એ વાતને લઈને પણ અનિશ્ચિતતા છે કે ફેડરલ ફૂડ સહાય (જુઓ પાનું ૨) ▸▸

**પાંચ અબજ ડૉલરનો જંગી લશ્કરી સોદો**

## ચીન પહેલી સબમરીન પાકિસ્તાનને ૨૦૨૬માં આપશે

બીજિંગ : પાકિસ્તાન ૨૦૨૬માં તેની પહેલી ચીની સબમરીન નૅવીમાં સામેલ કરશે. પાંચ અબજ ડૉલરના આ સોદા હેઠળ પાકિસ્તાનને કુલ આઠ હૅન્ગર-ક્લાસ સબમરીન મળશે, જેમાંથી પહેલી આવતા વર્ષ સુધીમાં પાકિસ્તાન નેવીમાં સામેલ થશે.

પાકિસ્તાન નૌકાદળને આશા છે કે તેની પહેલી ચીની ડિઝાઇનવાળી સબમરીન આવતા વર્ષે સેવામાં સામેલ થશે. દેશના ટોચના એડમિરલે ચીનના સરકારી મીડિયાને આ જાણકારી આપી હતી. તેનાથી પ્રાદેશિક હરીફ ભારતનો સામનો કરવા અને મધ્ય પૂર્વ તરફ પોતાની શક્તિ વધારવાના ચીનનના પ્રયાસને બળ મળશે.

એડમિરલ નવીદ અશરફે રવિવારે ગ્લોબલ ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતુ કે પાકિસ્તાનને ૨૦૨૮ સુધીમાં આઠ હૅન્ગર-ક્લાસ સબમરીન સોંપવાના ચીન (જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત વર્લ્ડ ચેમ્પિયન, મહિલા ક્રિકેટરોની મહાન સિદ્ધિ

**ભારતની** દીકરીઓએ વીમેન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં હરાવી ભારત ટોસ હારેલું પણ મેચ જીતી ગયું.

સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી પછી ભારતે ૭ વિકેટ ગુમાવીને ૨૯૮ રન કરેલાં પણ ૨૯૯ના ટાર્ગેટ સામે આફ્રિકાની છોકરીઓ વામણી સાબિત થઈ. ભારતની દીકરીઓએ ૧૫ ઓવર થતાં સુધીમાં જ બે વિકેટો પાડીને આફ્રિકાને દબાણમાં લાવી દીધેલું ને આફ્રિકાની ટીમ આ દબાણમાંથી બહાર આવી જ ના શકી. નિયમિત અંતરે વિકેટો પડતી ગઈ ને છેવટે ૪૬મી ઓવરમાં ૨૪૬ રને આફ્રિકાના વાવટા સંકેલાઈ જતાં ભારત ચેમ્પિયન બની ગયું.

પુરુષો માટેનો વન ડે વર્લ્ડ કપ પહેલી વાર ૧૯૭૫માં રમાયેલો ને તેના બે વર્ષ પહેલાં ૧૯૭૩માં વીમેન્સ વર્લ્ડ કપની શરૂઆત થયેલી પણ ભારતે તેમાં ભાગ લીધો ન હતો. ૧૯૭૮માં ડાયના એડલજીની કેપ્ટન્સીમાં ભારતની ટીમ પહેલી વાર વર્ડ કપ રમી પણ અત્યાર સુધી કદી ચેમ્પિયન નહોતી બની. ૨૦૦૫માં ભારતની ટીમ પહેલીવાર ફાઈનલમાં પહોંચેલી પણ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ હતી.

૨૦૧૭માં ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવીને ભારતની ટીમ ફાઈનલમાં પહોંચેલી પણ ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હારી ગઈ હતી તેથી બધાં ઉચાટમાં હતાં પણ આ વખતે આપણી દીકરીઓએ કોઈ ચૂક ના કરી અને ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી લીધી. ભારતીય ટીમ માટે આ સિદ્ધિ મોટી છે કેમ કે ઈન્ડિયા વુમન્સ સિનિયર ટીમ પહેલી વાર આઈસીસી ટ્રોફી જીતી છે. આપણી મહિલા ટીમ પહેલાં ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી પણ હારી ગયેલી.

ફાઈનલમાં ભારતને જીતાડવામાં ઘણાં બધાંનું યોગદાન છે પણ સૌથી શાનદાર દેખાવ દીપ્તિ શર્મા અને શેફાલી વર્માનો છે. દીપ્તિ શર્માએ ફાઈનલમાં ૫૮ રન ફટકાર્યા અને પાંચ વિકેટ લઈને અકલ્પનિય ઓલરાઉન્ડ પરફોર્મન્સ કર્યું. શેફાલીએ ૮૭ રન ફટકાર્યા અને પછી ૨ વિકેટ લીધી. સ્મૃતિ મંધાનાએ ૪૫ અને રિચા ઘોષે ૩૪ રન બનાવીને મહત્ત્વનું યોગદાન આપ્યું.

ભારતને ચેમ્પિયન બનાવવામાં જેમિમાહ રોડ્રિગ્ઝ અને શેફાલી વર્માના યોગદાનની ખાસ નોંધ લેવી પડે. જેમિમાહે સાત વારની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમ સામે સેમી ફાઈનલમાં અણનમ સદી ફટકારી તેમાં ભારત ૩૩૯ રનનો સ્કોર ચેઝ કરીને ફાઈનલમાં પહોંચ્યું હતું. ફાઈનલમાં ઓપનર શેફાલી વર્માએ ૭૮ બોલમાં ૮૭ રનની ધમાકેદાર ઈનિંગ રમીને ભારતનો સ્કોર ૩૦૦ રનની નજીક પહોંચાડ્યો.

રસપ્રદ વાત એ છે કે, જેમિમાહ અને શેફાલી બંને નસીબના જોરે ટીમમાં આવી હતી. જેમિમાહે વર્લ્ડ કપની વોર્મ અપ મેચમાં ઈંગ્લેન્ડ સામે ૬૬ રન કરીને સારી શરૂઆત કરેલી પણ વર્લ્ડ કપની પહેલી મેચમાં ઝીરોમાં ઉડેલી. જેમિમાહે વર્લ્ડકપની ૪ મેચમાં માત્ર ૬૫ રન કરેલા ને તેમાં બે વાર તો ઝીરોમાં આઉટ થતાં પડતી મૂકી દેવાઈ હતી. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારત માટે જીત અનિવાર્ય હતી તેથી જેમિમાહને પાછી લેવાઈ.

આ મેચમાં જેમિમાહે ૭૬ રન બનાવીને ટીમની જીતમાં યોગદાન આપ્યું અને ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં અણનમ ૧૨૭ રનની ઇનિંગ્સ રમીને ટીમને ફાઇનલ સુધી પહોંચાડી. જેમિમાહએ ફાઇનલમાં ૨૪ રન જ કર્યા પણ સેમી ફાઈનલમાં પોતાનું કામ કરી દીધેલું.

શેફાલી વર્મા તો વર્લ્ડ કપ માટેની ટીમમાં જ નહોતી. શેફાલી વર્માને ખરાબ ફોર્મને કારણે એક વર્ષ પહેલાં જ વન-ડે ટીમમાંથી ઘરભેગી કરી દેવાઈ હતી અને વર્લ્ડ કપ માટેની ટીમમાં પણ પસંદ કરવામાં આવી નહોતી પણ શેફાલીનું નસીબ જોર કરતું હશે કે ૨૬ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામેની મેચમાં નિયમિત ઓપનર પ્રતિકા રાવલ ઘાયલ થતાં શેફાલીને પ્રતિકાના સ્થાને લેવાઈ હતી. એ જ શેફાલીએ ફાઇનલ મેચમાં ૮૭ રનની ઇનિંગ્સ રમી અને બે મહત્ત્વની વિકેટ પણ લીધી. ટીમમાં જ નહોતી એવી શેફાલી પ્લેયર ઑફ ધ ફાઈનલ બની.

ક્રિકેટમાં કોઈ એક ખેલાડી અકલ્પનિય રમત બતાવીને એકલા હાથે ટીમને જીતાડી દે એવું ભાગ્યે જ બને છે. બાકી તો ટીમના તમામ ખેલાડી નાનું-મોટું યોગદાન આપે તો જ ટીમ જીતી શકે ને આ ફાઈનલે આ વાત સાબિત કરી દીધી, કેટલાક અપવાદોને બાદ કરતાં ક્રિકેટ ટીમ ગેઈમ છે એ સાબિત કરી દીધું. સેમી ફાઈનલમાં ભારતીય ટીમ જેમિમાહ રોડ્રિગ્ઝની યાદગાર ઈનિંગના કારણે ઓસ્ટ્રેલિયા સામે જીત્યું હતું પણ જેમિમાહને ટીમની બીજી છોકરીઓનો પણ સાથ મળ્યો હતો. પહેલાં હરમનપ્રીત કૌર સાથે તોતિંગ ભાગીદારી અને પછી દીપ્તિ શર્મા, રીચા ઘોષ અને અમનજીત કૌર સાથે નાની નાની પણ ઓછા બોલમાં વધારે રનની મહત્ત્વની ભાગીદારીઓના જોરે જેમિમાહે ભારતને જીત અપાવી હતી.

ભારત સામેની ફાઈનલમાં સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ટે જેમિમાહ જેવી જ યાદગાર ઈનિંગ રમી પણ તેને સામે કોઈનો સાથ ના મળ્યો તેમાં સાઉથ આફ્રિકન ટીમ ના જીતી શકી. લૌરા વોલ્વાર્ટે ૯૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૧ સિક્સર સાથે ૧૦૧ રન કરીને આફ્રિકા માટે જરૂરી ઝડપી રમત બતાવી પણ બીજી કોઈ ખેલાડી સામે ટકી ના શકી તેમાં લૌરા વોલ્વાર્ટની મહેનત પર પાણી ફરી વળ્યું. લૌરા વોલ્વાર્ટે ૪૦મી ઓવરમાં સદી પૂરી કરી એ પહેલાં આફ્રિકાની ૬ વિકેટો ખખડી ચૂકી હતી. લૌરા વોલ્વાર્ટે ૫૦-૫૦ રનની ત્રણ ભાગીદારીઓ બીજી ખેલાડીઓ સાથે કરી પણ ૨૯૯ રનનો સ્કોર ચેઝ કરવા શરૂઆતમાં જ કમ સે કમ એક સદીની ભાગીદારી જોઈએ પણ આફ્રિકાની કોઈ ખેલાડી ટકી જ ના શકી તેથી લૌરા વોલ્વાર્ટની સદીની પણ કોઈ કિંમત ના રહી.

લૌરા વોલ્વાર્ટે સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પણ આવી જ યાદગાર ઈનિંગ રમી હતી અને ૧૬૯ રન બનાવ્યા હતા. માત્ર ૧૪૩ બોલમાં ૨૦ ચોગ્ગા અને ૪ સિક્સર સાથે ૧૬૯ રન ઝીંકીને લૌરા વોલ્વાર્ટે આફ્રિકાના સ્કોરને ૩૦૦ને પાર કરાવેલો પણ એ વખતે ઓપનિંગમાં તઝમિન બ્રિટ્સે ૧૧૬ રનની ભાગીદારી કરેલી ને પાછળથી મારીઝેન કેપ સાથે ૮૯ રનની ભાગીદારી કરેલી. ફાઈનલમાં ભારતીય છોકરીઓએ એવી મોટી ભાગીદારી જ ના થવા દીધી તેમાં લૌરા વોલ્વાર્ટે સતત બીજી સદી ફટકારી હોવા છતાં આફ્રિકાને ના જીતાડી શકી.

ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમ માટે ૨૦૨૫ની આ વર્લ્ડ કપ જીત મોટી સિદ્ધિ તો છે જ પણ ટર્નિંગ પોઈન્ટ પણ સાબિત થઈ શકે છે. ૧૯૮૩માં કપિલદેવના નેતૃત્વમાં ભારતે પહેલી વાર વર્લ્ડ કપ જીત્યો પછી ભારતમાં ક્રિકેટનો જબરદસ્ત ક્રેઝ ઊભો થયો. પહેલાં ક્રિકેટ ટીમને સ્પોન્સર કરવા કોઈ તૈયાર નહોતું થતું. તેના બદલે ક્રિકેટ પાછળ નાણાં ખર્ચવા પડાપડી થવા માંડી અને આજે ભારત ક્રિકેટમાં મહાસત્તા છે. ક્રિકેટના કારણે ભારતમાં જબરદસ્ત ઈકોનોમી ઊભી થઈ છે. વીમેન્સ વર્લ્ડકપની જીત મહિલા ક્રિકેટમાં પણ આ રીતે જ નાણાંની રેલમછેલલ કરાવે અને ભારતને વીમેન્સ ક્રિકેટમાં પણ સુપર પાવર બનાવે એવી આશા રાખી શકાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૪-૧૧-૨૦૨૫, વૈકુંઠ ચતુર્દશી, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય)

- ભારતીય દિનાંક ૧૩, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૨-૩૪ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૨-૩૪ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા. સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સવારે ક. ૧૦-૨૫, રાત્રે ક. ૨૩-૧૮ ઓટઃ સાંજે ક. ૧૬-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૪ (તા. ૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ - ચતુર્દશી. વૈકુંઠ ચતુર્દશી, બડાઓસા (બિહાર), પંચક સમાપ્તિ સવારે ક. ૧૨-૩૪. મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) બપોરે ક. ૧૨-૩૪થી સૂર્યોદય, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૬. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મધ્યાહન પછી રાહુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગમાં શ્રી યંત્ર પૂજા, બ્રાહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળિ રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર, પ્રતિષ્ઠા, પૂજા, દેવીસુક્ત, ચંડીપાઠ આદિ અનુષ્ઠાન, પૂષાદેવતાનું પૂજન, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, માલ લેવો, બી વાવવું, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર.
- આચમનઃ મંગળ-નેપ્ચૂન ત્રિકોણ તીવ્ર સંવેદનાવાળા, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, પરિવારમાં ઉપાધિઓ આવે, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ બદનામીનો ભય, મંગળ-હર્ષલ પ્રતિયુતિ સમતોલપણા વિનાના
- ખગોળ જ્યોતિષઃ મંગળ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, મંગળ-હર્ષલ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્યતુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મેહુલ ચોકસીએ પ્રત્યર્પણને બૅલ્જિયમ કોર્ટમાં પડકારી

નવી દિલ્હીઃ ભાગેડુ હીરાના વેપારી મેહુલ ચોકસીએ તેની ભારતને સોંપણી કરવાના ઍન્ટવર્પ કોર્ટ ઑફ અપીલના ૧૭ ઑક્ટોબરના આદેશને બૅલ્જિયમની સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ઍન્ટવર્પ કોર્ટ ઑફ અપીલના વકીલના જણાવ્યાનુસાર ચોકસીએ તેની ભારતને સોંપણી કરવાના ઍન્ટવર્પ કોર્ટ ઑફ અપીલના આદેશ વિરુદ્ધ બૅલ્જિયમની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. આ અપીલ કાયદાકીય ધારાધોરણ પૂરતી મર્યાદિત છે અને અહીંની સુપ્રીમ કોર્ટ એ અંગે નિર્ણય લેશે. આ પ્રક્રિયા દરમિયાન ચોકસીની સોંપણીનો અમલ રદ ગણાશે, એમ તેમણે કહ્યું હતું. ભાગેડુ ચોકસી પંજાબ નેશનલ બૅંક સાથે કરવામાં આવેલી કથિત ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો મુખ્ય આરોપી છે. (એજન્સી)■

## રખડતા શ્વાનોને ફીડિંગને મામલે શુક્રવારે સુપ્રીમ કોર્ટ આદેશ આપશે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે તે સરકારી અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓ સહિતની સંસ્થાઓમાં રખડતા કૂતરાઓના ખતરાના સંદર્ભમાં સાતમી નવેમ્બરના રોજ નિર્દેશો જાહેર કરશે, જ્યાં કર્મચારીઓ કૂતરાઓને ખવડાવે છે અને સાચવી રહ્યા છે. જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બનેલી ત્રણ જજોની ખંડપીઠ આ મામલાની સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ નાથે કહ્યું હતું કે હાજરીઓ અને સોગંદનામા દાખલ કરવા સિવાય અમે સરકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં સંસ્થાગત ખતરાના સંબંધમાં પણ કેટલાક નિર્દેશ જાહેર કરીશું જ્યાં કર્મચારીઓ કૂતરાઓને ખવડાવે છે અને સાચવી રહ્યા છે. એટલા માટે અમે ચોક્કસપણે કેટલાક નિર્દેશો જાહેર કરીશું, આ મામલામાં હાજર રહેલા એક વકીલે બેન્ચને વિનંતી કરી હતી કે આ મુદ્દા પર નિર્દેશો પસાર કરતા પહેલા તેમની વાત સાંભળવવામાં આવે.

જસ્ટિસ મહેતાએ કહ્યું હતું કે સંસ્થાકીય બાબતો માટે અમે કોઈ દલીલો સાંભળવાના નથી. માફ કરશો. બેન્ચે કહ્યું હતું કે મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તેમની સમક્ષ હાજર હતા.

કેરળના મુખ્ય સચિવ દ્વારા દાખલ કરાયેલી મુક્તિ અરજીનો સ્વીકાર કરી લેવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે રાજ્યના એક મુખ્ય સચિવ કોર્ટમાં હાજર હતા. ■

## ટૅરિફ-ટેરરની વર્તાતી અસરઃ ભારતની અમેરિકા માટેની નિકાસ ૩૭.૫ ટકા ઘટી

નવી દિલ્હી : અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા ટૅરિફ વૉરની અસર ભારતની નિકાસ પર પડી છે. જેમાં ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવના પ્રકાશમાં આવેલા આંકડાઓ મુજબ મે અને સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસમાં ૩૭.૫ ટકાનો ઘટાડો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો માનવામાં આવે છે. અમેરિકાએ ટૅરિફ વૉરની શરૂઆત કરતા એપ્રિલ ૨૦૨૫માં ભારતના સામાન પર ૧૦ ટકા ટૅરિફ ઝીંક્યો હતો. ઓગસ્ટમાં માસમાં વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યો છે. આને પગલે ભારતની અમેરિકામાં નિકાસ ૮.૮ અબજ ડોલરથી ઘટીને ૫.૫ અબજ ડોલર થઈ ગઈ છે. ભારતની અત્યાર સુધીની અમેરિકી બજારમાં કરાયેલી સૌથી ઓછી નિકાસ છે. આ ઉપરાંત વધારેલા ટૅરિફની સૌથી વધુ અસર ટૅરિફ-મુક્ત માલ સામાન પર પડ્યો હતો. ભારતથી અમેરિકામાં નિકાસ થતી ત્રીજા ભાગનો હિસ્સો ધરાવતી વસ્તુઓના નિકાસમાં ૪૭ ટકાનો ઘટાડો થયો છે. આ નિકાસ મે મહિનામાં ૩.૪ અબજ ડોલર હતી તે ઘટીને સપ્ટેમ્બર માસમાં ૧.૮ અબજ ડોલર થઈ ગઈ. ભારતની સ્માર્ટફોન નિકાસમાં ૫૮ ટકાનો ઘટાડો થયો છે. નિકાસ મે મહિનામાં ૨.૨૯ અબજ ડોલરથી ઘટીને સપ્ટેમ્બરમાં માત્ર ૮૮.૪૬ મિલિયન કરોડ થઈ ગઈ છે. આ ઉપરાંત ભારતમાંથી ટેક્સટાઈલ, રત્નો, ઝવેરાત, કેમિકલ અને કૃષિ-ખાદ્ય પદાર્થોમાં સામૂહિક રીતે ૩૩ ટકા ઘટાડો થયો. ખાસ કરીને રત્નો અને ઝવેરાત ક્ષેત્રમાં ૬૦ ટકાનો મોટો ઘટાડો થયો. આ અહેવાલ અનુસાર આ ક્ષેત્રમાં નિકાસમાં ઘટાડાને કારણે થાઈલેન્ડ અને વિયેટનામ જેવા દેશોએ ભારતનો બજાર હિસ્સો છીનવી લેવાનું શરૂ કર્યું છે. ■

## સીએ ફાઉન્ડેશનની પરીક્ષામાં મુંબઈનો નીલ શાહ ત્રીજો

મુંબઈ : સપ્ટેમ્બર ૨૦૨૫માં લેવાયેલી સીએ ફાઉન્ડેશન એક્ઝામમાં ૯૮,૮૨૭ ઉમેદવારમાંથી ૧૪,૬૦૯ ઉમેદવારો પાસ થયા હતા. આનું રિઝલ્ટ ૧૪.૭૮ ટકા આવ્યું હતું. સીએ ઈન્ટરમીડીયેટના પહેલા ગ્રૂપમાં ૯.૪૩ ટકા અને ગ્રૂપ બેમાં ૨૭.૧૪ ટકા ઉમેદવારો પાસ થયા હતા. સીએ ફાઈનલમાં ૨૫.૨૬ ટકાનું રિઝલ્ટ આવ્યું હતું. સીએ ફાઉન્ડેશનમાં એલ રાજલક્ષ્મી પહેલી આવી હતી. તેણે ૪૦૦માંથી ૩૦૬ માર્ક મેળવ્યા હતા. બીજા નંબરે પ્રેમ અગ્રવાલ અને ત્રીજા નંબરે નીલ રાજેશ શાહ રહ્યાં હતાં. સીએ ફાઈનલમાં મધ્ય પ્રદેશના મુકુંદ અગ્રવાલ ૮૩.૩૩ ટકા સાથે પ્રથમ આવ્યો હતો. બીજા ક્રમાંકે હૈદરાબાદનો તેજસ મુંદજૈ અને ત્રીજા ક્રમે અલવરનો બકુલ ગુપ્તા આવ્યો હતો.

ઈન્ટર એક્ઝામમાં જયપુરની નેહા ખાનવાની ૬૦૦માંથી ૫૦૫ માર્ક મેળવીને પ્રથમ આવી હતી. અમદાવાદની કૃતિ શર્મા બીજી આવી હતી. મુંબઈનો અક્ષત વિરેન્દ્ર નોટિયાલ ત્રીજો આવ્યો હતો. ■

## દરવાજા પરથી ખસવાની ના પાડનાર મહિલાને ટ્રેનમાંથી ફેંકી દીધી

તિરુવનંતપુરમઃ વરકલા નજીક નશામાં ધૂત પુરુષે દરવાજા પાસેથી ખસવાનો ઇનકાર કરનાર એક મહિલા મુસાફરને ચાલતી ટ્રેનમાંથી ધક્કો મારીને બહાર ફેંકી હતી. આ ઘટનાનો એફઆઈઆરમાં કરાયો છે.

એફઆઈઆર મુજબ, પાનાચામુડુના સુરેશ કુમાર (૫૦) તરીકે ઓળખાતા આરોપીએ ગુસ્સામાં પાલોદની ૨૦ વર્ષીય શ્રીકુટ્ટીને ટ્રેનમાંથી ધક્કો મારી દીધો હતો. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાયલ મહિલાની હાલતમાં સુધારો થયો છે, પરંતુ તે હજુ પણ આઈસીયુમાં છે.

તિરુવનંતપુરમ રેલ્વે પોલીસે કુમાર સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૧૦૯ હેઠળ હત્યાના પ્રયાસનો કેસ નોંધ્યો છે.

શ્રીકુટ્ટી અને તેની મિત્ર અર્ચના (૧૯) પીટીપી નગરમાં રહે છે, જે અલુવાથી તિરુવનંતપુરમ જઈ રહેલી કેરળ એક્સપ્રેસના અનરિઝર્વ્ડ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.

શ્રીકુટ્ટીએ દરવાજા પાસેથી ખસવાનો ઇનકાર કર્યા પછી, આરોપીએ ગુસ્સામાં આવીને તેને પાછળથી લાત મારીને ચાલતી ટ્રેનમાંથી બહાર ધકેલી દીધી હતી, તેવું એફઆઈઆરમાં જણાવાયું છે. ■

## વિપક્ષને વારંવાર વખોડતા પીએમ હવે 'અપમાન મંત્રાલય' રચેઃ પ્રિયંકા

સહરસાઃ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે વિપક્ષી નેતાઓ પર દેશ અને બિહારનું અપમાન કરવાનો આરોપ લગાવવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમ જ વડા પ્રધાને 'અપમાન મંત્રાલય' બનાવવું જોઇએ, એવું સૂચન કર્યું હતું.બિહારના સહરસા જિલ્લાના સોનબરસામાં એક ચૂંટણી રેલીને સંબોધતા કોંગ્રેસના મહાસચિવે કહ્યું કે વડા પ્રધાન અવારનવાર વાસ્તવિક મુદ્દાઓથી આડે ફંટાઈ જાય છે. પ્રિયંકાએ કટાક્ષ કરતાં કહ્યું કે વિકાસ અને બિહારમાં છેલ્લા બે દાયકાના શાસન દરમિયાન એનડીએએ શું કર્યું છે તેના વિશે વાત કરવાને બદલે વડા પ્રધાન દરેક વિપક્ષી નેતા પર દેશ અને પૂર્વીય રાજ્યનું અપમાન કરવાનો આરોપ લગાવતા રહે છે. તેમણે એક નવું મંત્રાલય- 'અપમાન મંત્રાલય'-બનાવવું જોઇએ, કારણ કે તેમની સરકાર તેના પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી હોય તેવું લાગે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### તેલંગણામાં

એક્સકેવેટરની મદદ લેવી પડી હતી. પોલીસના જણાવ્યા મુજબ કે આ અકસ્માતમાં બસ અને ટ્રકના ડ્રાઇવરો મૃત્યુ પામ્યા, મૃતકોમાં એક દસ મહિનાનું બાળક અને તેની માતાનો સમાવેશ થાય છે. વડા પ્રધાન અને તેલંગણાના મુખ્ય પ્રધાન એ રેવંત રેડ્ડીએ આ અકસ્માત અંગે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

### ડ્રાઈવરની બાજુના પેસેન્જર માર્યા ગયા, કન્ડકટરની બાજુના પ્રવાસી બચી ગયા

હૈદરાબાદ : તેલંગણામાં થયેલા ખતરનાક બસ અકસ્માતમાં બસ ડ્રાઈવરની પાછળ રહેલા પેસેન્જર મરણ પામ્યાં હતાં, જ્યારે કન્ડકટરની પાછળ રહેલા પેસેન્જર બચી ગયા હતા, એવી માહિતી બચી જનારા એખ પેસેન્જરે આપી હતી. ■

### ભારતીય મહિલા

મહિલાઓની જીત સીમાઓ તોડીને અને રમતગમતમાં યુવા છોકરીઓની પેઢીને પ્રેરણા આપીને સમાન અને કદાચ વધુ વ્યાપક સાંસ્કૃતિક પરિવર્તન લાવી રહી છે.

ભારતીય ક્રિકેટ માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણમાં હરમનપ્રીત કૌરની કેપ્ટનશિપ હેઠળની મહિલા ટીમે ઇતિહાસમાં પોતાનું નામ લખાવ્યું છે, જેમાં તેણે પોતાનો પહેલો આઈસીસી મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫નું ટાઈટલ જીત્યું છે. ટીમે નવી મુંબઈના ખીચોખીચ ભરેલા ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાયેલી ધમાકેદાર ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને બાવન રનથી હરાવ્યું હતું અને ૨૦૦૫ અને ૨૦૧૭ની ફાઇનલમાં મળેલી હાર બાદ આખરે અંતિમ સીમા પાર કરી હતી.■

### જયપુરમાં

સત્તાવાળાઓને તબીબી સારવારમાં કોઈ ચુક ન થાય એની તકેદારી લેવા કહ્યું હતું. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગેહલોટે પણ આ બનાવ અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. પોલીસે આવીને આખા વિસ્તારને ઘેરી લીધો. પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું છે કે ડમપરના ડ્રાઈવરે દારૂ પીધો હતો. ■

### ડિજિટલ અરેસ્ટ

તેમના પર નાણાં આપવાનું દબાણ આણે છે. જસ્ટિસ સૂર્યકાંત, ઉજ્જલ ભુયાન અને જોયમાલા બાગચીની બનેલી બેન્ચે આમાં અદાલતને મદદ કરવા અદાલતના મિત્રની નિમણૂક કરી છે. અદાલતને ગૃહ મંત્રાલય અને સેન્ટર બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન તરફથી સીલ કરેલાં કવરમાં અહેવાલ આપવામાં આવ્યાં હતાં. બેન્ચે કહ્યું હતું કે એ આઘાતજનક છે કે સિનિયર સિટિઝન સહિતના પીડિતો પાસેથી ડિજિટલ અરેસ્ટના નામે ૩,૦૦૦ કરોડ રૂપિયા પડાવામાં આવ્યા છે. જો અમે કડક અને આકરા હુકમ નહીં આપીએ તો આ સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરશે. (એજન્સી) ■

### ચીન પહેલી

સાથેનો કરાર સરળતાથી આગળ વધી રહ્યો છે તેમણે જણાવ્યું હતું કે, આ સબમરીન ઉત્તર અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરમાં પેટ્રોલિંગ કરવાની પાકિસ્તાનની ક્ષમતાને વધારશે.

ચીનની સબમરીન ડીલ પર અપડેટ મે મહિનામાં પાકિસ્તાનની વાયુસેના દ્વારા ફ્રાન્સ દ્વારા બનાવેલા ભારતીય વાયુસેનાના રાફેલ વિમાનને તોડી પાડવા માટે ચીનના જે-૧૦ ફાઇટર જેટનો ઉપયોગ કર્યા પછી આવ્યું છે. પરમાણુ હથિયારોથી સજ્જ બન્ને પડોશીઓ વચ્ચેના આ વિવાદે લશ્કરી સમુદાયમાં ઘણા લોકોને આશ્ચર્યચકિત કર્યા અને ચીની વિકલ્પો પર પશ્ચિમી શસ્ત્રોની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા હતા. ■

### બિહારમાં

અને ગંગા નદી બિહારમાં વિનાશક પૂર લાવે છે. એનડીએ સત્તા પર આવશે તો બિહારને પૂરમુક્ત કરવા પંચની રચના કરશે, એમ તેમણે કહ્યું હતું.

અમે રાજ્યમાં ડિફેન્સ કોરિડોર સ્થાપીશું તેમ જ રાજ્યના પ્રત્યેક જિલ્લામાં એમએસએમઈ અને ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું નિર્માણ કરવા ઉપરાંત ફેક્ટરીઓ પણ શરૂ કરીશું, એમ તેમણે કહ્યું હતું. સીતા મંદિરના અભિષેક દિને સીતામઢીથી અયોધ્યા માટે વંદે ભારત ટ્રેન શરૂ કરીશું. (એજન્સી)■

### ઈડીએ

ઑર્ડર બહાર પાડ્યા હતા.

ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિમાં દિલ્હીના મહારાજ રણજિતસિંહ માર્ગસ્થિત રિલાયન્સ સેન્ટર, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અનેક સંપત્તિ, દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, પુણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ અને પૂર્વ ગોદાવરીસ્થિત અમુક કંપનીઓનો સમાવેશ થાય છે.

ઈડી દ્વારા ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિમાં મુંબઈના ચર્ચગેટસ્થિત 'નાગિન મહલ' ઈમારતમાં આવેલી ઑફિસ નોઈડામાં બીએચએ મિલેનિયમ અપાર્ટમેન્ટસ્થિત ફ્લેટ, હૈદરાબાદસ્થિત કૅમસ કેપ્રી અપાર્ટમેન્ટનો પણ સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યાનુસાર ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિનું કુલ મૂલ્ય ૭,૫૪૫ કરોડ રૂપિયા જેટલું થાય છે. (એજન્સી)■

### અમેરિકી

મેળવનારા ૪.૨ કરોડ અમેરિકનો સહાય મેળવી શકશે કે નહીં.

સેનેટના ડેમોક્રેટ્સે સરકાર ફરી શરૂ કરવા માટે અત્યાર સુધી ૧૩ વખત મતદાન કર્યું છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ટ્રમ્પ અને રિપબ્લિકન પહેલા અફોર્ડેબલ કેર એક્ટ સબસિડીના વિસ્તરણ પર વાટાઘાટો કરવી પડશે જે વર્ષના અંતમાં સમાપ્ત થનારી છે.

### ફ્લાઈટ્સ વિલંબમાં

અમેરિકામાં ચાલી રહેલા શટડાઉનના લીધે લોકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. જેમાં હવે ઍર ટ્રાફિક કન્ટ્રોલરની અછતના લીધે ફ્લાઈટ સંચાલનમાં મુશ્કેલી ઉભી થઈ છે. જેના લીધે ફ્લાઈટના સમયમાં વિલંબ થઈ રહ્યો છે.

જેમાં ન્યૂ યોર્ક શહેરના નેવાર્ક એરપોર્ટ પર ફ્લાઈટના સમયમાં બે થી ત્રણ કલાકનો વિલંબ થઈ રહ્યો છે. આ વિલંબના લીધે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ■

# સાવરકુંડલાની નિઃ શુલ્ક હૉસ્પિટલ

## શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નેત્ર વિભાગમાં છેલ્લા પાંચ મહિનામાં દ્વિતીય રસપ્રદ, અનોખો વધુ જટિલ કેસ

## સમગ્ર તબીબી જગતમાં પણ કુતૂહલ

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા (૧૦૦% નિઃશુલ્ક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ) ખાતે છેલ્લાં ચાર વર્ષથી આંખનો (ઓપ્થાલ્મોલોજી) વિભાગ સફળતાપૂર્વક કાર્યરત છે.

અહીં છેલ્લાં એક વર્ષથી ડૉ મૃગાંક પટેલ ફૂલટાઇમ ઓપ્થાલ્મોલોજીસ્ટ ડૉક્ટર તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. ડૉ. મૃગાંક પટેલ કે જેઓ એક અનુભવી ઓપ્થાલ્મોલોજીસ્ટ છે અને ઘણા બધા જટિલ ઓપરેશન ખૂબ જ સરળતા-પૂર્વક કરી ચૂક્યા છે. અહીં જટિલ મોતિયો, વેલ તથા આંખમાં છારી બાજી જવાના ઓપરેશન નિયમિત કરવામાં આવે છે. આટલી બધી અદ્યતન સેવાઓ ૧૧ વર્ષથી નિઃશુલ્ક આપવામાં આવે છે સાથે પૂજ્ય મોરારીબાપુના આશિર્વાદ છે.



અતિ આધુનિક માઈક્રોસ્કોપમાં દેખાતા જંતુ

આ વિભાગમાં તાજેતરમાં જ એક અનોખો અને રસપ્રદ કેસ આવ્યો કે જેમાં ૬૬ વર્ષીય મહિલા આંખના વિભાગમાં બતાવવા માટે આવેલ કે જેમને છે છેલ્લાં દોઢ મહિનાથી આંખની પાંપણમાં ખુબ જ દુખતું હતું, ખૂબ ખંજવાળ આવતી હતી અને આંખ લાલ થયેલી હતી જેના લીધે તેઓને ઊંઘ પણ નહોતી આવતી. આ મહિલાએ સુરતમાં બે થી ત્રણ હૉસ્પિટલોમાં બતાવેલ, પરંતુ કોઈ ફરક પડ્યો ન હતો અને કોઈ ચોક્કસ નિદાન થયેલ નહિ. ડૉ. મૃગાંક પટેલ સાહેબ દ્વારા મહિલાની આંખની જીણવટપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું તે ખરેખર આશ્ચર્યજનક હતું. જેમાં મહિલાની આંખની પાંપણમાં જીવિત જંતુ હતા એ પણ એક બે નહિ ઘણી બધી સંખ્યામાં...!!!

જે માટે ઓપરેશન કરી આ જંતુઓને તાત્કાલિક કાઢવા પડે તેમ હતા.ડૉ પટેલ સાહેબે આ ઓપરેશન ઇન્જેક્શન વિના ટીપા નાખીને અતિ-આધુનિક માઈક્રોસ્કોપ વડે ખૂબ ધીરજપૂર્વક દોઢ કલાક સુધી કર્યું જે ખરેખર પ્રશંસનીય હતું. આ જટિલ ઓપરેશનમાં ડૉ. મૃગાંક પટેલ અને એમની ટીમની મહેનતથી મહિલાની બંને આંખની પાપણમાંથી કુલ મળીને ૨૫૦ થી વધુ જીવિત જંતુ (માથાની જૂ) તથા ૮૫ થી વધુ ઈંડા કાઢવામાં આવ્યા (જે ફોટામાં એક સફેદ કાગળમાં દેખાઈ રહ્યા છે). આ જટિલ ઓપરેશન બાદ તુરંત જ મહિલાને ખૂબ રાહત નો અનુભવ થયો અને તરત જ રજા આપી દેવામાં આવી.

અતિ જટિલ સફળ ઓપરેશનના બીજા જ દિવસે મહિલાને ફરી જોવા માટે આંખની ઓપીડીમાં બતાવ્યું ત્યારે આંખ એકદમ ચોખ્ખી અને તંદુરસ્ત હતી. આ સફળ ઓપરેશન બાદ મહિલા તથા એમના તેમના પરિવારે અતિ મુશ્કિલ પરિસ્થિતિમાંથી રાહત મેળવી છે અને મહિલાને ઊંઘ પણ ખૂબ સરસ આવી ગઈ. મહિલાના પરિવારે ખૂબ આનંદિત થઈને આરોગ્ય મંદિર વિશે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે અહીંના ડૉક્ટરોએ ખરેખર ઈશ્વર છે અને સંપૂર્ણ આરોગ્ય મંદિરને ખૂબ આશીર્વાદ આપ્યા તેવું આરોગ્ય મંદિરના સતત કાર્યશીલ મેડિકલ સુપરીન્ટેન્ડેન્ટ ડૉ. પ્રકાશ કટારીયા સાહેબની યાદીમાં જણાવવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે આજથી પાંચ મહિના પહેલા પણ એક આઠ વર્ષીય બાળકને આ પ્રકારની ફરિયાદ થયેલ અને આરોગ્ય મંદિરમાં ડૉ. પટેલ સાહેબે તેમનું નિદાન કરી અને ૨૫ થી વધુ જૂ કાઢીને ઓપરેશન કરેલ. અને પાંચ મહિના બાદ આ દ્વિતીય કેસ જેમાં ૨૫૦ થી વધુ જૂ મહિલાને હતી તે બાબત ખરેખર સમગ્ર તબીબી જગતમાં કુતૂહલનો વિષય છે અને બીજી બાજુ નાગરિકો માટે એક આરોગ્યસંભાળ વિશે જાગૃતિ માટેનો પણ આ વિષય છે.

**અતી આધુનિક છતા પણ તદ્દન નિઃશુલ્ક, દાન આપવા માટેની ઉત્તમ જગ્યા શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલા.**

**૧૧વર્ષથી કાર્યરત આ સંસ્થામાં દાન આપવા માટે સંપર્ક:** હરેશ મહેતાઃ 8291 671111 ■ દિવ્યકાંત સૂચકઃ 9820 220120
website: https://shreevidhyaguru.org/

# નવી મુંબઈ - ભીવંડીને જોડતા ૨૧ કિમી લાંબા ફલાયઓવરની યોજના

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ૨૧ કિલોમીટર લાંબો ફ્લાયઓવર બનાવવાની યોજના બનાવી રહી છે શિળફાટા જંકશનને કલ્યાણ થઈને ભિવંડીના રંજનોલી જંકશન સાથે જોડનાર આ કદાચ દેશનો સૌથી લાંબો ફ્લાયઓવર હશે. એમએમઆરડીએના સૂત્રોએ જણાવ્યું હતું કે ડબલ ડેકર ફ્લાયઓવરમાં ચાર લેન રોડ અને મેટ્રો રેલ ટ્રેક હશે. વિરાર-અલીબાગ મલ્ટી મોડલ કોરિડોર અને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર સહિત ઘણા મહત્વના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ એની સાથે સંકળાયેલા હશે.

એમએમઆરડીએના એક અધિકારીએ જણાવ્યું હતું કે સૂચિત ફ્લાયઓવર માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા ટૂંક સમયમાં સલાહકારની નિમણૂક કરવામાં આવશે. સલાહકાર બોલી બોલવાની પ્રક્રિયાનું સંચાલન પણ કરશે અને પ્રોજેક્ટના અમલીકરણની દેખરેખ પણ રાખશે.

હૈદરાબાદ સ્થિત ૧૧ કિલોમીટર લાંબો વિશ્વેશ્વરૈયા ફ્લાયઓવર હાલમાં દેશનો સૌથી લાંબો ફ્લાયઓવર છે અને ૧૬૫ કિમીનો યમુના એક્સપ્રેસ વે સૌથી લાંબો એલિવેટેડ રોડ છે. એન્જિનિયરિંગ ભાષામાં ફ્લાયઓવર શહેરની અંદર એક ટૂંકું બાંધકામ હોય છે, જ્યારે એલિવેટેડ રસ્તો લાંબો અને સામાન્ય રીતે બે શહેરોને જોડે છે. એમએમઆરડીએની યોજના અનુસાર પ્રસ્તાવિત ફ્લાયઓવર જૂના મુંબઈ-પુણે હાઇવે તરીકે પણ ઓળખાતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮ પર શીળફાટાથી શરૂ થઈ ડોમ્બિવલી અને કલ્યાણમાંથી પસાર થઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૬૦ અથવા મુંબઈ - નાશિક હાઇવે પર રંજનોલી જંકશન પર સમાપ્ત થશે. ■

# રાજયના આગામી ડીજીપી માટે એનઆઈએના વડા સહિત ૭ ઉમેદવારો ચર્ચામાં

મુંબઈ: મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) રશ્મી શુક્લા ૩૧ ડિસેમ્બરે નિવૃત્ત થવાના હોવાથી રાજ્યના ગૃહ વિભાગે રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ના વડા સદાનંદ દાતે સહિત સાત આઇપીએસ અધિકારીઓને તેમના અનુગામી તરીકે શોર્ટલિસ્ટ કર્યા છે. આ યાદી શુક્રવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) ને મોકલવામાં આવી હતી, જે અંતિમ વિચારણા માટે ત્રણ નામો પસંદ કરશે. ત્યારબાદ રાજ્ય સરકાર ત્રણમાંથી એક પર રાજ્યના આગામી ડીજીપી તરીકે મહોર લગાવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શોર્ટલિસ્ટ કરાયેલા સાત આઇપીએસ અધિકારીઓમાં એનઆઈએ વડા સદાનંદ દાતે, ડીજીપી (કાનૂની અને ટેકનિકલ) સંજય વર્મા, હોમગાર્ડ્સના કમાન્ડન્ટ જનરલ રિતેશ કુમાર, ડીજીપી(ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો) સંજીવ કુમાર સિંઘલ, ડિરેક્ટર જનરલ (રાજ્ય પોલીસ આવાસ અને કલ્યાણ નિગમ) અર્ચના ત્યાગી, નાગરિક સંરક્ષણ નિર્દેશક સંજીવ કુમાર અને ડીજી (સરકારી રેલવે પોલીસ) પ્રશાંત બુરડેનો સમાવેશ થાય છે. આમાંથી દાતે સૌથી વરિષ્ઠ અધિકારી છે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થવાના છે. વિવિધ કેન્દ્રીય એજન્સીઓ સાથે કામ કરવાનો તેમને બહોળો અનુભવ છે. જો દાતેની પસંદગી કરવામાં આવે તો તેમને મહારાષ્ટ્રના ટોચના પોલીસ અધિકારી તરીકે બે વર્ષનો કાર્યકાળ મળી શકે છે. જોકે તેમની નિમણૂક માટે રાજ્ય સરકારે કેન્દ્રને તેમને એનઆઈએ વડા તરીકેની તેમની વર્તમાન ભૂમિકામાંથી મુક્ત કરવાની વિનંતી હજુ સુધી કરી નથી.

મુખ્ય સચિવ માટે પણ ફડણવીસે ૧૯૮૯ બેચના આઈએએસ અધિકારી રાજેશ અગ્રવાલને રાજ્યમાં પરત બોલાવ્યા છે. ■

# ઠાકરે જૂથના વકીલ અસીમ સરોદેની સનદ રદ

નાગપુરઃ જાણીતા વકીલ એડવોકેટ અસીમ સરોદેનું વકીલાતની સનદ ત્રણ મહિના માટે રદ કરવાનો નિર્ણય મહારાષ્ટ્ર અને ગોવા બાર કાઉન્સિલે સોમવારે લીધો હતો. એક જાહેર કાર્યક્રમમાં ન્યાયતંત્ર, રાજ્યપાલ અને વિધાનસભાના અધ્યક્ષ અંગે વાંધાજનક નિવેદનો આપવા બદલ અસીમ સરોદે સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

શિવસેના પક્ષ અને તેના ચિહ્ન અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં ભાગ લેનારા વકીલોમાં અસીમ સરોદે એક છે. જોકે હવે તેમનું સનદ રદ કરવામાં આવ્યુ છે, તેથી તેઓ કોર્ટમાં દલીલ કરી શકશે નહીં. અસીમ સરોદેએ એક કાર્યક્રમમાં કરેલા વિવાદાસ્પદ નિવેદનો કારણે ન્યાયતંત્રનું અપમાન થયું અને અદાલતો પ્રત્યે અવિશ્વાસ ઊભો થયો હોવાની ફરિયાદ એક ફરિયાદીએ કરી હતી. આ અંગે બાર કાઉન્સિલમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !
આજે જ રાત્રે લો, સવારે OK!
9422011723

**રાજ્યમાં બ્લડની અછત**

# ગર્ભવતી મહિલાઓ માટે લાવવું પડે છે અન્ય જિલ્લામાંથી રક્ત

છત્રપતિ સંભાજીનગરઃ રાજ્યમાં હાલમાં રક્તની ભારે અછત વર્તાઇ રહી છે અને માગની સરખામણીમાં માત્ર ૬૦ ટકા જ રક્તનો સ્ટોક ઉપલબ્ધ છે. સ્ટોકમાંથી માગ ભાગ્યે જ પૂરી થઈ રહી છે. રાજ્ય રક્ત પરિવર્તન પરિષદ તરફથી મળેલી માહિતી અનુસાર રાજ્યમાં ૩૩ હજાર ૭૩૯ યુનિટ અને મુંબઈમાં ફક્ત ૪,૬૨૬ યુનિટ ઉપલબ્ધ છે. સરકારી હોસ્પિટલમાં પ્રસૂતિ માટે આવતી મહિલાઓમાં હિમોગ્લોબિનની ઊણપ જોતાં, તેમને તાત્કાલિક પૂરું પાડવા માટે સમયસર લોહી ઉપલબ્ધ ન હોવાની પરિસ્થિતિ છે અને મોટાભાગે જરૂરી બ્લડ ગ્રુપની બેગ પુણે, અહમદનગર (અહલ્યાનગર) જાલનાથી મંગાવવી પડે છે. રક્તનો સ્ટોક વધારવા અને તેને ઉપલબ્ધ કરાવવા માટે જન્મદિવસના દિવસે રક્તદાન શિબિર યોજવાની અપીલ કરવામાં આવી છે. દિવાળી જેવા તહેવારોની રજાઓમાં ઘણા લોકો ફરવા ગયા હોવાથી શિબિરો માટે દાતાઓ પણ ઉપલબ્ધ હોતા નથી. ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી દરમિયાન મોટા પાયે રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન રક્તદાન કરનારા દાતાઓ નવેમ્બરમાં ફરીથી રક્તદાન કરી શકતા નથી. ત્રણ મહિનાની અંદર રક્તદાન કરી શકાતું નથી. આવા કેટલાક કારણોસર રક્તદાન શિબિરોની સંખ્યામાં ઘટાડો થયો છે. ■

# નવનીત રાણાને એક અઠવાડિયામાં બીજી વાર જાનથી મારી નાખવાની ધમકી મળી

અમરાવતીઃ ભાજપના ફાયરબ્રાન્ડ નેતા અને ભૂતપૂર્વ સાંસદ નવનીત રાણાને ફરી એકવાર જાનથી મારી નાખવાની ધમકી મળી છે. એક અઠવાડિયામાં આ બીજી ધમકી મળી છે અને વારંવારની ધમકીઓએ ફરી એકવાર તેમની સલામતી અંગે ચિંતાઓ ઉભી કરી છે.

નવનીત રાણાના અંગત મદદનીશ મંગેશ કોકાટેએ રાજાપેઠ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. રાજાપેઠ પોલીસે તાત્કાલિક કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

૩૦ ઓક્ટોબરના રોજ સ્પીડ પોસ્ટ દ્વારા નવનીત રાણાના ઘરે એક સીલબંધ પરબિડીયું આવ્યું હતું. આ પત્ર હૈદરાબાદથી અબ્દુલ નામના વ્યક્તિએ મોકલ્યો હતો. પત્રમાં નવનીત રાણાને અત્યંત અભદ્ર ભાષામાં અપશબ્દો કહીને ધમકી આપવામાં આવી છે.

મંગેશ કોકાટેએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે રાણાને જાનથી મારી નાખવાની અને જાતીય હુમલાની ધમકી આપવામાં આવી છે.

આ અગાઉ પણ બે વખત આવા પત્રો મળ્યા હતા. તે બંને પત્રોની ભાષા અને સામગ્રી વર્તમાન પત્ર જેવી જ છે. તેથી અમને શંકા છે કે અગાઉના બે પત્રો અને આ પત્ર મોકલનાર વ્યક્તિ એક જ છે.

અગાઉ જાવેદ નામના વ્યક્તિએ આવો જ ધમકીભર્યો પત્ર સ્પીડ પોસ્ટ દ્વારા નવનીત રાણાના નિવાસસ્થાન પર મોકલ્યો હતો. આ મામલે પણ રાજાપેઠ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. ગયા ઓગસ્ટમાં પણ સોશિયલ મીડિયા પર તેમને અભદ્ર ભાષામાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાને જોખમમાં નાખનાર અને જનપ્રતિનિધિઓને ધમકાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગણીઓ રાજકીય અને સામાજિક સ્તરે જોર પકડી રહી છે. ■

# સુધારિત એમસીઓસીએ હેઠળ મહારાષ્ટ્રમાં નોંધાયેલા પ્રથમ ડ્રગ કેસમાં ચાર્જશીટ દાખલ કરાઇ આવી

મુંબઈ : મુંબઈ પોલીસના એન્ટિ નાર્કોટિક્સ સેલે સુધારેલા મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (એમસીઓસીએ) હેઠળ ડ્રગ સિન્ડિકેટ સામે નોંધાયેલા પહેલા કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે.એએનસીના બાન્દ્રા યુનિટે ૭ ઓગસ્ટના રોજ ૭૬૬ ગ્રામ મેફેડ્રોન રાખવાના આરોપમાં ત્રણ ડ્રગ પેડલર્સની ધરપકડ કરી હતી, ત્યારબાદની તપાસમાં જાણવા મળ્યું હતું કે સિન્ડિકેટના સભ્યો સાત કેસોમાં સંડોવાયેલા હતા, જેમાંથી પાંચ કેસ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ સાથે સંબંધિત હતા.

એક સિનિયર અધિકારીની તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ ગંભીર કેસોમાં સંડોવાયેલા હતા, જે સુધારેલા એમસીઓસીએ કલમો હેઠળ આવે છે. તે મુજબ કેસમાં એમસીઓસીએની કડક કલમો લાદવામાં આવી હતી. શનિવારે ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટ સામે કોર્ટમાં ૯૫૩ પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. નવા સુધારેલા એમસીઓસીએ હેઠળ રાજ્યમાં આ પહેલો કેસ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.મહારાષ્ટ્ર વિધાનસભાએ ડ્રગ પેડલર્સ અને નાર્કોટિક્સ ગુનાઓને કડક એન્ટી-ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ કાયદા એમસીઓસીએના દાયરામાં લાવવા માટે એક બિલ પસાર કર્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ આ સુધારાથી ડ્રગ પેડલર્સને ધરપકડ પછી જામીન મેળવવાનું મુશ્કેલ બને છે. (પીટીઆઈ)■

# સ્કૂલમાં દિવ્યાંગ બાળકના હાથ બાંધી કૂકરના ઢાંકણાથી મારપીટઃ કાર્યવાહી કરાશે

મુંબઈઃ દિવ્યાંગ બાળકોની શાળામાં એક બાળકને સ્ટાફ દ્વારા નિર્દયતાથી માર મારતો દર્શાવતો વીડિયો વાયરલ થયા બાદ મહારાષ્ટ્રના દિવ્યાંગ કલ્યાણ પ્રધાન અતુલ સાવેએ સોમવારે સંડોવાયેલા લોકો સામે તપાસ કરી પગલાં લેવામાં આવશે એવી જાહેરાત કરી હતી. આ વીડિયો છત્રપતિ સંભાજી નગર જિલ્લાના માંડકી ગામમાં ચૈતન્ય કાનિફનાથ અપંગ વિદ્યાલયનો છે. વીડિયોમાં રેસિડેન્શિયલ સ્કૂલમાં અભ્યાસ કરતા એક દિવ્યાંગ છોકરાના હાથ પાછળ બાંધીને કૂકરના ઢાંકણથી નિર્દયતાથી મારપીટ કરવામાં આવી હતી.

જિલ્લાના વતની પ્રધાન સાવેએ જણાવ્યું હતું કે 'મેં મારા વિભાગના સચિવ અને કમિશનરને આ મુદ્દાની તપાસ કરવા અને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે. જરૂર લાગશે તો ફોજદારી કેસ દાખલ કરવામાં આવશે અને સંસ્થાને આપવામાં આવેલી પરવાનગીઓ રદ કરવામાં આવશે. (પીટીઆઈ)■

# ગિરગામમાં બેસ્ટ બસના કન્ડક્ટરની મારપીટઃ પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં બેસ્ટ બસના કન્ડક્ટરની મારપીટ કરવામાં આવી હોવાની ઘટના રવિવારે બની હતી. એલ.ટી. માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી ૨૯ વર્ષના પ્રવાસીની ધરપકડ કરી હતી.

ગિરગામના અંબિકા નિવાસમાં રહેતો કેશવ રઘુનાથ લોખંડે (૪૧) બેસ્ટમાં કન્ડક્ટર તરીકે કાર્યરત છે. રવિવારે બપોરે કેશવ લોખંડે ગિરગામમાં ઠાકુરદ્વાર રોડ પર ફણસવાડી ખાતેથી જતી બસમાં ફરજ પર હતો. એ સમયે યુવક બસમાં ચડ્યો હતો. બસ વિનય હૉટેલ નજીકથી પસાર થઇ રહી હતી ત્યારે યુવકનો નજીવી બાબતે લોખંડે સાથે વિવાદ થયો હતો.

દરમિયાન વિવાદ ઉગ્ર બનતાં યુવકે લોખંડને યુનિફોર્મ ફાડ્યો હતો અને ગાળો ભાંડી તેની મારપીટ કરી હતી. આ ઘટના બાદ લોખંડેએ એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે યુવક સામે ગુનો દાખલ કરીને યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે સપ્ટેમ્બરમાં ખાર વિસ્તારમાં બસચાલક પ્રકાશ દુતોંડે (૫૩) સાથે વાહનચાલકનો વિવાદ થતાં તેણે બસમાં ઘૂસીને દુતોંડેની મારપીટ કરી હતી.

બેસ્ટ કર્મચારીઓના સંગઠન અનુસાર દર મહિને બસચાલક, કન્ડક્ટર પર હુમલો અથવા વિવાદની ચારથી પાંચ ઘટના નોંધાય છે. ૨૦૨૪-૨૫માં બસચાલક અને કન્ડક્ટર પર હુમલો અને તેમને ગાળો ભાંડવાની લગભગ ૬૦થી ૭૦ ઘટના નોંધાઇ હતી. ■

**સ્ટેટ ટ્રાન્સપોર્ટ થશે આર્થિક રીતે સદ્ધર**

# માલિકીની જગ્યા પર સોલાર ઍનર્જી પ્લાન્ટ ઊભો કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્થિક રીતે ખખડી ગયેલા સ્ટેટ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશને હવે આર્થિક રીતે સદ્ધર થવા માટે પોતાની માલિકીની ખાલી પડેલી મોકાની જગ્યા પર તેમ જ બસસ્ટોપની છત પર સોલાર એનર્જી પ્રોજેક્ટ ઊભો કરવાની યોજના બનાવી છે. વર્ષે દહાડે એક હજાર કરોડ રૂપિયા સુધીની વીજળીનું ઉત્પાદન કરવાનો સ્ટેટ ટ્રાન્સપોર્ટે લક્ષ્યાંક રાખ્યો છે.

સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્ષોથી ખોટમાં રહી છે અને જુદા જુદા માધ્યમથી તે આવક ઊભી કરવાનો પ્રયાસ કરી છે, જેમાં હવે રાજ્યમાં જુદા જુદા સ્થળે આવેલી પોતાની માલિકીની ખુલ્લી જગ્યા, તેમ જ બસ સ્ટોપની છત ઊફર સોલાર એનર્જીનું ઉત્પાદન કરવા માગે છે. આ પ્રોજેક્ટના માધ્યમથી સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્ષે લગભગ ૩૦૦ મેગાવૉટ જેટલી વીજળીનું ઉત્પાદન કરીને વર્ષે લગભગ એક હજાર કરોડ રૂપિયાની કિંમતની વીજળીનું ઉત્પાદન કરીને 'સોલાર એનર્જી હબ' તરીકે ઊભું થવા માગતું હોવાની જાહેરાત રાજ્યના સ્ટેટ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર અને સ્ટેટ ટ્રાન્સપોર્ટના અધ્યક્ષ પ્રતાપ સરનાઈકે કરી હતી.

સોમવારે સ્ટેટ ટ્રાન્સપોર્ટના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક થઈ હતી. બેઠક બાદ પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેટ ટ્રાન્સપોર્ટની જગ્યા પર ખાનગી-સાર્વજનિક ભાગીદારીના માધ્યમથી વિવિધ વિકાસના પ્રોજેક્ટ ઊભા કરવામાં આવશે. એ સાથે જ બાકી રહેલી જગ્યા ખુલ્લી જગ્યા પર સોલાર એનર્જી ખેતી દ્વારા વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે. ૩૦૦ મેગાવોટર ક્ષમતાના વીજળી ઉત્પાદન પ્રોજેક્ટ માટે આવશ્યકતા જણાઈ તો સરકારની નિર્જન પડી રહેલી જગ્યા પર સરકારની મંજૂરી લઈ નામ માત્ર ભાડું વસૂલ કરીને સોલાર એનર્જી પ્રોજેક્ટ ઊભો કરાશે.

હાલ સ્ટેટ ટ્રાન્સપોર્ટને દૈનિક એસ્ટાબ્લિશમેન્ટ માટે વર્ષે ૧૫ મેગાવોટ જેટલી વીજળીની આવશ્યકતા હોય છે. તે માટે કુલ ૨૫થી ૩૦ કરોડ રૂપિયાનું બિલ મહાવિતરણને ચૂકવવામાં આવે છે. ભવિષ્યમાં આવનારા હજારો ઈલેક્ટ્રિક બસના ચાર્જિંગ માટે લગભગ ૨૮૦ મેગાવોટ જેટલી વીજળીની ગરજ લાગશે. આ વીજળી સ્ટેટ ટ્રાન્સપોર્ટે સોલાર એનર્જીના માધ્યમથી તૈયાર કરી તો ભવિષ્યમાં વર્ષે લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચમાં બચત થશે એવો દાવો પ્રતાપ સરનાઈકે કર્યો હતો. ■

**મહિલા ડૉક્ટરની આત્મહત્યા**

# સુપ્રિયા સુળેની શક્ય દરેક મદદ કરવાની બાંયધરી

બીડઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળે સોમવારે મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં કથિત રીતે આત્મહત્યા કરનાર મહિલા ડોક્ટરના પરિવારના સભ્યોને મળ્યા હતા અને તેમને ન્યાય માટેની લડતમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

બીડમાં ડોક્ટરના પરિવારને મળ્યા બાદ સવાદદાતાઓ સાથે વાતચીતમાં સુળેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને વિનંતી કરી હતી કે જ્યાં સુધી આ ઘટનાની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ આરોપીને દોષમુક્ત જાહેર ન કરે. તેમણે નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરવા નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની માગ પણ કરી હતી. મુલાકાત દરમિયાન તેમની સાથે સંસદ સભ્ય બજરંગ સોનાવણે અને પક્ષની યુવા પાંખના પ્રમુખ મહેબૂબ શેખ પણ હાજર હતા.

મધ્ય મહારાષ્ટ્રના બીડ જિલ્લાના રહેવાસી આ ડોક્ટર ૨૩ ઓક્ટોબરે સાતારાના ફલટણ શહેરમાં એક હોટલના રૂમમાં લટકતી હાલતમાં મળી આવ્યાં હતાં. હથેળી પર લખેલી સ્યુસાઇડ નોટમાં તેણે આરોપ કર્યો હતો કે સબ ઇન્સ્પેક્ટર ગોપાલ બદાણેએ તેની પર અનેક વખત બળાત્કાર કર્યો હતો અને સોફ્ટવેર એન્જિનિયર પ્રશાંત બેન્કરે તેને માનસિક ત્રાસ આપ્યો હતો. બંનેની ધરપકડ કરવામાં આવી છે.

એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગૃહ વિભાગ ધરાવતા સીએમ ફડણવીસે રાજ્યના પોલીસ મહાનિર્દેશકને તાત્કાલિક મહિલા આઈપીએસ અધિકારીની આગેવાની હેઠળ એસઆઈટીની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે. સોમવારે ડોક્ટરના પરિવારને મળ્યા બાદ સુળેએ જણાવ્યું હતું કે આ કેસમાં કેટલાક સરકારી પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનો અત્યંત અસંવેદનશીલ અને અસ્વસ્થ કરનારા છે. ડોક્ટર મહારાષ્ટ્રની સક્ષમ પુત્રી હતી અને તેને ન્યાય મળવો જ જોઇએ. લોકોને લાગે છે કે કેસને દબાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ન્યાય ન મળે ત્યાં સુધી અમે ચૂપ નહીં રહીએ. (પીટીઆઈ) ■

# સાયબર પોલીસે ૭૫.૪૦ કરોડના જીએસટી ફ્રોડનો પર્દાફાશ કર્યોઃ બે જણ વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે સાયબર પોલીસે લેપટોપ સેલ્સ સર્વિસ પ્રોફેશનલની વિગતોનો દુરુપયોગ કરીને ૭૫.૪૮ લાખ રૂપિયાની જીએસટી છેતરપિંડી આચરવા બદલ મુંબઈના રહેવાસી અને તેના સાથી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નવેમ્બર, ૨૦૨૪થી એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી.

૩૩ વર્ષના લેપટોપ સેલ્સ પ્રોફેશનલે ૩૧ ઑક્ટોબરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ઓનલાઇન જીએસટી ફાઇલ કરવા માટે પોતાના યુઝર આઇડી અને પાસવર્ડનો દુરુપયોગ કરીને આરોપીઓએ છેતરપિંડી આચરી હતી.

આરોપીઓએ બાદમાં ફરિયાદીના જીએસટી નંબરો સામે અનેક શેલ (બોગસ) કંપનીઓના નામે ફેક બિલ રજૂ કરીને ૭૫.૪૮ કરોડની છેતરપિંડી આચરી હતી.આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે અંધેરીના રહેવાસી અને તેના સાથીદાર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

બોગસ જીએસટી દાવા નોંધાવવા માટે ગોપનીય ઓનલાઇન વિગતોનો દુરુપયોગ કરવાનો આ અત્યાધુનિક સાયબર અને આર્થિક ગુનો છે, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# નાગપુરમાં કૉંગ્રેસના ગઢને જાળવી રાખવાનો પ્રયાસઃ ભાજપ બદલો લેશે, રણનીતિ તૈયાર છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાગપુર જિલ્લા પરિષદની ચૂંટણીમાં આ વખતે ભાજપ વિરુદ્ધ કૉંગ્રેસનો જંગ જોવા મળી શકે છે. ૨૦૨૦ની ચૂંટણીમાં, કૉંગ્રેસે ભાજપના ગઢને જમીનદોસ્ત કરીને જિલ્લા પરિષદ પર કબજો મેળવ્યો હતો. મહા વિકાસ આઘાડીની સંયુક્ત તાકાતને કારણે ભાજપને મોટો ફટકો પડ્યો હતો. તે સમયે, ૫૮ બેઠકોમાંથી, કોંગ્રેસે ૨૬, એનસીપીએ ૧૨, શિવસેનાએ એક અને ભાજપને ફક્ત ૧૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. કોંગ્રેસના મહેન્દ્ર ડોંગરેએ તો કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના વતન ગામ ધુપેવાડામાં જીત મેળવી હતી.

જોકે, હવે સ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ગ્રામીણ વિસ્તારોમાં પોતાનો પગપેસારો પાછો મેળવ્યો છે. કોંગ્રેસ માટે ૨૦૨૦ની સફળતાની વાર્તા ફરીથી લખવી સરળ નથી. બે મુખ્ય મતવિસ્તાર સાવનેર અને કાટોલમાં બદલાયેલા રાજકીય સમીકરણોએ કોંગ્રેસને મુશ્કેલીમાં મૂકી દીધી છે.

૨૦૨૪માં ભાજપે કોંગ્રેસના ગઢ પર સીધો હુમલો કર્યો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઉમરેડના વિધાનસભ્ય રાજુ પારવેને શિંદે જૂથ તરફથી ભૂતપૂર્વ કોંગ્રેસના પ્રધાન સુનીલ કેદારના સમર્થક શ્યામ સામે મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. તે જ સમયે, કોંગ્રેસના કટ્ટર સમર્થક અને જિલ્લા પરિષદના ભૂતપૂર્વ ઉપપ્રમુખ મનોહર કુંભારે પણ વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપમાં જોડાયા છે. આ પ્રવેશ કોંગ્રેસ માટે મોટો ફટકો છે અને કેદારની સંગઠનાત્મક તાકાત પર ગંભીર અસર કરી શકે છે. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે રાજકારણમાં લાંબા સમયથી કેદાર સાથે રહેલા કુંભારેના જવાથી ગ્રામીણ વિસ્તારોમાં ભાજપને મોટો ફાયદો થશે. સુનીલ કેદાર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી લડી શક્યા ન હતા કારણ કે તેમને જિલ્લા બેંક કૌભાંડ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમના સ્થાને તેમના પત્ની અનુજા કેદારને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

## સબ-ઈન્સ્પેક્ટરે બે કરોડની લાંચ માગીઃ વકીલ પાસેથી ૪૫ લાખ લેતાં ઝડપાયો

પુણેઃ આર્થિક ગુના શાખામાં દાખલ કેસમાં ભીનું સંકેલવા આરોપીના વકીલ પાસેથી બે કરોડ રૂપિયાની લાંચ માગનારા પોલીસ સબ-ઇન્સ્પેક્ટરને એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ૪૫.૫ લાખ રૂપિયાનો હપ્તો લેતાં રંગેહાથ પકડી પાડ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વકીલના અસીલ અને તેના પિતા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ છેતરપિંડી તેમ જ વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં અસીલના પિતા હાલ જુડિશિયલ કસ્ટડીમાં છે. પિંપરી-ચિંચવડ પોલીસની આર્થિક ગુના શાખાનો સબ-ઇન્સ્પેક્ટર પ્રમોદ ચિંતામણી આ કેસની તપાસ કરી રહ્યો હોઇ તેણે આરોપીની જામીન અરજી પર તરફેણમાં જવાબ નોંધાવવા માટે બે લાખ રૂપિયાની માગણી કરી હતી.

દરમિયાન વકીલે આ પ્રકરણે એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી.

ચર્ચાના બીજા રાઉન્ડમાં સબ-ઇન્સ્પેક્ટરે બે કરોડ રૂપિયાની માગણી કરી હતી અને દાવો કર્યો હતો કે એક કરોડ રૂપિયા વિભાગના સિનિયર ઇન્સ્પેક્ટરને પાસે જશે. બાદમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે વકીલ હપ્તા પર રકમ ચૂકવશે, જેનો પહેલો હપ્તો પચાસ લાખ રૂપિયા ૨ નવેમ્બરે ચૂકવવામાં આવશે.

## કૉર્ટે ગેરકાયદે વસવાટ બદલ ત્રણ બાંગ્લાદેશીને દોષી ઠેરવ્યા

થાણેઃ થાણેની કૉર્ટે ભારતમાં ગેરકાયદે વસવાટ બદલ ત્રણ બાંગ્લાદેશી નાગરિકને દોષી ઠેરવ્યા હતા. જાન્યુઆરી, ૨૦૨૫માં થાણેથી પકડાયેલા ત્રણેય બાંગ્લાદેશીને કૉર્ટે જેલ ભોગવવાની સજા ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે ૩૦ ઑક્ટોબરે આપેલા આદેશમાં મોહંમદ બાબુલ શમશુદ્દીન મુલ્લા (૪૧), મોહંમદ તુહીન મોહંમદ મિજાનુલ મુલ્લા (૨૪) અને રાણે અબ્દુલ મલિક શેખ (૨૪)ને દોષી ઠેરવ્યા હતા.

બાંગ્લાદેશના નોદૈન જિલ્લાના વતની ત્રણેયને ૨૬ જાન્યુઆરીએ શિળ ડાયઘર પોલીસે થાણેના પડાલે વિસ્તારના ઉત્તરકાશી નાકાથી પકડી પાડ્યા હતા. ૩૦ ઑક્ટોબરે આરોપ ઘડવામાં આવ્યા હતા અને ત્રણેયને દોષી ઠેરવવામાં આવ્યા હતા, જેમણે હળવી સજાની માગણી કરી હતી.

કૉર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે આરોપીઓ નવ મહિનાથી વધુ સમયથી જેલમાં છે તે હકીકતને ધ્યાનમાં રાખીને સજામાં ઉદારતા દાખવવી જરૂરી છે.

ત્રણેય સામે જે આરોપ લગાવવામાં આવ્યા હતા, તેમાં મહત્તમ પાંચ વર્ષની સજા થઇ શકે છે, જ્યારે કૉર્ટે તેમને જેલમાં વિતાવેલો સમય, જે નવ મહિના અને ચાર દિવસ હતો, તેટલી સજા ફટકારી હતી. (પીટીઆઇ)

## ૨૬/૧૧ના માસ્ટરમાઇન્ડ જુંદાલને દસ્તાવેજો પૂરા પાડવા સામેની અરજીને હાઇ કોર્ટે મંજૂરી આપીઃ ૭ વર્ષ પછી ફરી ટ્રાયલ શરૂ થશે

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે આરોપીઓને ગુપ્ત દસ્તાવેજો સોંપવાના નીચલી અદાલતના આદેશને રદ કરતા ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના કથિત માસ્ટરમાઇન્ડ અબુ જુંદાલ સામેની સ્થગિત ટ્રાયલ સાત વર્ષ પછી ફરી શરૂ થવાની તૈયારીમાં છે. જસ્ટિસ આર.એન. લદ્દાની બેન્ચે દિલ્હી પોલીસ, નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને વિદેશ મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂરી આપી હતી, જેણે જુંદાલને ગુપ્ત દસ્તાવેજો સોંપવાના ટ્રાયલ કોર્ટના ૨૦૧૮ ના આદેશને પડકાર્યો હતો. આ અરજી પેન્ડિંગ હોવાથી મુંબઈ પર નવેમ્બર ૨૦૦૮ માં થયેલા હુમલાઓને અંજામ આપનારા ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓના માસ્ટરમાઇન્ડ અને હેન્ડલર ઝબીઉદ્દીન અંસારી ઉર્ફે અબુ જુંદાલ સામેની ટ્રાયલ ૨૦૧૮ થી મુલતવી રાખવામાં આવી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલનો દાવો હતો કે લશ્કર-એ-તૈયબાના આ આતંકવાદીને રાષ્ટ્રીય રાજધાનીના એરપોર્ટની બહારથી પકડવામાં આવ્યો હતો, પરંતુ આરોપીએ દાવો કર્યો હતો કે તેની સાઉદી અરેબિયામાં ધરપકડ કરવામાં આવી હતી.

તેણે મુંબઈની એક ખાસ કોર્ટમાં અરજી દાખલ કરીને પોતાના દાવાને સાબિત કરવા માટે ચોક્કસ દસ્તાવેજો માંગ્યા હતા. (પીટીઆઈ)

## તે દીપડાને ખતમ કરવાનો આદેશ

પુણેઃ પુણે જિલ્લામાં દીપડાના હુમલામાં ૧૩ વર્ષના બાળકના મૃત્યુ બાદ રોષે ભરાયેલા સ્થાનિકોએ વન વિભાગની ગાડીને આગ ચાંપી દીધી હતી. સોમવારે વિભાગે પ્રાણીને બંદી બનાવી એને નાબૂદ કરવાનો આદેશ આપ્યો હતો. વન અધિકારીઓએ જણાવ્યું હતું કે આ હેતુ માટે આ વિસ્તારમાં પાંચ શાર્પશૂટર્સની ટીમ તહેનાત કરવામાં આવી છે. જિલ્લાના જુન્નર, અંબેગાંવ, શિરુર જેવા દીપડાના હુમલાની સંભાવના ધરાવતા વિસ્તારોના લોકોએ સોમવારે પુણે - નાશિક હાઇવે પર અવસારી નજીક રસ્તા રોકો કર્યું હતું. છેલ્લા એક મહિનામાં, શિરુર વિસ્તારમાં દીપડાના હુમલામાં ત્રણ લોકોનાં મોત થયા છે, (૧૩)ને મારી નાખ્યો હતો. (પીટીઆઈ)

## ભુજબળની હૃદયની સર્જરી, તબિયત સ્થિર

મુંબઈઃ મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન છગન ભુજબળનું સોમવારે મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં હૃદયની સર્જરી કરવામાં આવી હતી અને તેમની તબિયત સ્થિર છે, એવી માહિતી તેમના નજીકના સૂત્રો દ્વારા આપવામાં આવી હતી. ૭૮ વર્ષના એનસીપી નેતા પર જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડો. રમાકાંત પાંડાના માર્ગદર્શન હેઠળ એશિયન હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ ખાતે સર્જરી કરવામાં આવી હતી, એવી પણ જાણકારી આપવામાં આવી હતી. ડોક્ટરોએ ભુજબળને આગામી થોડા દિવસો આરામ કરવાની સલાહ આપી છે જેથી તેઓ સ્વસ્થ થઈ શકે. તબીબી સલાહને અનુસરીને અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ખાતાના પ્રધાન આ સમયગાળા દરમિયાન કોઈને મળશે નહીં, એમ તેમના તરફથી જણાવવામાં આવ્યું છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ડૉક્ટરોની હડતાળથી

લીધો હતો. તેથી સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવાની શક્યતાને ધ્યાનમાં રાખીને, તમામ હોસ્પિટલ વહીવટીતંત્રે આઉટપેશન્ટ વિભાગોમાં પ્રોફેસરો, એસોસિએટ અને આસિસ્ટન્ટ પ્રોફેસરોની નિમણૂક કરી હતી. તેથી દર્દી સેવાઓ પર ખાસ અસર પડી ન હતી. ડોકટરોના સંગઠને ઇમરજન્સી સેવા ચાલુ રાખવાનો નિર્ણય લીધો હોવાથી ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં આવતા દર્દીઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો.

### બાળકોને બાનમાં

ઘટના સમયે બાળકોની સુરક્ષા અને સલામતી પોલીસની પ્રાથમિકતા હતી. રોહિતને બે કલાક સુધી સમજાવવાનો પ્રયાસ નિષ્ફળ ગયા પછી પોલીસે સ્ટુડિયોમાં ઘૂસવાનો નિર્ણય લીધો હતો.

પોલીસ સમજાવતી હતી ત્યારે તે બાળકોને નુકસાન પહોંચાડવાની ધમકી આપતો હતો. પોલીસ સ્ટુડિયોમાં ઘૂસી ત્યારે રોહિતે ઍરગનથી ફાયર કર્યું હતું, જેને પગલે પોલીસે ગોળી ચલાવવી પડી, એવો દાવો ચૌધરીએ કર્યો હતો.

સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ના ભાગ રૂપે રોહિતના મૃત્યુ પ્રકરણની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હોવાની સ્પષ્ટતા અધિકારીએ કરી હતી. (પીટીઆઈ)

### ચાર કબૂતરખાના

થનારા નુકસાનને ધ્યાનમાં રાખીને હાઈ કોર્ટના નિર્દેશ બાદ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈના કબુતરખાના બંધ કરાવી દીધા છે. જોકે કોર્ટે કબુતરોને કંટ્રોલ ફીડિંગ મુજબ ચણ આપી શકાય તે માટે કામચલાઉ મંજૂરી આપી હતી. તે મુજબ પાલિકા દ્વારા મુંબઈમાં ચાર જગ્યા કબુતરો માટે કંટ્રોલ ફીડિંગ માટે જાહેર કરવામાં આવી હતી, જેમાં દક્ષિણ મુંબઈમાં વરલી જળાશય,પશ્ચિમ ઉપનગરમાં વેસાવે એસટીપી પ્રોજેક્ટ નજીક, લોખંડવાલા બૅક રોડ પર મેનગ્રોવ્ઝ પરિસર, બોરીવલી પશ્ચિમમાં ગોરાઈ મેદાનનો અને પૂર્વ ઉપનગરમાં મુલુંડ પૂર્વમાં મુલુંડ જકાત નાકા પાસે ઐરોલી-મુલુંડ લિંક રોડનો સમાવેશ થાય છે. આ ચાર ઠેકાણે કબુતરખાના માટે મંજૂરી આપવાનો વચગાળાનો નિર્ણય પાલિકાએ લીધો છે.

પાલિકાના જણાવ્યા મુજબ આ ચારે ઠેકાણે કબુતરોને સવારના સાતથી નવ વાગ્યા સુધી ચણ નાખવા માટે મંજૂરી આપી છે. ચારે જગ્યા પર કબુતરખાનાનું વ્યવસ્થાપન કરવા માટે સ્વયંસેવી સંસ્થા આગળ આવી તો જ આ મંજૂરી આપવામાં આવશે એવી શરત રાખી છે. જોકે શુક્રવારે પાલિકાની જાહેરાત બાદ હજી સુધી કોઈ સામાજિક સંસ્થા આગળ આવી નથી. તો મુલુંડમાં તો કંટ્રોલ ફિડીંગ માટે જગ્યા આપવા સામે સ્થાનિક નાગરિકોએ વિરોધ પણ દર્શાવ્યો છે. તેથી પાલિકાની કંટ્રોલ ફિડીંગની યોજના કેટલી સફળ થશે તેની સામે સવાલ થઈ રહ્યાં છે.

### રાજ્યમાં ૪૮ કલાકમાં

ચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણી કાર્યક્રમ સામાન્ય રીતે ૨૧ દિવસ ચાલશે.

**બીજો તબક્કોઃ** બીજા તબક્કામાં ૩૨ જિલ્લા પરિષદો અને ૩૩૧ પંચાયત સમિતિઓ માટે ચૂંટણીઓ યોજાશે. આ તબક્કો ૩૦ થી ૩૫ દિવસ ચાલવાની શક્યતા છે.

**ત્રીજો તબક્કોઃ** ત્રીજા અને અંતિમ તબક્કામાં, ૨૯ મહાનગરપાલિકાઓ માટે ચૂંટણીઓ યોજાશે. આ કાર્યક્રમ લગભગ ૩૦ દિવસ ચાલશે.

**બુધવારથી આદર્શ આચારસંહિતા લાગુ થશે?**

ચૂંટણી પંચે ચૂંટણી માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે અને મહાનગરપાલિકાઓના વોર્ડ અને મેયરોના અનામતની જાહેરાત થઈ ચૂકી છે. મહાનગરપાલિકાઓના અનામતની પણ ટૂંક સમયમાં જાહેરાત થવાની ધારણા છે. આ બધા વચ્ચે વિશ્વસનીય સૂત્રોએ એવી માહિતી આપી છે કે રાજ્ય ચૂંટણી પંચ મંગળવારે કેબિનેટની બેઠક પૂર્ણ થયા પછી મોડી સાંજે અથવા બુધવારે બપોરે એક પત્રકાર પરિષદ યોજશે. આ પત્રકાર પરિષદ પછી સમગ્ર રાજ્યમાં આચારસંહિતા લાગુ થઈ શકે છે.

**નગરપાલિકાની ચૂંટણીઓ વહેલા યોજાશે?**

મળતી માહિતી અનુસાર, ચૂંટણી પંચ પ્રથમ તબક્કામાં ફક્ત ૨૮૯ નગરપાલિકાઓ, નગર પરિષદો અને નગર પંચાયતોની ચૂંટણીઓ યોજે તેવી શક્યતા છે. ઈવીએમ અને મતદાર યાદી સંબંધિત તમામ ટેકનિકલ ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી, પંચ ટૂંક સમયમાં સત્તાવાર સમયપત્રકને અંતિમ સ્વરૂપ આપશે. આ ચૂંટણીઓ માટેની જાહેરાતો પર સમગ્ર રાજ્ય ધ્યાન આપી રહ્યું છે.

### દાદર કબૂતરખાના

સ્થળોનું સંચાલન બિન-સરકારી સંસ્થાઓ કરશે. નાગરિક સંસ્થાએ સ્પષ્ટતા કરી છે કે નિષ્ણાત સમિતિનો અહેવાલ અને કોર્ટના આદેશો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ એક કામચલાઉ વ્યવસ્થા છે, અને બંધ કબુતરખાનાઓ હાલમાં ફરીથી ખોલવામાં આવશે નહીં.

કબૂતરોને ખવડાવવા માટે આપવામાં આવેલી પરવાનગીમાં જણાવાયું છે કે પક્ષીઓને સવારે અને સાંજે બે કલાક વૈકલ્પિક સ્થળોએ ખવડાવી શકાય છે. હું માગ કરું છું કે દાદર કબુતરખાના માટે પણ આવી જ પરવાનગી આપવામાં આવે. જો નાગરિક સંસ્થા યોગ્ય જગ્યા ફાળવે તો સમુદાય જમીન ખરીદવા માટે ભંડોળ એકત્ર કરવા પણ તૈયાર છે, જૈન સાધુએ કહ્યું. દાદર વિસ્તારમાં આવેલું કબુતરખાનું એક સદી કરતાં વધુ સમયથી અસ્તિત્વમાં છે અને સમુદાય માટે તેનું ધાર્મિક મહત્વ છે. તે કબૂતરોનું ઘર છે અને તેમના ઘરનું રક્ષણ કરવાની આપણી જવાબદારી છે, એમ તેમણે કહ્યું. સાધુએ દાવો કર્યો કે ખોરાક આપવાની જગ્યા બંધ થયા પછી, કબૂતરોની વસ્તીમાં ભારે ઘટાડો થયો છે. કબૂતરોને ખવડાવવાનો અને ગીચ શહેરી વિસ્તારોમાં તેમની હાજરીને કારણે આરોગ્ય જોખમોનો મુદ્દો સૌપ્રથમ ૩ જુલાઈના રોજ મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસા સત્ર દરમિયાન શિવસેનાના નેતા મનીષા કાયાંદે દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો જેમાં કબુતરખાના નજીકના રહેવાસીઓની ચિંતાઓ વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)

### અધિવેશન એક

યોજવી શક્ય નથી. તેથી, ચૂંટણી પંચ આ ચૂંટણીઓ ત્રણ તબક્કામાં યોજવાનું વિચારી રહ્યું છે. તે દ્રષ્ટિકોણથી, કમિશન તૈયારી કરી રહ્યું છે. ચંદ્રશેખર બાવનકુળે આ ચૂંટણીઓ માટે સત્રની તારીખ બદલવા અંગે ચર્ચા હતી. એવી પણ ચર્ચા થઈ હતી કે આ સત્ર આઠથી દસ દિવસ વહેલું યોજાશે. જોકે, વહીવટી સ્તરે હજુ સુધી કોઈ સૂચના કે હિલચાલ જોવા મળી નથી. વિધાનસભા સચિવાલયનું કામ નિર્ધારિત તારીખ મુજબ ચાલી રહ્યું છે. આગામી થોડા દિવસોમાં સ્થાનિક આચારસંહિતા લાગુ થવાની શક્યતા છે. બાવનકુળેએ નાગપુર જિલ્લા પરિષદની ચૂંટણીની આચારસંહિતાને ધ્યાનમાં રાખીને સત્ર એક અઠવાડિયા માટે મર્યાદિત રાખવાનું સૂચન કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

કૉન્ટ્રેક્ટરોના કામકાજ બંધ કરવાના વિરોધથી શિયાળુ સત્ર પર ચિંતાના વાદળો છવાઈ ગયા છે. પ્રધાનોના ઘણા બંગલાઓનું કામ બાકી છે. ૧૫૦ કરોડના બિલ બાકી હોવાથી, કોન્ટ્રાક્ટરોએ કામકાજ બંધ આંદોલન શરૂ કર્યું છે. તેથી, નાગપુરને બદલે મુંબઈમાં સત્ર યોજવા માટે ચર્ચા ચાલી રહી છે. જોકે, નાગપુર કરાર મુજબ, વિધાનસભાનું એક સત્ર નાગપુરમાં યોજવું ફરજિયાત છે. જિલ્લા પરિષદની ચૂંટણી ડિસેમ્બરના પહેલા કે બીજા અઠવાડિયામાં યોજાશે. તે દરમિયાન સરકારી તંત્ર કાર્યરત રહેશે. તેથી, તે પછી જ શિયાળુ સત્ર યોજવાનું શક્ય બનશે.

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૪૦૧-સી)

### ૧૨. યાત્રા સહેલગાહ

**ફેમિલી - ગ્રુપ**

ટૂર પેકેજ, Visa, Insurance હોટલ બુકિંગ, Flight Ticket. 9773116540. (૩૬૫-સી)

### ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સ માટે યુવાનો / યુવતીઓ જોઈએ છે.**

સાંતાક્રુઝ (વે.)માં આવેલ સિલ્વર, ઈમિટેશન જવેલરીના શોરૂમ માટે અનુભવી / બિનઅનુભવી (ઉં. વ. ૧૮ થી ૩૫) સુધીના જે બોલવામાં ચપળ, સ્માર્ટ તથા કસ્ટમબરને સારી રીતે સમજાવી શકે તેવા ખંતીલા યુવાનો/ યુવતીઓ તુરંત જોઈએ છે. સારો પગાર, સારી ફેસીલીટી તથા આગળ વધવાની એક સારી તક. ઈચ્છુક બાયોડેટા તથા રેફરંસ સાથે રૂબરૂ સંપર્ક કરે. રાકેશભાઈ હરીયા 9821138903. મહાવીર સિલ્વર પોઈંટ, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. (એસડીબી-૨૯૨૬)

### ૧૭. જગ્યા આપવી છે

**''માટુંગાથી પ્રભાદેવી''**

**''દેરાસર પાસે OC મળેલ ફ્લેટ્સ, શોપ વેચાણથી/ ભાડેથી'':- 8591254627. (૪૨૪-એ)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (જૈન જ્યોતિષ)**

(સર્વ જૈન ભાઈઓ/ બહેનો/ માતાઓ જૈન વિધિથી કાર્ય કરવામાં આવશે.) જન્માક્ષર જોનાર બનાવનાર, લગ્ન સગાઈમાં રૂકાવટ, ઘરકંકાશ, બીમારી, ધંધામાં રૂકાવટ, પ્રેમલગ્ન, લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, સાસ/ સૌતન/ બહુનાત્રાસ, શત્રુનાશ, કોર્ટ-કચેરીમાં વિજય, નોકરી, પ્રમોશન, દારૂ છોડાવો, સંતાનથી દુઃખી, પતિ પત્ની અનબનાવ, શંકા- કુશંકા થયેલા, જૂની ઉઘરાણી, દેવાથી મુક્તી, જમીન મકાનમાં ફસાયેલા, માતાઓ/ બહેનો પણ મળી શકો. (પત્તા- ગોકુલ બંગલો, ટીપીએસ, સિંપોલી, બોરીવલી (વેસ્ટ). 9023762736. (બી-૧૬૬૬૫)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરાપુર નિવાસી હાલ બરોડા, સ્વ. વીરચંદ પોપટલાલ દેસાઇના પુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૭૯) તે કલ્પનાબેનના પતિ. શાર્દુલ અને સ્વ. કૌશલના પિતા. તૃપ્તી અને માનસીના સસરા. રાશિ, યશ્વી, પ્રથમ અને રૂષભના દાદા. સ્વ. વિનોદભાઇ, સ્વ. ઉષાબેન મહેન્દ્ર કામદાર, અરુણભાઇ, રેખાબેન કૌશિક મહેતા અને સ્વ. જગદીશભાઇના ભાઇ. પોરબંદર નિવાસી પ્રવીણચંદ્ર તુલસીદાસ શાહના જમાઇ તા. ૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ખાંભા નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. ચંદનબેન ધીરજલાલ દેસાઈના સુપત્ર ભાવેશભાઈ (ઉં. વ. ૫૬) તે નિમિષાબેનના પતિ. હિનલ દેવમભાઈ શેઠ તથા કેનાલીના પિતાશ્રી. જીતેન્દ્રભાઈ - જેસલબેનના ભાઈ. ધારી નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. પુષ્પાબેન રમેશચંદ્ર ત્રંબકલાલ ઝાટકીયાના જમાઈ. અમિતાબેન - અશોકભાઈ સંઘવી, કેતનભાઈ - નીતાબેન તથા ભાવેશભાઈ - નીપાબેનના બનેવી તા. ૩/૧૧/૨૫ને સોમવાર અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ને ગુરુવારના ૩ થી ૫. વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ચીયાસરના મા.ગુણવંતીબેન મારૂ (ઉં. વ. ૭૦) તા.૨-૯-૨૫ના અવસાન પામેલ છે. હીરાલાલના ધર્મપત્ની. મા.નવલબેન હંસરાજ ધારશીના પુત્રવધૂ. બાડાના મા. દેવકાંબાઈ જેઠાભાઈ મોણશીના સુપુત્રી. નિમેષ, મેહુલ, ઉર્વીના માતુશ્રી. બાડાના શાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મેહુલ મારૂ, સી/૬૧૨, સૂર્યકીર્તી ટાવર, બિ.નં.૮૫, તીલક નગર, ચેંબુર મુંબઈ ૪૦૦૦૮૯.

પત્રીના જયાલક્ષ્મી દામજી ધરોડ (ઉં. વ. ૮૧)તા. ૧-૧૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. કુંવરબાઈ વીરજી નથુના પુત્રવધૂ. દામજીના પત્ની. ચેતન, દીપ્તિ (ટીના), મિતેષ, હિતેશના માતુશ્રી. છસરાના ભાણબાઈ પ્રેમજી ખીમજીના સુપુત્રી. વસંત, ચુનીલાલ, મહેન્દ્ર, વિનોદ, રસીક, સુરેશ,ચંચળ, સુશીલાના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન સં સં કરસન લઘુ નિસર હોલ, દાદર (વે), ટા. ૨ થી ૩.૩૦. નિ : મિતેષ ધરોડ, એ-૬૦૨, શ્રી નાકોડા હાઈટ્સ, ડી.પી વાડી, કાપરેશ્વર મંદિરની બાજુમાં, ઘોડપદેવ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૩૩.

વાંકીના ભવાનજી પ્રેમજી ગાલા/ખીરાણી (ઉં. વ. ૮૨) તા. ૧-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. નાનબાઇ પ્રેમજી નેણશીના સુપુત્ર. સ્મિતાબેન (સરસ્વતી)ના પતિ. ડો. કેતન, વિરેન, મેઘનાના પિતાશ્રી. પોપટભાઇ, ડો. ધીરજ ગાલા, હરખચંદના ભાઇ. ડુમરાના લક્ષ્મીબેન રતનશી શીવજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભવાનજી પી. ગાલા, એ/૫૦૩, ૐ સૃષ્ટી, ડમ્પીંગ રોડ, મુલુંડ (વે.), મુંબઇ-૮૦.

મોટા આસંબીયા હાલે મુલુંડના શીલાબેન (ખુશાલી) ગુલાબચંદ શાંતીલાલ શાહ/ગાલા (ઉં. વ. ૮૧) ૨-૧૧-૨૫ના અરીહંત શરણ પામેલ છે. સુશીલા શાંતીલાલ રવજી કોરશીના પુત્રવધુ. દિપક, લતાના માતુશ્રી. રાયણના કસ્તુરબેન નાગજી વિધુના સુપુત્રી. પ્રવિણ, ગીરીશ, ધીરજના બેન. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : શીલાબેન ગુલાબચંદ શાહ, ગણેશ બાગ, રૂમ નં. ૧૬, બીજે માળે, જે.એન.માર્ગ, મુલુંડ (વેસ્ટ).

લાખાપરના પ્રેમિલા દેવચંદ ગંગરના જમાઈ અંબાલા કેંટના હરીશ (હેપ્પી) સત્યપાલ (ઉં. વ. ૪૮) તા. ૩૦-૧૦-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. દર્શિકાના પતિ. વ્યોમ તથા ધ્રુવના પિતા. અંબાલાના ઉષા સત્યપાલના સુપુત્ર. અશ્વિનના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દેવચંદ ગંગર બી-૫, રાજગંગા બિલ્ડીંગ, કોપર રોડ, ડોંબિવલી (વે).

માપરના રમણીક હંસરાજ ગડા (ઉં. વ. ૭૯) તા. ૧-૧૧-૨૫ના સદ્ગતી પામેલ છે. લક્ષ્મીબેન હંસરાજ ખેતશી ના પુત્ર. સ્વ. પ્રભાબેનના પતિ. તોરલ, નિલમ, ચેતના, રૂપલના પિતા. સાભરાઇ કંકુ સુંદરજી, માપર હીરબાઇ દામજી, વિઢ વિમળા પોપટલાલ, અમૃતના ભાઇ. વિઢ હીરબાઇ ચના પાસુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. રમણીક શાહ, બી/૨, ૮૦૫, સરોવા, સમતા નગર, કાંદીવલી (ઇ).

## પારસી મરણ

મરઝબાન નવરોજી સરકારી તે મરહુમ આબાનના ધની. તે મરહુમો તેહમીના નવરોજી સરકારીના દીકરા. તે મીનુ, જાલ, મેરી ને મરહુમ નરીના ભાઇ. તે મેહેરોઝના કાકા. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૬૦૩, બી-વિંગ, શબનમ, ૬ટ્ઠે માળે, સી. ડી, બરફીવાળા માર્ગ, અંધેરી (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૫૮.

ધન રુસી મિસ્ત્રી તે મરહુમ રૂસીના ધનયાની. તે મરહુમો જાઇજી બેહરામજી સોપારીવાલાના દીકરી. તે વાબીઝ, હુતોક્શી ને મરહુમ પરવીનના માતા. તે યઝદી, કેરસી ને દારાના સાસુ. તે મેહલી, હોમાય ને બરજોરના બહેન. તે મેહર, બેનાઝ, ફરાહ ને પરીઝાદના મમઇ. (ઉં.વ. ૯૩) રે. ઠે. પી/૪, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ-મુંબઇ-૪૦૦૦૧૨.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સલાયા હાલ સાંગલી ચંદ્રકાંત વલ્લભદાસ મોદી (ભાટે) (ઉં. વ. ૮૨) તે નયનાબેનના પતિ. જગજીવનદાસ વલ્લભદાસ મોદી, સ્વ. લક્ષ્મીબેન પુરુષોતમદાસ મજીઠીયા, સ્વ. સવિતાબેન લક્ષ્મીદાસ લાખાણી, સ્વ. પ્રમિલાબેન કાકુભાઇ પાબારીના ભાઇ. તે રાજેશ તથા અ. સૌ. રક્ષા કિરિટકુમાર વસાણીના પિતા. તે પદ્માબેનના દિયર. સ્વ. વલ્લભદાસ મૂળજી ભાયાણીના જમાઇ. અ. સૌ. બિનલના સસરા બુધવાર, તા. ૨૯-૧૦-૨૫ના રોજ સાંગલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. દેહદાન કરેલ છે, સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા રતીલાલ હરજીવનદાસ ગાંધીના પુત્ર નલીનકુમાર (ઉં. વ. ૭૮) તા. ૩-૧૧-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. હેતલ, દીપાલી, નીરવના પિતા. કલ્પેશકુમાર શેઠ, સંદીપકુમાર પારેખ અને કૃપાના સસરા. સાસરા પક્ષે મહુવાવાળા પ્રાણલાલ નાથાલાલના જમાઇ. રમણીકભાઇ, વસંતભાઇ, શશીકાંતભાઇ, શરદભાઇ અને જયંતભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હિન્દુ કોળી સમાજ**

હાલ મુંબઇ નિવાસી સુશ્રી. જયોતિબેન પ્રભુભાઇ પટેલ (ઉં. વ. ૯૦) તા. ૩-૧૧-૨૫ના સાંતાક્રુઝ (પૂર્વ) ખાતે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વસુબેન અંબેલાલ નાયક, રામીબેન છીબાભાઇ પટેલ, ગં.સ્વ.ભીખીબહેન દયાળજીભાઇ પટેલ અને નિર્મલાબેન શેલેષભાઇ મારફતિયાના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

રોહા નિવાસી હાલ કાંદીવલી, અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૮૪) શનિવાર તા. ૦૧.૧૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભીખાલાલ શાંતિલાલ શાહના પત્ની. સ્વ. જગમોહનદાસ ગણેશ દામાણીના દીકરી. શ્રીલા તથા કૌશિકના માતા. નીતિન વિષ્ણુદાસ મેસવાણી તથા હેતલ કૌશિક શાહના સાસુ. હંસાબેન વિનોદચંદ્ર શાહ, ભારતીબેન જીતેન્દ્ર મુછાળા, સ્વ. ઇન્દિરાબેન રજનીકાંત પારેખ તથા પ્રજ્ઞાબેન સુરેશ શાહના ભાભી. પ્રાચી, યેષા અને દિયાના નાની / દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મૂળ ગામ ઈંગોરાળા નિવાસી હાલ કાંદિવલી, મનોજ ધીરજલાલ ગગલાણી (ઉં. વ. ૫૯) તે ગં સ્વ. જયાબેન ધીરજલાલ ગગલાણીના સુપુત્ર. તે સ્વ. જગદીશ ધીરજલાલ, ભરત ધીરજલાલ, અ. સૌ. કોકિલાબેન દિનેશકુમારના ભાઇ. જતીન, સ્વ. સચિન, મિકિતા રોહેન મણિયાર, શેફાલી હેરિલ શાહના કાકા. સ્વ. બાવચંદભાઈ, સ્વ. વ્રજલાલભાઈ સ્વ. કેશવલાલભાઈ સ્વ. અંબાબેન રાયચંદ ભૂપતાની, લાભુબેન અમૃતલાલ, ગં. સ્વ. સરલાબેન ચંદુલાલના ભત્રીજા. સ્વ. ખોડીદાસ વલ્લભદાસ, સ્વ. નંદલાલ કાંતિલાલ, ગીરધરલાલભાઈ, વિનોદભાઈ ઝવેરચંદ, સ્વ. પ્રેમકુવરબેન કેશવલાલ, સ્વ. સમરતબેન સાંગાણી, મુક્તાબેન વનમાળીદાસના ભાણેજ તા. ૨.૧૧.૨૦૨૫ના રવિવાર શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ**

મૂળ વતન લીમડી સુરેન્દ્રનગર, સ્વ. પોપટલાલ અને શાંતાબેન પંડયાના સુપુત્રી, સ્વ. જગદીશચંદ્ર ચંદ્રશંકર આચાર્યના ધર્મપત્ની, શ્રીમતી રંજનબેન તા.૧/૧૧/૨૫ના સાન્તાક્રુઝ ખાતે દેહાવસાન થયું છે. તે જ્યોતિ, ચિંતન અને નિખિલની માતા, જતીન અરુણકુમાર દવે, વૈશાલી ચિંતન આચાર્યના સાસુ. શુભમ, સ્તુતિ, ગૌતમ અને સુહૃદના બા. સાસરાપક્ષ અને પિયરપક્ષ બંને તરફની પ્રાર્થનાસભા તા. ૪ /૧૧/૨૫ મંગળવારના ૫થી૭. ઠે. આરોગ્ય ધામ હોલ, દત્તાત્રેય રોડ, સૂર્યા હોસ્પિટલ સામે, સાંતાક્રુઝ પશ્ચિમ.

**કપોળ**

અંધેરી નિવાસી, સ્વ. શકુંતલાબેન રણછોડદાસ મોદીના સુપુત્ર હરીશભાઈ (ઉં.વ. ૮૧) તે બીના (ઉષા) બેનના પતિ. તે વિરલ, સૌ. રાધિકાના પિતા. અ.સૌ. ખ્યાતિ અને પ્રશાંતના સસરા. તા. ૩૧/૧૦/૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઉષાબેન, સ્વ. સુધાબેન, સ્વ. નીલાબેન, સ્વ. આશાબેન તથા આ.સૌ. ભાવનાબેન જીતેન્દ્રભાઈ સંઘવીના ભાઈ. સાસરા પક્ષે સ્વ. જયાબેન શામળદાસ વોરાના જમાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

વરિયાવ મુલના, હાલ મલાડ, સ્વ. દીનાનાથ વૈજનાથ રાવલ અને સ્વ. શારદાબેન રાવળના પુત્ર. જનક (ઉં. વ. ૭૮) તે મીનાબેન રાવલના પતિ. હિતાલી રાવળના પિતા, અનિલ, રોહિત અને કલ્પનાના ભાઈ તા. ૧ નવેમ્બર ૨૦૨૫ હરિચરણ પામ્યા છે. પ્રાર્થના રાખેલ નથી.

**ખંભાતી મોઢ અડાલજ વણિક**

ઔરંગાબાદ નિવાસી, સ્વ. તારાબેન અને સ્વ. નટવરલાલ નરસિદ્દાસ કાપડિયાના પુત્રી ગં. સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૯૪) તે સ્વ. રસિકલાલ છગનલાલ પારેખના પત્ની. જયેશના માતા, જયના (રિતા)ના સાસુ. જાન્હવી અને જૂહીના દાદી, મિલિંદ પરીખ અને કૈવલ્ય ઝવેરીના દાદીસાસુ, તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના તેમના નિવાસસ્થાન બોરિવલી શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# તન-મન-ધનથી રહો તરોતાજા

# MY AGM - My Annual Goal (Planning) Meeting ....




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

ટીવી પર એન્કર બોલી રહ્યો હતો, 'હવે બધાની નજર એબીસી લિમિટેડની ઍન્યુઅલ જનરલ મિટિંગ પર છે.' લાખો લોકો કંપનીઓનાં ત્રિમાસિક અને વાર્ષિક પરિણામોની ચર્ચા કરતાં હોય છે. તેમાંથી કેટલા શેરધારકો હશે, કેટલા સલાહકારો હશે અને કેટલા લોકો ફક્ત કોર્પોરેટ રિઝલ્ટની ફક્ત ચર્ચા કરવા માટે ચર્ચા કરનારા હશે એ એક મોટો સવાલ છે. માણસે કંપનીઓનાં રિઝલ્ટ ટીવી પર જોવાં કે નહીં, અખબારોમાં વાંચવાં કે નહીં અથવા તેની ચર્ચા કરવી કે નહીં એ દરેકની પોતાની પસંદગી પર નિર્ભર છે, પણ પર્સનલ ફાઈનાન્સરના સલાહકાર તરીકે મારા મનમાં વિચાર આવે છે કે શું લોકો પોતાની આર્થિક તંદુરસ્તીની વાર્ષિક ચર્ચા કે સમીક્ષા કરવામાં આટલો સમય આપતા હશે?

આપણા માટે શું વધુ મહત્ત્વનું હોવું જોઈએ, પોતાની આર્થિક સ્થિતિનું આકલન કે કોઈ એક કંપનીનું? દંપતીઓ માટે પર્સનલ ફાઈનાન્શ્યિલ પ્લાનિંગની કાર્યશાળાનું સંચાલન કરતી વખતે હું એક નાનકડી ઍક્ટિવિટી કરાવું છું. પરિવારની આર્થિક બાબતો સંભાળતી ન હોય એવી વ્યક્તિને હું પાંચ સવાલ પૂછતો હોઉં છું, જો પતિ સંભાળતો હોય તો પત્નીને અને પત્ની સંભાળતી હોય તો પતિને એ સવાલો લાગુ પડે છે.

તેના જવાબ આપતી વખતે એ વ્યક્તિએ અહીં જણાવ્યા મુજબની પાંચ વ્યક્તિઓનાં નામ અને કોન્ટેક્ટ નંબર જણાવવાના હોય છેઃ ૧) છેલ્લાં ત્રણ વર્ષનાં પરિવારનાં આવક વેરાનાં રિટર્ન ભરનાર ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, ૨) મેડિકલ ઈન્શ્યોરન્સ અપાવનાર એજન્ટ, ૩) જીવન વીમો અપાવનાર એજન્ટ, ૪)મ્યુચ્યુઅલ ફંડનો એજન્ટ અને ૫) સ્ટોક બ્રોકર.

આના જવાબ સાંભળીને નવાઈ લાગશે. મોટા ભાગની પત્નીઓ કહેતી હોય છે :

'હું મારા પતિને કેટલીય વાર કહું છું કે મને પણ આવી બધી જાણકારી અને માહિતી આપે, પરંતુ એ ક્યારેય મારી સાથે બેસીને તેની વાત નથી કરતા...'

પતિઓનો જવાબ પણ કંઈક આ પ્રકારનો હોય છે :

'હું મારી પત્નીને ઘણીવાર કહું છું કે ઘરકામમાંથી થોડો સમય કાઢીને મારી સાથે ઈન્વેસ્ટમેન્ટની વિગતો જાણી લે, પણ એને કામમાંથી ફુરસદ જ નથી મળતી.'

દર વખતે મને આવા જ પ્રકારના જવાબ મળે છે. પતિ -પત્નીને સમય નથી એવું ભલે કહેવાતું હોય, પણ હકીકત તો એ જ છે કે બન્નેમાંથી કોઈ આ વિષયને પહેલેથી ગંભીરતાથી લેતું નથી.આપણે ત્યાં હવે સંયુક્ત પરિવારો ઘણાં ઓછા બાકી રહ્યાં છે. ક્યાંક અમુક રીતનો સંયુક્ત પરિવાર હોય તો પણ ભાઈઓના પોતપોતાના હિસાબ હોય છે.

મારા એક મિત્રના પાડોશીએ એક દિવસ મને કહ્યું, 'મારા પપ્પાની પાસે જીવન વીમા પોલિસી હતી એ મને તેમનાં મૃત્યુ પછી જ ખબર પડી. એ તો સારું થયું કે એજન્ટે અમને સામેથી બધી વિગતો આપી અને ક્લેમ કરવામાં મદદ કરી, નહીંતર પપ્પાની બધી મહેનત એળે ગઈ હોત.'

એક દિવસ હું લિવરનું ઓપરેશન કરાવનાર મારા કઝિનની ખબર કાઢવા હોસ્પિટલમાં ગયો ત્યારે ભાભીએ કહ્યું હતુ : 'એમની કંપનીએ એમને કેટલો મેડિક્લેમ આપ્યો છે તેની અમને જરાપણ ખબર ન હતી. અમારા ઘરમાં ક્યારેય એ વાતની ચર્ચા જ થઈ ન હતી.'

પતિ -પત્નીએ દર ત્રણ મહિને બે કલાક માટે ભેગાં બેસીને આર્થિક સ્થિતિની સમીક્ષા કરી લેવી જોઈએ. આ કામ અતિશય મહત્ત્વપૂર્ણ છે. ત્રણ મહિને બે કલાક એટલે આખા વર્ષના માત્ર આઠ કલાક. હું આવી સમીક્ષાની બેઠકને 'ફાઈનાન્શ્યિલ ડેટિંગ' કહું છું!

બે કલાકની એ મીટિંગ દરમિયાન બેન્કના સ્ટેટમેન્ટ કે પાસબુક, ક્રેડિટ કાર્ડનાં સ્ટેટમેન્ટ, લોન અકાઉન્ટની વિગતો, ડિમેટ અકાઉન્ટનાં સ્ટેટમેન્ટ, મ્યુચ્યુઅલ ફંડનાં સ્ટેટમેન્ટ વગેરે જોઈ લેવાં જોઈએ. એ જે રીતે, ઉપરોકત કહ્યું એવાં પાંચેય માણસોના સંપર્કની વિગતો છેલ્લામાં છેલ્લી હોય એ જોઈ લેવું. તમામ રોકાણોનું KYC પણ અપ-ટુ-ડેટ છે કે નહીં એ પણ ચકાસી લેવું. બીજી મીટિંગ થાય ત્યાં સુધીમાં પાકવાનાં હોય એ ફિક્સ્ડ ડિપોઝિટ, બોન્ડ કે બીજી કોઈ પોસ્ટલ સ્કીમની યાદી બનાવી લેવી. નજીકનાં ભવિષ્યમાં કોઈ મોટો ખર્ચ આવવાનો હોય તો તેના માટેની જોગવાઈ કેવી રીતે કરવી એ પણ નક્કી કરી લેવું.

આમ કરવાથી તમારી નાણાકિય જવાબદારીઓનું પાલન થશે અને આકાંક્ષાઓ પૂરી થશે. તમે કંપનીઓની એન્યુઅલ જનરલ મીટિંગ માટે સમય ન ફાળવો તો ચાલે, પણ તમારા પોતાના જીવનની AGM એટલે કે My Annual Goal (Planning) Meeting માટે જરૂરથી સમય ફાળવજો.

**યોગિક હેલ્થઃ**

દ્રૌપદીના સ્વયંવરની આગાલી રાતે કૃષ્ણ અને અર્જુન વાતો કરી રહ્યાં છે. બીજા દિવસે મત્સ્યભેદન થવાનું છે. દ્રૌપદીનો હાથ કોને મળશે એનો નિર્ણય એ સ્પર્ધામાં થવાનો હતો. એક થાંભલા પર લટકાવેલી ફરતી માછલીની આંખ તીરથી વિંધવાની સ્પર્ધા હતી. મત્સ્યભેદન અઘરુ બને એ માટે એવો નિયમ રાખવામાં આવ્યો હતો કે તીર ચલાવનારે થાંભલાની નીચે રાખવામાં આવેલા પાત્રમાં રાખવામાં આવેલાં પાણીમાં માછલીનું પ્રતિબિંબ જોઈને આંખ વિંધવી. એટલું ઓછું હોય એમ તીર ચલાવનારે મોટા ત્રાજવા પર ઊભા રહીને સંતુલન સાધીને તીર ચલાવવાનું હતું.

કૃષ્ણ (અર્જુનને)ઃ પહેલાં મનને સ્થિર કરો, પછી ધીમેધીમે ત્રાજવા પર ચડો. પાણીમાં જુઓ. મનને ફરીથી સ્થિર કરો. આસ્તેથી નિશાન સાધો અને પછી તીર છોડો.

અર્જુનઃ જો હું જ બધું કરીશ તો તમે શું કરશો?

કૃષ્ણ : હું એ કરીશ જે તમે કરી નથી શકતાં.

અર્જુન (અચરજથી) : હું નથી કરી શકતો એવું તે વળી શું છે?

કૃષ્ણ : હું તમારી નીચે રખાયેલા પાણીને સ્થિર રાખીશ. તમે એ નહીં કરી શકો. જો પાણી સ્થિર નહીં રહે તો તમે લક્ષ કેન્દ્રિત કરી નહીં શકો.

ટૂંકમાં , ભગવાનની સહાય વગર આપણે પાણીને સ્થિર રાખી શકીએ નહીં. આપણે પોતાનાથી થાય એટલું બધું કરી છૂટવું જોઈએ, પણ છેલ્લે તો બધું ભગવાન પર છોડી દેવું જોઈએ. ■

# NRI માટે પાવર ઑફ ઍટર્નીનું કેટલું મહત્ત્વ?

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા




આપણે કાનૂની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ એટલે કે પાવર ઑફ ઍટર્ની વિશે વાત કરી રહ્યા છીએ. આ દસ્તાવેજને લગતી કાનૂની આવશ્યકતાઓ, ઍટર્ની ઇન ફેક્ટની મર્યાદાઓ તથા અધિકારો અને તેના વિશેના બીજા કેટલાક અગત્યના મુદ્દાઓની ચર્ચા અગાઉ કરી ચૂક્યા છીએ. આજે આપણે NRI એટલે કે બિનરહીશ ભારતીયો માટે આ દસ્તાવેજ કેવી રીતે મહત્ત્વનો છે એની વાત કરીશું.

ફક્ત ભારતની અંદર જ નહીં, વિદેશમાં રહેતા ભારતીયો માટે પણ પાવર ઑફ ઍટર્નીનું ઘણું મહત્ત્વ છે. વિદેશમાં રહીને ભારતમાં ઍસેટ્સનો વહીવટ કરાવવાનું સામાન્ય સંજોગોમાં મુશ્કેલ હોય છે. આ સ્થિતિમાં પાવર ઑફ ઍટર્ની ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. બીજું, ક્યારેક દેશના અલગ અલગ ભાગોમાં ઍસેટ્સ પથરાયેલી હોય અને બધે પહોંચી વળવાનું શક્ય ન હોય ત્યારે બિનરહીશ ભારતીયોને આ દસ્તાવેજ બનાવવાનું ઘણું ઉપયોગી થઈ પડે છે. બિનરહીશ ભારતીયો એક અથવા વધુ ઍજન્ટોને પાવર ઑફ ઍટર્ની આપી શકે છે. ઍજન્ટોને સોંપવામાં આવેલી જવાબદારીઓમાં રિયલ એસ્ટેટનું વેચાણ કરવું, એ લીઝ પર આપવી અથવા મોર્ગેજ કરવી, એ બધાનો સમાવેશ થાય છે.

બેન્કો અને વીમા કંપનીઓ સાથેનાં કામકાજ પણ નિયુક્ત કરેલા એજન્ટ કરી શકે છે. બિનરહીશ ભારતીય ભારતમાં આવે ત્યારે આવી પાવર ઑફ ઍટર્ની કરાવવી જોઈએ. પોતે ભારતીય ભારતમાં હાજર હોય ત્યારે એ જાતે પાવર ઑફ ઍટર્ની બનાવડાવી શકે છે. તેના માટે એમણે સૌથી પહેલાં પાવર ઑફ ઍટર્નીનો વિષય નક્કી કરવાનો રહે છે. તેના આધારે દસ્તાવેજનો મુદ્દો બનાવીને પૂરતી રકમના નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર પર એ ઉતારવો પડે છે. ત્યાર બાદ કાનૂની પ્રતિનિધિઓને તથા બે સાક્ષીને લઈને સબ-રજિસ્ટ્રારની ઑફિસે જઈને એ પાવર ઑફ ઍટર્ની રજિસ્ટર કરાવી શકે છે. આ વખતે દરેક વ્યક્તિએ પોતાની પાસે વૈધ ઓળખપત્ર રાખવું જરૂરી હોય છે.

સબ-રજિસ્ટ્રારની ઑફિસમાં ગયેલી વ્યક્તિઓની સહી કરાવવી, તસવીરો લેવી અને ફિંગરપ્રિન્ટ લેવી, વગેરે ઔપચારિકતાઓ પૂરી કરવામાં આવે છે. પાવર ઑફ ઍટર્નીના રજિસ્ટ્રેશન માટે આવશ્યક ફીની ચુકવણી પણ ત્યાં કરવાની હોય છે.

આ ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ તમે પાવર ઑફ ઍટર્નીની રજિસ્ટર્ડ કોપી સબ-રજિસ્ટ્રારની ઑફિસમાંથી કહ્યું હોય એ તારીખે જઈને લાવી શકો છો. સામાન્ય રીતે પાવર ઑફ ઍટર્નીનું રજિસ્ટ્રેશન કરવામાં બેથી ત્રણ કામકાજી દિવસ જેટલો સમય નીકળી જાય છે.

હવે ધારી લો કે બિનરહીશ ભારતીય ભારતમાં ન હોય ત્યારે પાવર ઑફ ઍટર્ની કરાવવી હોય તો?

તમે બિનરહીશ ભારતીય છો અને નજીકના ભવિષ્યમાં ભારત આવો એવી શક્યતા ઓછી હોય તો પણ તમે જે દેશમાં વસવાટ કરતા હો એ દેશમાંની ભારતીય કોન્સ્યુલેટ અર્થાત્ રાજદૂતાવાસ મારફતે ભારતમાં પાવર ઑફ ઍટર્ની કરાવી શકો છો.

**ભારતની બહાર રહીને પાવર ઑફ ઍટર્ની કરાવવાના બે રસ્તા છેઃ**

**લીગલાઇઝેશનઃ**

જે નોટરી કે ન્યાયમૂર્તિની સામે પાવર ઑફ ઍટર્ની કરાવવામાં આવી હોય એમની સહીને ભારતીય રાજદૂતાવાસના અધિકૃત પ્રતિનિધિ પાસે ઑથેન્ટિકેટ કરાવવાની હોય છે. ડિપ્લોમેટિક ઍન્ડ કન્સ્યુલર ઑફિસર્સ (ઓથ્સ ઍન્ડ ફીસ) ઍક્ટ, ૧૯૪૮ની કલમ ૩ મુજબ આવી રીતે ઑથેન્ટિકેટ કરાવાયેલી નોટરીને જ વૈધ નોટરી ગણવામાં આવે છે.

આવી પાવર ઑફ ઍટર્ની કરતી વખતે એના પર સ્ટેમ્પિંગની જરૂર પડતી નથી. જોકે, ભારતમાં એની પ્રાપ્તિ થયાના ત્રણ મહિનાની અંદર સ્ટેમ્પિંગ કરાવવું જરૂરી બને છે. ઇન્ડિયન સ્ટેમ્પ ઍક્ટ, ૧૮૯૯ના પરિચ્છેદ ૧ સાથે કલમ ૨(૧૭)ને ધ્યાનમાં લેતાં એને સ્ટેમ્પ ડ્યૂટી લાગુ પડે છે. ભારતમાં રજિસ્ટ્રેશન કરાવતી વખતે આ ડ્યૂટી ભરવાની હોય છે.

**અપોસ્ટિલાઇઝેશનઃ**

આ એક પ્રકારનું એટેસ્ટેશન છે, જેની મદદથી અમુક નિર્ધારિત સ્વરૂપમાં હોય એ દસ્તાવેજો હેગ કન્વેન્શન, ૧૯૬૧નો હિસ્સો હોય એવા તમામ દેશમાં સ્વીકાર્ય બને છે. આ પ્રક્રિયાને 'સુપર-લીગલાઇઝેશન' પણ કહે છે. અપોસ્ટિલ સર્ટિફિકેટ દસ્તાવેજ પર સહી/સિક્કા કરીને એને ઑથેન્ટિકેટ કરે છે અને એને પુષ્ટિ આપે છે. જોકે, જે કરાર/ખત કરવામાં આવ્યો હોય એ ઇન્ડિયન રજિસ્ટ્રેશન ઍક્ટ, ૧૯૦૮ અને પાવર ઑફ ઍટર્ની ઍક્ટ, ૧૮૮૨ જેવા ભારતીય કાયદા મુજબ પણ હોવો જોઈએ. તેના માટે લાગુ પડતી સ્ટેમ્પ ડ્યૂટી પણ ચૂકવવી પડે છે.

પ્રોપર્ટીના માલિકો એક કરતાં વધારે હોય એ સંજોગોમાં પાવર ઑફ ઍટર્ની કોઈ પ્રોપર્ટીમાં એક કરતાં વધુ માલિકો હોય ત્યારે બધા માલિકો કોઈ વ્યવહાર કરવા માટે એક જ સમયે, એક જ સ્થળે ભેગા થાય એવું ઘણું મુશ્કેલ હોય છે. આ સ્થિતિમાં એક વ્યક્તિને પાવર ઑફ ઍટર્ની આપી દેવાથી કામ સહેલું બને છે.

આ પાવર ઑફ ઍટર્નીની મદદથી ઍજન્ટ એકલા હાથે તમામ માલિકો વતી વ્યવહાર પૂરો કરી શકે છે. ■

# સ્નાયુની ઈજાનો રોગ 'રેબડોમાયોલિસિસ' શું છે?

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક





ભારતીય ક્રિકેટ ટીમના યુવા બેટ્સમેન અને એશિયા કંપની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર તિલક વર્માએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તે 'રેબડોમાયોલિસિસ' (Rhabdomyolysis) નામની ઘાતક બીમારીનો શિકાર બન્યો હતો.

ભલભલા યુવાન રમતવીરની કરિયર જોખમમાં મૂકી દે એવી શું છે આ બીમારી અને શા માટે એ ઘાતક ગણાય છે તે જાણીએ.

રેબડોમાયોલિસિસ, જેને ટૂંકમાં 'રેબડો' કહેવાય છે, તે એક ગંભીર સ્થિતિ છે જે સીધી કે પરોક્ષ રીતે સ્નાયુની ઇજાને કારણે થાય છે. તે ત્યારે થાય છે જ્યારે સ્નાયુ તંતુઓ મૃત્યુ પામે છે અને તેમના ઘટકો લોહીના પ્રવાહમાં મુક્ત થાય છે.

જ્યારે આવું થાય છે ત્યારે કોઈના પણ સ્નાયુ તંતુઓના ઝેરી ઘટક એની પરિભ્રમણ પ્રણાલી અને કિડનીમાં પ્રવેશ કરે છે. આનાથી કિડની ફેલ - નિષ્ફળતા જેવી ગંભીર ગૂંચવણો થઈ શકે છે. આનો અર્થ એ છે કે કિડની કચરો અને સંકેન્દ્રિત પેશાબ દૂર કરી શકતી નથી.

## 'રેબડોમાયોલિસિસ'નાં કારણઃ

આ થવાનાં ઇજા સંબંધિત અને બિન-ઇજા સંબંધિત ઘણાં કારણ છે. અકસ્માત, પડવાથી અથવા મકાન તૂટી પડવાથી થતી ઇજા કે પછી લાંબા સમય સુધી સ્નાયુ સંકોચન જેમ કે પડી ગયા પછી લાંબા સમય સુધી સ્થિર રહેવાથી અથવા માંદગી દરમિયાન અથવા દારૂ અથવા દવાના પ્રભાવ હેઠળ સખત સપાટી પર બેભાન પડી રહેવાથી, વીજ કરંટથી થયેલી ઇજા, વીજળી પડવી અથવા થર્ડ-ડિગ્રી બર્ન કે સાપ અથવા જંતુના કરડવાથી ઝેરી અસરથી, અથવા આરામ વિના અતિશય કસરત કરવા જેવાં કારણોથી આ બીમારી થઇ શકે છે.

એ જે રીતે, બિન-ઇજા સંબંધિત કારણોમાં સ્નાયુઓમાં ભારે ખેંચાણ, ખાસ કરીને પુરુષોમાં જે નિયમિતપણે કસરત કરે છે અને જેમનો બોડી માસ ઇન્ડેક્સ (BMI) ૩૦ થી વધુ હોય છે, પછી ભલે તે વધારે વજનને કારણે હોય કે ખૂબ જ સ્નાયુબદ્ધ હોવાને કારણે.

આ ઉચ્ચ કક્ષાના રમતવીરોમાં પણ થઈ શકે છે અને જો વધુ સ્નાયુ સમૂહ તૂટી જાય તો રેબડો વધુ ખતરનાક બની શકે છે. એન્ટિસાઈકોટિક્સ અથવા સ્ટેટિન્સ જેવી દવાઓનો ઉપયોગ, ખાસ કરીને જ્યારે તે વધુ માત્રામાં આપવામાં આવે. જે લોકો ગરમ હવામાનમાં બહાર કામ કરે છે અથવા ઊંચા તાપમાનના સંપર્કમાં આવે છે એમને પણ આ બીમારીનુ વધુ જોખમ હોય છે.

રેબડોમાયોલિસિસનો ભૂતકાળનો ઇતિહાસ પણ ફરીથી રેબડોમાયોલિસિસ થવાનું જોખમ વધારી શકે છે.

નિષ્ણાતો ચેતવે છે કે ઉચ્ચ-તીવ્રતા વાળી શારીરિક તાલીમ, સ્પિનિંગ, ક્રોસફિટ અને અલ્ટ્રારનિંગ જેવી આત્યંતિક કસરતોના કારણે રેબડોમાયોલિસિસનું પ્રમાણ લોકોમાં વધેલું જોવા મળે છે.

## શું છે એનાં લક્ષણ?

રેબડોમાયોલિસિસનાં ચિહ્નો અને લક્ષણો નક્કી કરવા મુશ્કેલ છે, કારણ કે રેબડોમાયોલિસિસ કેવી રીતે આગળ વધે છે તેનો આધાર તેના કારણ પર રહેલો છે. ઉપરાંત, તેનાં લક્ષણો આખા શરીરને અથવા ફક્ત એક જ ભાગને અસર કરી શકે છે અને પ્રારંભિક અને પછીના તબક્કામાં બંને રીતે જોવા મળી શકે છે.

જોકે સામાન્ય લક્ષણોની વાત કરીએ તો, ખભા, જાંઘ અથવા કમરના નીચેના ભાગમાં સ્નાયુઓમાં દુખાવો, સ્નાયુઓની નબળાઈ અથવા હાથ અને પગ હલાવવામાં મુશ્કેલી, ઘેરો લાલ કે ભૂરો પેશાબ અથવા પેશાબ ઓછો થવો જેવાં લક્ષણ દેખાઈ શકે છે.

અહીં ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે આ સ્થિતિ ધરાવતા અડધા લોકોમાં સ્નાયુઓ સંબંધિત કોઈ લક્ષણો નથી પણ દેખાતાં. રેબડોના અન્ય સામાન્ય ચિહ્નોમાં પેટમાં દુખાવો, ઊબકા અથવા ઊલટી, તાવ, ઝડપી હૃદયના ધબકારા, મૂંઝવણ, ડિહાઇડ્રેશન કે બેભાન થઇ જવા જેવાં લક્ષણ દેખાય છે. પરિણામે સ્નાયુને લગતી કોઈ સમસ્યા હશે તેવું ધ્યાનમાં આવતું નથી.

## નિદાન કેવી રીતે થાય?

સ્નાયુનું ભંગાણ- ક્રિએટાઇન કાઇનેઝ (CK) માટે રક્ત પરીક્ષણોનો ઉપયોગ રેબડોમાયોલિસિસનું નિદાન કરવા માટે થાય છે. જો કોઈને રેબડોમાયોલિસિસ હોય તો એનું CK સ્તર વધારે હશે. ક્ષતિગ્રસ્ત સ્નાયુઓમાંથી મુક્ત થતા હિમોગ્લોબિનના સંબંધી માયોગ્લોબિન માટે પેશાબ પરીક્ષણો પણ રેબડોમાયોલિસિસનું નિદાન કરવામાં મદદ કરી શકે છે. જો કે, આ પરીક્ષણો રક્ત પરીક્ષણો જેટલા સચોટ માનવામાં આવતા નથી, પણ પૂરક પરીક્ષણ તરીકે ઉપયોગી છે. તબીબો અન્ય સમસ્યાઓ નથી ને, તે નક્કી કરવા અને અન્ય ગૂંચવણો તપાસવા માટે લીવર ફંક્શન ટેસ્ટ, ઇકેજી, છાતીનો એક્સ-રે જેવાં વધુ પરીક્ષણોનો ઉપયોગ કરી શકે છે. રેબડો પછી તમને સામાન્ય થવામાં થોડા અઠવાડિયા લાગી શકે છે. બીમારીની ગંભીરતાના આધારે, ડોક્ટર કેટલાક અઠવાડિયાથી મહિનાઓ સુધી કસરત ન કરવાની સલાહ આપી શકે છે.

બીજા શબ્દોમાં કહીએ તો રેબડોમાયોલિસિસ અને તેનાં કારણોનું વહેલું નિદાન અને ઝડપી સારવાર સાથે આનાથી ગ્રસ્ત વ્યક્તિ સંપૂર્ણ સાજી થઈ શકે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# ધ્યાનનો વિષય ધ્યેય કહેવાય છે



(ગતાંકથી ચાલુ)

જ્યારે એક સાચો સંગીતકાર ઉત્તમ સંગીતનું નિર્માણ કરે છે, ત્યારે તે અંગત અહંકારી ચેતનામાંથી તેમ કરતો નથી, તેમ કરી શકે નહીં, જ્યારે તે સ્વકેન્દ્રી અને સ્વભાનવાળી આ અહંકારની મનોદશામાંથી મુક્ત થાય તે ક્ષણોમાં જ તે ખરેખર ઉત્તમ સંગીતનું નિર્માણ કરી શકે છે. તેમ જ એક વૈજ્ઞાનિક કુદરતનાં રહસ્યો સમજવા માટે તન્મય થઈને પ્રયત્નશીલ હોય છે, જ્યારે તે થોડી ક્ષણો માટે પણ આ અંગત અહંકારી ચેતનામાંથી મુક્ત બને છે, ત્યારે પ્રકૃતિનાં રહસ્યો તેની પાસે ખુલ્લાં થઈ જાય છે. આ જ હકીકત યોગીને વધુ સાચા અર્થમાં અને વધુ સાચી રીતે લાગુ પડે છે.

સમાધિમાં પ્રવેશ દરમિયાન આ ઘટના બને છે, તેને અહીં સૂત્રમાં **'स्वरुपशून्यमिव'** દ્વારા સૂચિત કરેલ છે. શૂન્ય એટલે ન હોવાપણું કે ખાલીપણું. સમાધિમાં સાધક પોતાના સ્વભાવથી મુક્ત બને છે.

સ્વભાન (Self-Consciousness) સંપૂર્ણપણે ચાલ્યું જતું નથી, કારણ કે સમાધિ અવસ્થામાંથી પાછા આવતાં ફરીથી તે 'સ્વભાન' આવે છે. આ હકીકત સૂચિત કરવા માટે અહીં **'इव'** શબ્દનો પ્રયોગ કર્યો છે. અહીં જે વર્ણન છે, તે પ્રારંભિક પ્રકારની સમાધિનું વર્ણન છે, નિર્બીજ સમાધિ કે કૈવલ્યનું નહીં.

**'अर्थमात्रनिर्भास'**માં બે મુદ્દાઓ કહેવામાં આવ્યા છે.

ધ્યાનનો વિષય ધ્યેય કહેવાય છે. સમાધિ અવસ્થામાં ધ્યાતા (અહંકારી ચેતનાનું સ્વભાન) વિલીન થાય છે. માત્ર ધ્યેય જ ભાસમાન રહે છે. ધારણા અને ધ્યાનમાં ત્રિપૂટી છે - ધ્યેય, ધ્યાતા અને ધ્યાન. સમાધિમાં આ ત્રિપૂટી તૂટી જાય છે. ધ્યાતા વિલીન થતાં માત્ર ધ્યાયે જ ભાસમાન થાય છે. 'માત્ર' શબ્દ દ્વારા આ હકીકત સૂચિત થાય છે.

**'अर्थ'** શબ્દ પણ અહીં વિશેષ અર્થમાં વપરાયો છે. ધ્યેય પદાર્થ સામાન્ય અહંકારી ચેતનાની અવસ્થામાં આપણી સમક્ષ જે સ્વરૂપે પ્રગટ થાય છે, તેના કરતાં સમાધિ અવસ્થામાં આપણી સમક્ષ જે સ્વરૂપે પ્રગટ થાય છે, કારણ કે દ્વૈતનો પડદો હટતાં નવી ચેતનાનો ઉદય થાય છે. તેના પ્રકાશમાં ધ્યેય પદાર્થ તેના મૂળ સ્વરૂપે પ્રગટ થાય છે. આ મૂળ સ્વરૂપને અહીં **'अर्थ'** શબ્દ દ્વારા સૂચિત કરવામાં આવેલ છે. સમાધિ અવસ્થામાં આ અર્થ જ માત્ર ભાસમાન થાય છે. ધારણા અને ધ્યાન દરમિયાન જે વિષય હતો તે જ વિષય હવે તદ્દન ભિન્ન-સ્વરૂપે ચેતના સમક્ષ પ્રગટે છે, કારણ કે દૃષ્ટા વિલીન થવાથી તેની જગ્યાએ નવી ચેતનાનો ઉદય થયો હોય છે.

યૌગિક સાધનપથ પર જે આધ્યાત્મિક વિકાસ થાય છે તે વિકાસની ક્રમિકતા આ રીતે મૂકી શકીય-

સામાન્ય ચેતના, ધારણા, ધ્યાન, સમાધિ. આ ક્રમિક વિકાસને પાંચ લક્ષણો દ્વારા સૂચવી શકાય.

(I) ચિત્તની એકાગ્રતામાં બાધારૂપ વિઘ્નો ક્રમે ક્રમે ઘટતાં જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી.

(II) સ્વનું ભાન (Self Consciousness) ક્રમે ક્રમે ઘટતું જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી.

(III) ધ્યાતા અને ધ્યેયનું દ્વૈત ક્રમે ક્રમે ઘટતું જાય છે. સમાધિમાં આ દ્વૈત બિલકુલ રહેતું નથી.

(IV) બાહ્ય જગત સાથેનો ઈન્દ્રિગત સંબંધ ઓછો થતો જાય છે. સમાધિમાં તે બિલકુલ રહેતો નથી.

(V) સાધક ક્રમે ક્રમે મનસાતીત પ્રદેશમાં પ્રવેશતો જાય છે. સમાધિમાં તે મનમાંથી સંપૂર્ણ બહાર નીકળી મનસાતીત પ્રદેશમાં જ પહોંચી જાય છે.

ચિત્તનો ઈન્દ્રિયો દ્વારા જગત સાથેનો સંબંધ સમાધિમાં રહેતો નથી, તેથી બેભાન અવસ્થા કે તેને મળતી અવસ્થાને પણ લોકો સમાધિ ગણી લે છે. સમાધિમાં બાહ્ય જગતનું ભાન રહેતું નથી, તે સાચું છે, પરંતુ બાહ્ય જગતનું ભાન ન રહેવું તે સમાધિનું મૂળભૂત લક્ષણ નથી. બાહ્ય જગતનું ભાન ચાલ્યું જાય એટલે સમાધિ સિદ્ધ થાય તેવું નથી. ઊંઘ, એનેસ્થેસિયાની અવસ્થા કે તીવ્ર વેદનાથી આવેલી બેભાનાવસ્થામાં પણ બાહ્ય જગતનું ભાન રહેતું નથી, પરંતુ આ અવસ્થાઓ સમાધિ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની અને સાવ નિમ્ન કોટિની છે.

કોઈ વ્યક્તિ સમાધિનાં બાહ્ય લક્ષણોનું અનુકરણ કરવાનું કોઈક રીતે શીખી લે તો બાહ્ય અવસ્થાની દૃષ્ટિએ તે સમાધિમાં હોય તેમ લાગે છે, પરંતુ આંતરિક રીતે તેનો સમાધિમાં પ્રવેશ ન હોય તેમ બને. આ અવસ્થાને જડ સમાધિ કહે છે. ખરેખર તો 'જડતા' જ કહેવું જોઈએ. આવા પ્રકારની અવસ્થાનું આધ્યાત્મિક મૂલ્ય કશું નથી.

સમાધિનું ખરું લક્ષણ બાહ્ય જગતના ભાનનો લોપ નથી. આંતરચેતનાની અવસ્થા પરથી જ નક્કી થઈ શકે કે વ્યક્તિ સમાધિમાં છે કે નહીં!

આપણી અધ્યાત્મ પરંપરા પ્રમાણે સમાધિની યથાર્થતા જાણવા માટે સાત લક્ષણો છેઃ

(I) સમાધિ દરમિયાન ચહેરા પર તેજ છવાય જાય છે. સમાધિ સિવાયની ઊંઘ, એનેસ્થેસિયા આદિ બેભાનાવસ્થા દરમિયાન ચહેરો ફિક્કો પડી જાય છે.

(II) સમાધિ દરમિયાન સાધક પ્રગાઢ શાંતિ અને તીવ્ર આનંદ અનુભવે છે.

(III ) સમાધિ દરમિયાન આંતરિક જાગૃતિ ટકી રહે છે. બાહ્ય અને આંતરિક, બંને પ્રકારની જાગૃતિનો લોપ થાય તો તે બેભાનવસ્થા છે.

(IV) સમાધિ દરમિયાન સાધક જે આસનમાં બેઠા હોય તે આસન છૂટે નહીં, શરીર લથડી ન પડે, ઊંઘમાં આસન છૂટી જાય, શરીર લથડી પડે.

(V) સમાધિ દરમિયાન શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ અને સૂક્ષ્મ બની જાય છે.

(VI) સમાધિ દરમિયાન સાધક ઉચ્ચ ચેતનામાં પ્રવેશ કરે છે.

(VII) સમાધિમાંથી પાછો આવનાર સાધક બદલાઈને પાછો ફરે છે, સાધક ઉચ્ચ ચેતનાનું જ્ઞાન સાથે લઈને પાછો ફરે છે. સમાધિ સાધકના જીવનનું રૂપાંતર સિદ્ધ કરે છે.

ભ્રામક સમાધિ કે નિદ્રા આદિ બેભાનાવસ્થાથી સમાધિ ઉપરોક્ત રીતે જુદી પડે છે. આ લક્ષણો દ્વારા સમાધિની યથાર્થતા જાણી શકાય છે.

સમાધિ અધ્યાત્મભવનનું દ્વાર છે, મહાદ્વાર છે, સુવર્ણ દ્વાર છે. આમ છતાં સમાધિ અધ્યાત્મયાત્રાની આખરી અવસ્થા પણ નથી. સમાધિ પછી પણ અધ્યાત્મપથની ઘણી યાત્રાઓ બાકી રહે છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# શરીરને પજવતા ચામડીના હઠીલા રોગ



ચામડી એ આપણા શરીરનું સહુથી મોટામાં મોટું અંગ છે. તે શરીરના હાડકાં, સ્નાયુઓ તેમ જ આંતરિક અંગોનું રક્ષણ કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. તેમ જ ચામડી શરીરને બાહ્ય ચેપી વાતાવરણથી બચાવે છે અને શરીરની ઠંડી અને ગરમી સામે યોગ્ય રીતે રક્ષણ આપી શરીરના તાપમાનને સંતુલિત રાખે છે.

આમ ચામડી એ આપણા શરીરનું સહુથી બહારનું આવરણ છે, આથી એ બાહ્ય વાતાવરણના સીધા સંપર્કમાં સતત રહે છે. માટે ચામડીની સફાઇ યોગ્ય રીતે રાખવામાં આવે તો ચામડીને લગતા અનેક રોગ થઇ શકે છે. તેમ જ ચામડી આપણને સુંદરતા પ્રદાન કરે છે અને ચામડી આપણા શરીરના સ્વાસ્થ્ય માટે એક મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી ચામડીના રોગ ન થાય તેની આપણે અવશ્ય સાવધાની રાખવી જોઇએ.

કુદરતની ગોઠવણ પ્રમાણે આપણે ચામડી ૩૦થી ૪૦ હજાર કોષો દર મિનિટે નાશ પામે છે. તેમ જ દર ૨૮ દિવસે આપણી ચામડી સંપૂર્ણ બદલાઇ જાય છે. આમ ચામડી શરીરને સ્વસ્થ રાખવા સતત પોતાનું કાર્ય કરતી રહે છે, પરંતુ આજના યુગમાં વધુ સુંદર દેખાવાના ગાંડપણમાં આપણે સાબુ, લોશન, શેમ્પૂ જેવા વિવિધ કોસ્મેટિક્સનો વધુ પડતો બિનજરૂરી ઉપયોગ કરીને ચામડીના તે કાર્યમાં વિક્ષેપ કરીએ છીએ, પરંતુ ઘણીવાર તો તે પદાર્થો જ ચામડીના અનેક રોગને આમંત્રણ આપે છે. એક શકયતા એવી પણ છે કે, જે વ્યક્તિઓને વધુ સુંદર દેખાવાની ઘેલછા હોય છે તેમને ચામડીના રોગ થવાની સંભાવના વધારે છે. ભગવાને આપણને સુંદરતા આપેલી જ છે તો શું વધુ સુંદર દેખાવાની ઘેલછામાં રોગને આમંત્રણ આપવું તે ખરેખર ડહાપણ કહેવાય?

ચામડીના રોગોમાં રાખવાની સાવધાની

* ચામડી પર થતા કાળા ડાઘને અટકાવવા વધુ તડકામાં ફરવાનું ટાળવું.

* ચામડીમાં થતી એલર્જી તથા વાઢિયાને અટકાવવા સાબુ ડિટર્જન્ટવાળા પાણીમાં હાથ-પગ બહુ ન પલાવવા.

* દાદર જેવી તકલીફમાં દર્દીએ હલકાં તથા ખુલ્લાં વસ્ત્રો પહેરવાં. દિવસમાં બે વાર જંતુનાશક સાબુથી વ્યવસ્થિત સ્નાન કરવું. તેથી પરસેવો ઓછો થવાથી તકલીફ ઓછી થાય.

* ચામડીમાં થતા ખસ, દાદર વગેરે જેવા ચેપી રોગને ફેલાતા અટકાવવા દર્દી માટે નાહવાના સાબુ, રૂમાલ તથા અન્ય વસ્ત્રો વગેરે અલગ રાખવા. તથા તેને યોગ્ય રીતે ગરમ પાણીથી સ્વચ્છ કર્યા પછી જ ફરી વાપરવાં.

* પગમાં થતી કપાસી અટકાવવા ચામડીને ઘસારો ન લાગે તેવા નરમ ચપ્પલનો ઉપયોગ કરવો.

* પગમાં થયેલા વાઢિયાને આરામ આપવા વાઢિયાવાળા ભાગને હૂંફાળા પાણીમાં થોડીવાર ડૂબાડી રાખવો. ત્યારબાદ પગને પાણીમાંથી બહાર કાઢી, હળવા હાથે રૂમાલ વડે તેના ઉપરથી નીતરતું પાણી લૂછી લઇને, કોપરેલ કે ઘી જેવા તૈલી પદાર્થો ત્યાં ઘસવા.

* ખીલને થતા અટકાવવા દિવેલથી બેથી ત્રણ વાર ચહેરાને વ્યવસ્થિત રીતે સ્વચ્છ કરવો. પરસેવા તથા ધૂળથી બચવું.

* નિયમિત લાલ પાંદડાવાળા શાકભાજી તથા ફળફળાદિ યોગ્યમાત્રામાં લેવાથી ચામડીને યોગ્ય પોષણ મળી શકે છે.

* ચામડીના રોગથી બચવા તૈલી, વધુ ગરમ, ખાટાં, ખારા અને વધુ તીખા પદાર્થો ન લેવા. તેમ જ વિરુદ્ધ આહારનું સેવન ચામડીના રોગનું મૂળ છે.

* ચામડીના રોગના દર્દીઓએ કબજિયાત ન થાય તેની સાવધાની ખાસ રાખવી.

* રોજ ૧૫થી ૨૦ મિનિટ માટે પ્રાતઃકાળનો સામાન્ય તડકો ચામડી માટે ખૂબ જ ફાયદાકારક છે. જ્યારે વધુ પડતો તીખો તડકો ચામડીને ખૂબ જ નુકસાનકારક છે.

* ત્વચાના વિકારોની જો વધુ સમસ્યા હોય તો દર્દીએ ચિકિત્સકના માર્ગદર્શન અનુસાર માત્ર ગરમ પાણી પર રહી અમુક (૫-૭) ઉપવાસો કરવા.

* જો ગરમીના દોષથી ત્વચાની બીમારી થાય તો આહારમાં ઘી, દૂધ, માખણ, ઘઉં, ચોખા, દૂધી, પરવળ, તૂરિયાં, કેળાં, સફરજન, કાકડી જેવા સાત્ત્વિક પદાર્થ લેવાં.

* જો કફદોષથી ત્વચાના વિકાર થયા હોય તો આહારમાં મરી, આદું, મેથી, રાઈ, રિંગણા, સરગવો, બાજરી, ચણાનો લોટ જેવાં સૂકા, ગરમ તથા મસાલેદાર પદાર્થો લેવાં.

ચામડીના વિવિધ રોગઃ

કડું અને કરિયાતું સરખા વજનમાં લઈને મેળવી ચૂર્ણ કરવું, સવારે અને રાત્રે એક ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. આ ઉપચારથી ચામડીના મોટા ભાગના રોગ દૂર થઈ શકે છે.



ગૂમડાં :

૧) દરરોજ સવારે લીમડાનાં પાનનો રસ પીવાથી પેટ સાફ આવે છે અને ગૂમડાં થતાં નથી ને થયેલા હોય તો તે મટી જાય છે.

૨) લીમડાના પાંદડાને વાટીને લેપ બનાવી ગૂમડાં પર લગાડવો.

૩) આવળાને વાટીને તેનો લેપ ગૂમડાં પર લગાડવાથી ગૂમડું પાકીને ફૂટી જાય છે.

૪) ઘઉંના લોટમાં હળદર અને મીઠું નાખી પોટલી બનાવી ગૂમડાં પર બાંધવાથી ગૂમડું પાકીને ફૂટી જાય છે.

૫) ગૂમડાં પર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગૂમડું ફૂટી જાય છે.

૬ ) સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગૂમડું બેસી જાય છે.

૭ ) પાલક અથવા તાંદળજાના પાનનો લેપ બનાવી ગૂમડાં પર બાંધવાથી ગૂમડું પાકી જાય છે.

૮ ) ગાજરને બાફી તેનો લેપ બાંધવાથી ગૂમડાં મટી જાય છે.

૯) હળદરની રાખ અને ચૂનો ભેગો કરી લેપ કરવાથી ગૂમડું ફૂટી જાય છે.

ચામડીને સ્વચ્છ, સુંવાળી અને ચમકીલી કઈ રીતે રાખશો ...

કારેલાંનાં પાનનો રસ ચામડી ઉપર ચોપડવાથી ચામડી સંબંધી કોઈ પણ જૂના રોગ મટે છે.

દૂધમાં લીંબુનો રસ મેળવી સવાર-સાંજ ચહેરા પર માલિશ કરવાથી ત્વચા ઊજળી અને ગોરી બને છે.

રસ કાઢી લીધેલા લીંબુના ફાડિયા ચહેરા પર ઘસવાથી ત્વચાની કાળાશ દૂર થાય છે.

ચણાના લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીર પર અને મોઢા પર માલિશ કરવાથી ત્વચા સ્વચ્છ અને ગોરી બને છે.

તલના તેલને સહેજ ગરમ કરી રોજ માલિશ કરવાથી ચામડી ચમકવાળી બને છે.

કાકડીનો રસ ચોપડવાથી ચામડી સ્વચ્છ અને ચમકવાળી બને છે.

ગ્લિસરિન, ગુલાબજળ અને લીંબુનો રસ સરખે ભાગે લઈ તેનું માલિશ કરવાથી ચામડી સુંવાળી બને છે.

મૂળાના રસમાં થોડું દહીં મેળવી ચહેરા પર લગાડવાથી ચામડી સ્વચ્છ બને છે.

એક ડોલ પાણીમાં એક લીંબુ નીચોવી તેનાથી સ્નાન કરવાથી ચામડી સ્વચ્છ બને છે.

૧૦. લીમડાના પાન પાણીમાં ઉકાળી તેનાથી સ્નાન કરવાથી ગૂમડાં તથા બીજા ચામડીનાં દર્દો મટે છે.

કાળા ડાઘ - સફેદ કોઢ અને કરચલીઃ

તુલસીના પાનના રસમાં લીંબુનો રસ અથવા આદુંનો રસ ઉમેરી મોઢા પર લગાડવો અને સૂકાઈ જાય પછી મોઢું ધોઈ નાખવું.

આમળાના ચૂર્ણને હળદર તથા દૂધ સાથે મેળવી મોઢા પર ઘસીને ચોળવું.

લીમડા તથા મેંદીના પાન સરખા વજને લઈ તેનું ચૂર્ણ છ મહિના સુધી રોજ લેવાથી સફેદ કોઢ મટી જાય છે.

રૂને કુંવારપાઠાના ગર્ભમાં અથવા તો મધમાં ભીંજાવી પાટો બાંધવાથી દઝાયેલી ચામડી પર રહી ગયેલા સફેદ ડાઘ નીકળી જાય છે.

સંતરાની છાલને સૂકવી, તેનો પાઉડર કરી, ગુલાબજળમાં મેળવી તેને મોં પર લગાડી અડધો કલાક રહેવા દઈ પછી ધોવાથી ચામડી મુલાયમ બને છે, ડાઘા નીકળી જાય છે અને ચહેરાની કરચલી દૂર થાય છે.

દૂધ અને તલનું તેલ કે દિવેલને સરખે ભાગે લઈ નિયમિત શરીર ઉપર માલિશ કરવાથી ચામડીની કરચલી દૂર થાય છે.

ચાર ચમચી છાશમાં બે ચમચી ટામેટાનો રસ મિશ્ર કરી રોજ મોઢા પર લગાવી ૧૫ મિનિટ રાખીને ધોઈ નાખવાથી ચામડી પરના કાળા ડાઘા દૂર થાય છે.

૧ ચમચી બદામનો પાઉડર, ૧ ચમચી ચંદન, ૧ ચમચી હળદર અને અડધી ચમચી મધને ભેગું કરી રોજ ૩૦ મિનિટ સુધી મોઢા પર લગાવીને ધોઈ નાખવાથી ચામડી પરની કરચલી દૂર થાય છે.

ખીલઃ

૧) કુંવારપાઠાનું લાબરું ખીલ ઉપર ઘસવું.

૨) નારંગીની છાલ ખીલ પર ઘસવી કે છાલના ચૂર્ણનો લેપ કરવો.

૩) મૂળાનાં પાનનો રસ ખીલ ઉપર ચોપડવો.

૪) ૧ ચમચી ખાવાનો સોડાને ટામેટાના ગર્ભ સાથે ભેગું કરી તેનો લેપ મોઢા પર લગાડવો. અઠવાડિયામાં ૧થી ૨ વાર આ પ્રયોગ કરવો.

૫) લીંબુની ચીર ખીલ ઉપર થોડીવાર ઘસવી. ત્યાર પછી થોડા કલાકો પછી મોઢું ધોઈ નાખવું.

૬) મેથીના પાંદડાને પાણીમાં ઘસી તેનો લેપ ૧૦-૧૫ મિનિટ સુધી ખીલ પર ઘસવો, ત્યાર પછી હૂંફાળા પાણીથી ચામડી ધોઈ નાખવી.

૭) મુલતાની માટી - ગુલાબજળ અને ચંદન સરખા પ્રમાણમાં ભેગું કરી ચામડી પર લગાડવું. સૂકાઈ જાય પછી હૂંફાળા પાણીથી ચામડી ધોઈ નાખવી.

૮) ગરમ પાણીમાં રૂમાલનો ટુકડો ભીંજવીને નીચોવી સાધારણ ગરમ હોય ત્યારે તેને મોઢા પર ૧૦ મિનિટ મૂકવો.

૯) પાકા ટામેટાની ચીર ખીલ ઉપર ધીરે ધીરે ઘસવી, તેથી લાગેલ રસ થોડીવાર સૂકાવા દેવો, ત્યારબાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવું.

૧૦) છાશમાં ચણાનો લોટ અને હળદર મેળવી, તેનાથી મોઢું ધોવાથી ખીલના ડાઘ અને મોઢા પરની કાળાશ દૂર થાય છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# તમે સરદાર નથી, પણ અસરદાર છો!



'અરે ઠાકર' ચંબુ બોલ્યોઃ 'આ ૩૧ ઓક્ટોબરે આપણા સરદાર પટેલના દોઢસોમા જન્મદિવસે એમના વિરાટકાય પૂતળા સામે માણસમાંથી પૂતળા બનેલા બીજા દેશભક્તો ભગતસિંહ, ચંદ્રશેખર, ટીળક, સુભાષચંદ્ર બોઝ, શાસ્ત્રીજી અને બીજા કેટલાય શહીદોએ મોરચો માંડ્યો. બધાના મગજમાં એક જ વિચાર કે સરદારનું આવડુ મોટું તોતિંગ પૂતળું? નજીક જઈ ઉપર જોઈએ તો પહેરેલી ટોપી નીચે પડી જાય. બધા પૂતળાઓ સરદારના પૂતળા સામે હૈયાવરાળ કાઢવા લાગ્યા : 'વલ્લભ શેઠ, અમે પણ તમારી જેમ દેશને આઝાદી અપાવવા દેહભક્તિ કે દેવભક્તિ છોડી દેશભક્તિ કરી-કરીને તૂટી ગયા છીએ. અમે કઈ રમી રમીને મરી નથી ગયા તો પણ અમારામાંથી કોઈનું દસ ફૂટથી મોટું પૂતળું જ નથી. એક્ચ્યુઅલી આ લોકોએ અમને મામા બનાવ્યા છે'

સરદાર જરા હસ્યા 'એમ હસો નઈ' કોઈ બોલ્યું 'અને સૌથી વધુ સરદાર પંજાબમાં હોવા છતાં સરદારનુ (આપનું) પૂતળું ગુજરાતમાં શું કામ?'

'એ મને નઈ મોદીજીને પૂછો. સાલુ મને એમ કે મારું વિરાટ પૂતળું જોઈ તમારું 'મન મોર બની થનગાટ કરશે' પણ

તમારું મન તો કાગડો બની કકળાટ કરે છે. વેરી બેડ વ્હાલીડાઓ.'

'એવું નથી અમારા વલ્લભપ્રભુ' સુભાષ બોઝ બોલ્યા : 'ખરેખર તો આપ સરદાર નથી પણ અસરદાર છો. તો મેં

પણ કઈ ડોક્ટરની જેમ નહોતું કીધું 'આપ મુજે ખૂન દો મૈ આપકો રિપોર્ટ દુંગા' મેં તો દેશને સૂત્ર આપેલું કે 'આપ

મુજે ખૂન દો મૈ તુમ્હે આઝાદી દુંગા.'

'મેં પણ જીદ કરી કીધેલું સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે એ લઈને જ જંપીશ' ટીળક બોલ્યા

'હા મને ખબર છે, પણ મારા પુતળા બાબતે હું શું કરું? હું તો દોઢસો વર્ષ પહેલાં પરમાત્મા પાસે આવ્યો ત્યારે મારા

ખાતામાં માત્ર ૨૫૬ રૂપિયા જ હતા પણ મોદીને શી ખબર એવું શું સુજ્યું ને શું કામ ઊપડ્યું કે મારી આવી જાયન્ટ મૂર્તિ બનાવી. હું સાવ સીધો સાદો માણસ. મેં તો વડા પ્રધાનપદની સત્તા પણ છોડેલી પૂછો આ બાપુને.... આ રીતે કેવડિયામાં ૩૦૦૦ કરોડ કાવડિયા એટલે કે રૂપિયા ખર્ચ્યા તો જીવ તો મારોય બળે છે. આઈ નો કે પ્રેરણા તો ૩૦ રૂપિયાના પુસ્તકમાંથી પણ લેવાય.'

ત્યાં તો એક અજાણ્યો શહીદ થઇ ગયેલો વીર સૈનિક ભડકેલ મૂડમાં બોલ્યો : 'અરે વલ્લભજી અમે કેટલાય શહીદોએ દેશ માટે કુટુંબનું, જીવનનું, શરીરનું બલિદાન આપી દીધું પણ એ માટે કોઈએ ગંભીર નોધ નથી લીધી.'

આટલું બોલતા ધોધમાર રડી પડ્યો

'જો બકા' સરદારની મૂર્તિ બોલી : 'ડોન્ટ ક્રાય...જો તારા જેવા સૈનિકોની નોંધ લે તો પેલા નેતાઓનું શું થાય? જરા વિચાર અને શહીદ થયા પછી કોઈ નોંધ લે કે ન લે શું ફરક પડે છે? હમણાં ક્યાં નીચે જવાનું છે તો હવે મેલ માથાકૂટ ... ને હવે બધા ધ્યાનથી સાંભળો : તમે બધા જ સાચા છો પણ બધાના આવા વિરાટ પૂતળાં બને તો માંડ માંડ પાટે ચડેલો દેશ પાછો દેવાળિયો થઈ જાય, સમજ્યા? છતાં બીજીવાર મોદી આવશે તો તમારી વાત કરીશ, બસ? ચાલો, હવે છૂટા પડશું. મારે થોડું કામ છે' એટલું બોલી મૂર્તિ ચુપ થઇ ગઈ.

'વાહ ચંબુડા, વાહ તું તો સોલીડ વાત લઇ આવ્યો.'

'અરે વાહની ક્યાં માંડે છે ઠાકરિયા...મને પણ આ ૧૮૨ મીટરનું વિરાટ પૂતળું જોઈ તુત ઊપડ્યું કે દેશ માટે નઈ પણ કુટુંબ માટે બાપુજીએ જો ભોગ આપ્યો હોય તો આપણે પણ એટલીસ્ટ ૧૮૨ ઈંચનુ પ્લાસ્ટિકનું નાનકડું પૂતળું પણ ન બનાવીએ તો ધિક્કાર છે આપણા જીવતરને.... એટલે ચાર રસ્તા વચ્ચે ચોકમાં બાપુજીનું મીની સાઈઝનું પુતળું મૂકી સરપ્રાઈઝ આપવાનું નક્કી કર્યું. ગમે એમ તોયે અમારા પરિવારના નાના સરદાર જ કહેવાયને? પણ એમાં લોચો એ પડ્યો કે બધાને બોલાવ્યા ને પૂતળા માટે જેવી બાપુજીએ દોરી ખેંચી ને પડદો ઊંચકાયો ને પોતાના જ પૂતળાને જોઈ જોરદાર ચમક્યા ને ભડક્યા : 'બેટા આ શું? તમે બધાએ આખી જિંદગી મને પૂતળાની જેમ જ રાખ્યો છે. હું એટલે મુવેબલ પૂતળું. તો પછી આ પૂતળા પાછળ રૂપિયા ખર્ચવાનું કારણ? ને બેટા, એકાદ હાથરૂમાલ પૂતળાના નાક પર અંકિત કર્યો હોત તો ગુંગળામણ ઓછી થાત ને આંસુ લુંછવા પણ કામ આવત. એની વે, બેટા જીવતાજીવત પૂતળું બનાવ્યું તો કેટલા ખર્ચ્યા?'

'ખાસ કઈ નઈ બાપુ માત્ર ૧૫ લાખમાં પત્યું. આપણને પોષાય એટલા ખર્ચ્યા. આ તો તમારા પ્રોવિડન્ટ ફંડમાં જે

પડ્યા હતા એનો સદુપયોગ બીજું શું?'

'બાપરે... અરે એ ૧૫માંથી દસ પણ તે મને આપ્યા હોત તો આખી જિંદગી પૂતળાની જગ્યાએ હું જીવતો ઊભો રહ્યો હોત!' આટલું બોલી કોઈ જોઈ ન જાય એમ બાપુએ આંખ લૂંછી નાખી.

'ઠાકર, બાપુજીના જવાબથી મારી છટકી અરે સરદારને તેમનું આ તોતિંગ પૂતળું જોવા ન મળ્યું ને મેં તો બાપુજી

પોતે પોતાના દર્શન કરી શકે એટલે જીવતા જ...પણ આવા લાગણી વગરના બાપુજીને શું કરવાના? આઈ નો,

આવા બાપુજી માટે કોઈ ટિકિટના ૩૫૦ ન ખર્ચે પણ બાપુને સરદારની કક્ષાએ લઇ જવા હોય તો માત્ર ૩૫ રૂપિયા ટિકિટ રાખવાની ને દરેક દર્શનાર્થીના હાથમાં એક બિલોરી કાચ આપી દેવાનો એટલે નાના બાપુ પણ વિરાટ દેખાય.'

'ચંબુ, બિલોરી કાચમાંથી પૂતળું તો જોઈ શકાય પણ અંદરનું હૈયુ દેખાય? કોઈને સરદારના પૂતળાની અંદર સિમેન્ટ-લોખંડની આરપાર એક લોખંડી પુરુષ દેખાય છે? દેશની એકતા માટેનો એમનો ત્યાગ દેખાય છે? આપણે તો નામ આપી દીધું 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' પણ આંખો બંધ કરીને વિચારો કે આ દેશમાં યુનિટી છે ખરી?'

શું કહો છો? ■




## પ્રકરણ-૪૮

'બ્રેકિંગ ન્યૂઝ... જંગલના ભયાનક કાંડમાં પોલીસને મોટી સફળતા... ડ્રગ્સ તસ્કરીમાં સંડોવાયેલા બે આરોપી પકડાયા... અવયવ તસ્કરીનો પર્દાફાશ, જેમાં શહેરના જાણીતા બે ડૉક્ટરની પણ ધરપકડ... જંગલમાં પાગલ બનીને ફરનારો જૉની લૉકઅપમાં... પાંચેય આરોપીને કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી... જૉનીનો સાથી બૉની હજુ ફરાર... સૂત્રો અનુસાર જંગલના રહેવાસીઓની કૃપાળુ વલસાડમાં પકડાઈ ગઈ...'

'ચૅનલવાળાઓને પૂરો મસાલો મળી ગયો છે... હવે આખો દિવસ આ જ સમાચારો ચાલશે!' ગોહિલે કહ્યું.

'આખો દિવસ? વચ્ચે થોડા દિવસ શાંતિ હતી... હવે અઠવાડિયું આ ચલાવશે!' ગાયકવાડે મજાકમાં કહ્યું.

'સારું છે... હજુ ચૌધરીના સમાચાર રિપોર્ટરો સુધી નથી પહોંચ્યા, નહીં તો ધૂમધડાકા કર્યા હોત!'

'હા... પણ અત્યારે એ ક્યાં છે?'

'રસ્તામાં જ છે... કાળે લાવી રહ્યો છે!'

આ કેસમાં જ્યારથી વિધાનસભ્ય જાંભુળકરના પીએ પ્રસન્ન ચૌધરીનું નામ સામે આવ્યું ત્યારથી સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળે તેના પર નજર રાખી રહ્યો હતો. એમાંય ડૉ. ભંડારીએ ચૌધરીનું નામ લીધું ત્યારથી પડછાયાની જેમ કાળે તેની પાછળ હતો.

'બિહાર પોલીસે આપેલી માહિતી પછી તરજ જ ચૌધરીને ઊંચકી લેવાનું કાળેને કહ્યું હતું. જોઈએ એ શું માહિતી આપે છે!' ગોહિલ બોલ્યો.

'પેલી કૃપા કંઈ બોલે છે?' ગાયકવાડે પૂછ્યું.

'વિદ્યા એની પૂછપરછ કરે છે. ચાલાકી દાખવે એવી છોકરી છે... એટલે મેં વિદ્યાને પૂરી છૂટ લેવાની પરવાનગી આપી છે!' ગોહિલે આંખ મિંચકારતાં કહ્યું.

ગાયકવાડ અને ગોહિલ વચ્ચે ચર્ચા ચાલતી હતી ત્યારે એકાએક પોલીસ સ્ટેશન બહાર ઘોંઘાટ શરૂ થયો. રહેવાસીઓનું ટોળું ભેગું થયું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હતી.

'કૃપા અમારે હવાલે કરો... એનો ન્યાય અમે કરીશું!' ગાયકવાડ અને ગોહિલને જોઈ એક મહિલા ગુસ્સામાં બોલી.

'કેમ? શું થયું?' ગાયકવાડે પૂછ્યું.

'સાહેબ... એ છોકરીને અમે નહીં છોડીએ!' યુનિટ પચીસના મુખિયા જુગલ મેશ્રામે કોયતો હવામાં વીંઝતાં ધમકી આપી.

'હા... એને જીવતી છોડવા જેવી નથી... એનો બલિ ચઢાવીશું!' બીજી મહિલાએ ઉગ્રતાથી કહ્યું.

'જુઓ, હજુ તો એ પકડાઈ છે... એની પૂછપરછ ચાલી રહી છે. આ કાંડમાં એ કઈ રીતે સંડોવાયેલી છે એની પૂરી જાણકારી અમને જ નથી!' ગોહિલે મધ્યસ્થી કરી.

'એણે અમારા ભાઈ-બહેનોને દગો આપ્યો છે. અમારો વિશ્વાસઘાત કર્યો છે. એની સજા એને મળવી જ જોઈએ!' યુનિટ-૧૬ના મુખિયા ભાસ્કર કડુએ ગુસ્સો ઠાલવ્યો.

'તમે તો આ લોકોને સમજાવો... આ પગલું યોગ્ય નથી. તેની સામે યોગ્ય કાર્યવાહી થશે!' ગાયકવાડે યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામને વિનંતી કરી. ટેકામ વડીલ મુખિયા હોવાથી રહેવાસીઓ તેમનું કહ્યું માનતા.

'મેં ઘણા પ્રયત્ન કર્યા, પણ આ લોકોનું કહેવું છે કે અમારી વચ્ચે રહીને કૃપાએ અમારા જ માણસો સાથે આવું અધમ કૃત્ય કર્યું છે... તો એને કઈ રીતે છોડાય!' ટેકામે કહ્યું.

'હા... અમે એને મારીને આ જંગલમાં જ દાટી દઈશું!' એક મહિલા બોલી.

'જુઓ... અમારી વિનંતી છે કે પોલીસ પર વિશ્વાસ રાખો. કૃપા કસૂરવાર હશે તો તેને આકરી સજા અપાવીશું!' ગાયકવાડે સમજાવ્યું.

'આમ ગુસ્સામાં કેસ બગડશે... અત્યાર સુધીની અમારી બધી મહેનત પાણીમાં જશે એટલે શાંતિ જાળવવામાં જ ભલાઈ છે!' ગોહિલે પણ સમજાવટનો સૂર અપનાવતાં રહેવાસીઓ ઠંડા પડ્યા.

* * *

'કૃપા... અત્યારે જ રહેવાસીઓની બહાર ભીડ જમા થઈ હતી... તારો ફેંસલો કરવા. અમે સમજાવીને મોકલાવી દીધા છે, પણ એ લોકોનો ગુસ્સો ફાટફાટ થઈ રહ્યો છે. તું અહીંથી નીકળે તોય ઘરે નહીં પહોંચી શકે. એના કરતાં પોપટની જેમ બોલી દે!' ગોહિલે ડિટેક્શન રૂમમાં બેસેલી કૃપાને ચેતવી.

પોલીસ ઘરે પહોંચે તે પહેલાં છટકી ગયેલી કૃપા ગોડબોલે સયાજી નગરી એક્સપ્રેસમાં બેસીને રફુચક્કર થવાની વેતરણમાં હતી. જોકે પોલીસની સતર્કતાથી વલસાડ રેલવે પોલીસે તેને પકડી પાડી હતી. વલસાડથી મુંબઈ લાવવામાં આવેલી કૃપાની અકડ હવે ઊતરી ગઈ હતી.

'સર... મેં એને બરાબર સમજાવ્યું છે. હવે એ બોલવા તૈયાર છે!' કહીને વિદ્યાએ કૃપાના વાળ પકડીને ખેંચ્યા.

'શું જાણવું છે?' કૃપાએ મોઢું ખોલ્યું.

'અમને એટલી તો ખબર છે કે મેડિકલ કૅમ્પ ગોઠવીને બકરા શોધવાનું કામ તારું હતું અને બધાના મેડિકલ રેકોર્ડ પણ તું રાખતી હતી... હવે આગળ બોલ!'

'અહીંના રહેવાસીઓનો મેં ભરોસો જીતી લીધો હતો એટલે તેમની બધી જાણકારી હું રાખતી અને એ જ આ કાંડમાં કામ લાગી!'

કૃપાએ કહ્યું: 'મેડિકલ ચેકઅપ માટે રાજી કરીને એ લોકોના પરિવારજનોની માહિતી પણ હું મેળવતી... અશિક્ષિત અથવા એકલી રહેતી વ્યક્તિને સૌપ્રથમ ટાર્ગેટ કરાતી. એ સિવાય પોલીસ સુધી ન જવાના હોય એવા લોકો મારી નજરમાં હતા!'

'મંજરી અને અંજુને ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલ સુધી તું જ દોરી ગઈ હતીને?'

'હા... મારી બહેનપણીના મનમાં પહેલાં ગંભીર માંદગીનો હાઉ ઊભો કરી દીધો અને પછી તેની સારવારને બહાને હૉસ્પિટલ લઈ ગઈ હતી, જ્યારે મંજરી મને ઓળખતી હતી એટલે મારી સાથે આવવા તૈયાર થઈ હતી!'

'આટલી નાની ઉંમરે આવા ભયંકર કાંડમાં સામેલ શું કામ થઈ?' ગોહિલે પૂછ્યું.

'મધ્યમ વર્ગમાંથી આવું છું, સર... મને હાઈફાઈ લાઈફ જીવવી હતી. મહત્ત્વાકાંક્ષાએ અંધ બનાવી દીધી હતી!' કૃપા રડી પડી.

'તને કેટલો હિસ્સો મળતો?'

'ઑપરેશનદીઠ કમિશન ફિક્સ હતું. પગારમાં વધારો અને ડૉક્ટરે પવઈના પૉશ વિસ્તારમાં ફ્લૅટની લાલચ આપી હતી!'

'જંગલમાંથી જે શબ મળ્યાં છે તેમના વિશે માહિતી જોઈએ, જેથી લાશની ઓળખ થઈ શકે!' ગોહિલે કહ્યું.

'એ હું તમને આપીશ... સર, પણ મને કાનૂની સકંજામાંથી બહાર કાઢો! મારો પરિવાર આ બદનામી સહન નહીં કરી શકે... મારા કરતૂતની જાણ થશે તો એ ભાંગી પડશે!' કૃપા આજીજી કરવા લાગી.

'એ શક્ય નથી, કૃપા. અપરાધી પર રહેમ કરવાની અમને સત્તા નથી. તારી સજા કોર્ટ નક્કી કરશે!'

* * *

એપીઆઈ શિંદે અને સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરને જોઈને ધ્રૂજતો પ્રસન્ન ચૌધરી ગાયકવાડ અને ગોહિલને જોઈ જમીન પર બેસી પડ્યો.

'તુઝે તોડને કે લિયે શિંદે કા એક હાથ હી કાફી હૈ... અબ તું હી નક્કી કરલે કીતુઝે કિસ તરહ બોલના હૈ! વૈસે... તેરી સારી ડિટેઈલ્સ હૈ હમારે પાસ!'

> **મધ્યમ વર્ગમાંથી આવું છું, સર... મને હાઈફાઈ લાઈફ જીવવી હતી. મહત્ત્વાકાંક્ષાએ અંધ બનાવી દીધી હતી!**

ગોહિલ ધમકીભરી ભાષામાં ચૌધરીને સમજાવતો હતો ત્યારે ઈન્સ્પેક્ટર રવિ કદમ અને સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂત શોએબ અને ઝમીલને લઈ આવ્યા. ચૌધરી બન્ને સામે જોવા લાગ્યો.

'ચૌધરી... અબ તીનો સાથ મેં હી પૂરી કહાની બતાઓ, જિસસે હમારા કામ આસાન હો જાયેગા!' ગોહિલે કહ્યું.

'યહ દોનો ભી બિહાર કે રહેનેવાલે...' કહેતાં જ શિંદેએ ચૌધરીના પગને પોતાના પગથી જોરથી દબાવ્યો. ચૌધરી 'ઓ... મા...'ની ચીસ પાડી ઊઠ્યો.

'કામ કી બાત બતાઓ... યહ સબ હમ જાનતે હૈ!' શિંદેએ કહ્યું.

'શોએબ... ઝમીલ, તમે આને કઈ રીતે ઓળખો છો?' ગાયકવાડે ભારે અવાજમાં પૂછતાં બન્નેને પોલીસનો માર યાદ આવી ગયો.

'સાહેબ... ચૌધરી જ ડ્રગ્સના ધંધાનો કર્તાહર્તા છે. આ કામ માટે તેણે જ અમને બિહારથી બોલાવ્યા હતા!'

'ચૌધરી... તેરે કોન્ટેક્ટ મેં થે યહ દોનો. ઈનકો તોડા તો ડ્રગ્સ કે ધંધે મેં તેરી હિસ્સેદારી કી બાત યે લોગોંને સુનાઈ... અબ તું ફટાફટ બોલ દે, વરના..!'

'સા'બ, મુઝે મારના મત... પોલીસ કી માર ખાને કી મુઝે આદત નહીં... ચાહે તો મૈં સબ બતાને કે લિયે તૈયાર હૂં!'

ચૌધરી હિન્દીમાં જ બોલતો હતો: 'ડ્રગ્સ કે ધંધે મેં બહોત પૈસા હૈ... આપ ચાહો તો માલામાલ હો શકતે હો... મૈં તુમ સબકો રૂપિયોં સે નહલાઉંગા, લેકિન મુઝે જાને દો!'

બંડગરે એક લાફો ચોડી દેતાં કહ્યું: 'રિશ્વત કી બાત કી તો યહીં પે ફૈસલા હો જાયેગા ઔર તુઝે સઝા ભી મિલ જાયેગી!'

'સિર્ફ ડ્રગ્સ નહીં... ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ રૅકેટ ભી તેરે ઇશારે પર ચલ રહા થા. ઉસ બારે મેં ભી બાત કર... બિહાર મેં તુને ઐસા હી સ્કૅન્ડલ કિયા થાના?' ગોહિલે કહ્યું.

'બંડગરના લાફાને કારણે ફાટેલા હોઠમાંથી નીકળતું લોહી લૂંછતાં ચૌધરી બોલવા માંડ્યો...

'હા... બિહાર મેં રૅકેટ પકડા ગયા ઈસલિયે મુઝે યહાં આના પડા. વહાં પોલિટિકલ પાવર કે વજહ સે મૈં બચ ગયા. ઈસલિયે મુંબઈ આ કે મૈં એમએલએકા પીએ બન ગયા!'

'યહાં કે ડૉક્ટરોં કો ઈસ રૅકેટ કે લિયે કૈસે મના લિયા?' ગાયકવાડે પૂછ્યું.

'વહ તો પુરાને કૉન્ટેક્ટ કામ આયે!'

થોડી સ્માઈલ સાથે ચૌધરીએ ઉમેર્યું: 'બિહાર કે પૈસેવાલે લોગ ઔર ઉનકે મુંબઈ કે રિસ્તેદારો યા જાનપહેચાનવાલોં મેં સે કિસી કો ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશન કી જરૂરત હોતી તો વહ લોગ મુઝે કૉન્ટેક્ટ કરતે થે... બડી રકમ વસૂલ કે હમ પૂરા ઈન્તઝામ કર દેતે થે!'

'જ્યાદાતર બિહાર કે પેશન્ટ્સ કે ઑપરેશન કિયે હૈ!' ચૌધરીએ કહ્યું.

'જિનકે ઑપરેશન કિયે હૈ, ઉનમેં સે ફિલહાલ મુંબઈ મેં કૌન હોગા?' ગોહિલના પ્રશ્ન પછી ચૌધરી મૌન રહ્યો એટલે શિંદેએ તેને ફટકારવા હાથ ઊંચો કર્યો. શિંદેનું મજબૂત બાવડું જોઈ ચૌધરીએ ફરી મોઢું ખોલ્યું.

'દો ફૅમિલી હૈ... એક ઘાટકોપર ઔર દૂસરી બાન્દ્રા મેં!'

ચૌધરી બોલ્યો: 'મંજરી કા હાર્ટ ઘાટકોપર કે પરિવાર કી એક લડકી મેં ફિટ કિયા ગયા ઔર અંજુ કી કિડની બાન્દ્રા મેં રહેનેવાલે બિઝનેસમૅન કી બેટી કો દી ગઈ!'

'કદમ... આની પાસેથી બન્ને દરદીના પરિવારના મોબાઈલ નંબર અને સરનામાં લઈ લે. તેમના ઘરે કોઈને મોકલીને ઑપરેશનની ફાઈલ લાવવાની વ્યવસ્થા કર!' ગોહિલે આદેશ આપ્યો.

'લાશ કે અંદર ડ્રગ્સ ભરને કા આઈડિયા કિસકા થા?'

'વહ તો સા'બ... શોચા કે લાશ કો ઝમીન મેં ગાડની હી હૈ તો ઈસ તરહ ઈસ્તેમાલ કરને કા આઈડિયા મુઝે આયા થા!'

'ઝમીલ... તેં તો ડૉક્ટર સહાણેને વારંવાર કૉલ કર્યા છે. એનું શું કનેક્શન છે?'

ઝમીલ, શોએબ અને ચૌધરી એકબીજાનાં મોઢાં જોવા લાગ્યાં.

પછી ઝમીલે કહ્યું: 'સર... એ તો મારી તબિયત બગડી હતી એટલે તેમનો સંપર્ક કર્યો હતો. બાકી, એમને તો આ કાંડની કોઈ જાણ નહોતી!'

'ઈસ કાંડ મેં ઔર કૌન સામિલ હૈ?' ગાયકવાડે ચૌધરીને પૂછ્યું, પણ તેણે જાણે હોઠ સીવી લીધા હતા.

'માસ્ટરમાઈન્ડ એમએલએ જાંભુળકર હૈ યા ઓપોઝિન લીડર બાપટ?' ગોહિલના પ્રશ્નને પણ સાંભળ્યો ન હોય તેમ ચૌધરી નિર્જીવની જેમ બેસી રહ્યો.

'ડૉક્ટર હિરેમઠ યા ડૉક્ટર મંદિરા તેરે જુર્મ કે સાથી હૈ?'

'સર... આપ મુઝે માર ડાલો, લેકિન એક બાત પક્કી હૈ... મૈં કિસી કા નામ નહીં બતાઉંગા!' ચૌધરી મક્કમપણે બોલ્યો.

'તો ફિર જાંભુળકર કે વહાં નોકરી ક્યૂં કરતા થા?'

'વક્ત આને પર પોલિટિકલ કનેક્શન કા ઈસ્તેમાલ કરને કે લિયે. બિહાર મેં મૈં ઈસી તરહ બચ નીકલા થા... લેકિન યહાં આપ લોગોને અચાનક અટેક કિયા તો...' ચૌધરી આગળ કંઈ ન બોલ્યો.

ચૌધરી સાથે અત્યારે ભેજું ખપાવવાનો કોઈ અર્થ નહોતો. એ વધુ જાણકારી નહીં આપે એવું લાગતાં ગોહિલ અને ગાયકવાડ ડિટેક્શન રૂમની બહાર નીકળ્યા.

બહાર આવતાં જ ગાયકવાડ સામે જોતાં ગોહિલ બોલ્યો: 'તો પછી સલ્લુને માર્યો કોણે? કોઈ મોઢું ખોલવા તૈયાર નથી... એના મોતનું રહસ્ય ઘેરાતું જાય છે!'

વિચાર કરીને ગોહિલે કહ્યું: 'મને લાગે છે કે ચૌધરીની ઉપર પર એક ખેલાડી હોવો જોઈએ, પણ એ છે કોણ?'

થોડી વાર આશ્ચર્યથી ગોહિલને નીરખી ગાયકવાડે કહ્યું: 'તું કારણ વગર આવું વિચારે છે. બની શકે ચૌધરીની ઉપર કોઈ માસ્ટર ખેલાડી ન હોય... આ માત્ર તારો વહેમ હોય!' (ક્રમશઃ)■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ
**funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખીંટી | CROWDED |
| ખીચડી | NAIL |
| ખીચોખીચ | HOTCH - POTCH |
| ખીજ | PEG |
| ખીલી | ANGER |

### ઓળખાણ પડી?

મુખ્યત્વે બાફેલા બટાકા ને લીંબુના રસના મિશ્રણ અને જરૂરી મસાલા સાથે બનતા બિહારના આ વિશિષ્ટ શાકની ઓળખાણ પડી?



અ) આલુ ટિક્કી બ) આલુ ભુરજી ક) આલુ ચોખા ડ) આલુ સરગમ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | વા | ૨ ર | ન | ૩ વા | ર | ■ | ૪ બ | રા | ૫ સ |
| જ | ■ | સિ | ■ | ન | ■ | ૬ પ | ૬ | ■ | હ |
| ૭ વા | હ | ક | ■ | ર | ■ | ૮ રિ | લે | ■ | કા |
| ળું | ■ | ■ | ૯ ગ | વે | ષ | ણા | ■ | ૧૦ હા | ર |
| ■ | ૧૧ ચ | ૧૨ ર | વ | ડા | ■ | ૧૩ મ | ૧૪ ર | ક | ■ |
| ૧૫ પ્ર | જ | ન | ન | ■ | ૧૬ ધ | ■ | ૧૭ સિ | લ | ૧૮ ક |
| ૧૯ વા | ન | ર | ■ | ૨૦ મ | ન | ૨૧ ચ | લી | ■ | થા |
| હ | ■ | ■ | ૨૨ કે | ટ | લા | ક | ■ | ૨૩ શા | ક |
| ■ | ૨૪ લા | ■ | ૨૫ ટ | ન | લ | ■ | ૨૬ શ | પ | થ |
| ૨૭ ભ | લ | ભ | લા | ■ | ૨૮ સા | હે | બ | ■ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | | | ■ | |
| | ■ | ૧૫-અ | ■ | | ■ | | ■ | ૧૬ | |
| ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| ■ | ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૨-અ | ■ | ■ |
| ૨૩ | ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ |
| ૨૯ | | ૩૦ | | ■ | ૩૧ | | | | |
| ૩૨ | | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | |

#### આડી ચાવી

૧. અખબાર (૬)
૫. ચાંદ ના દેખાય (૩)
૭. લૂંટેલો માલ (૨)
૮. એક રાગ (૩)
૧૦. દીર્ઘ કવિતા (ઊ.) (૩)
૧૩. સન્માન કરી ઓઢાડો (૨)
૧૪. ઉપકાર (૨)
૧૫. ઠેર ઠેર, જયાં ત્યાં (૫)
૧૬. --- કેવા નેતા હોય છે? (૨)
૧૭. રગ (૨)
૧૯. --- ઇયર ચાર વર્ષે આવે (૨)
૨૦. ફૂલો વીણીને મૂકો (૨)
૨૧. કાબેલ કુશળ (૪)
૨૨-અ. એકવાર --- કહીને (૧)
૨૩. દબાણ (૨)
૨૫. દરોડો, ઉતાવળ (૨)
૨૭. સાચું, સારું, અસ્તિત્વ (૨)
૨૯. રક્તદાન --- કહેવાય (૪)
૩૧. બહાર કાઢવું તે (૫)
૩૨. ઢીલું (૩)
૩૩. આવરદા (૩)
૩૪. એક રમત (૨)

#### ઊભી ચાવી

૧. રામ --- કરવા જંગલમાં ગયા (૬)
૨. ખબર પડેલું, જાણેલું (૩)
૩. અભિનેતા (૨)
૪. ત્રણ (૨)
૫. દિવસ (૨)
૬. પ્રશ્નોતરી (૬)
૯. મદદ કરે એવું (૫)
૧૧. નિર્જીવ (૨)
૧૨. લાજ (૩)
૧૫-અ. મારાથી નહીં થાય (૧)
૧૬. પારદર્શક (૨)
૧૮. આડ, પડદો, વિઘ્ન (૪)
૧૯. શેરબજારમાં --- દીધા થાય (૨)
૨૨. 'રડવું'નું આજ્ઞાર્થ (૨)
૨૩. છેડો, પાલવ (૩)
૨૪. અંદર નહીં (૩)
૨૬. આવતી કાલ (૩)
૨૭. નરસિંહ --- કવિ ના મળે (૩)
૨૮. ચિનગારી (૩)
૩૦. કિંમત (૨)
૩૧. વય (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તેજ ને તિમિર રમે' પંક્તિમાં 'તિમિર' શબ્દનો અર્થ જણાવો.

અ) તાજ બ) ઉજાસ ક) અંધારું ડ) કિરણ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ TRYOPHOBIAથી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વસ્ત્ર બ) કોશિશ ક) કાણાં ડ) વાસણ

### માતૃભાષાની મહેક

મસ્તિષ્ક, શિર, શીર્ષ વગેરે માથાના પર્યાયવાચી શબ્દો છે. બે માથાનું એટલે બળવાન કે તાકાતવર, ગાંઠે અથવા ગણકારે નહીં એવું. સાહસિક, નીડર, મગરૂર માણસ માટે બે માથાં પ્રયોગ જાણીતો છે. એના પરથી બે માથાં હોવાં રૂઢિપ્રયોગ છે જેનો અર્થ ગાંઠે નહીં એવી વ્યક્તિ. સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે આપણા દેશમાં બે માથાં ધરાવતા અનેક લોકો હતા.

### ઈર્શાદ

દુશ્મનના દુશ્મનોને બનાવે છે મિત્ર તો,
દુશ્મનને કેમ મિત્ર બનાવી નહીં શકે?

-- હરીશ ઠક્કર

### સુડોકુ-૯૧૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૮ | ૨ | ૭ | | | | |
| | | ૯ | ૬ | | | | ૮ | |
| | | | ૮ | | ૧ | ૨ | ૩ | |
| ૭ | | | | | | ૪ | | |
| ૬ | | | ૯ | | ૨ | | | ૮ |
| | | ૩ | | | | | | ૬ |
| | ૪ | ૭ | ૫ | | ૩ | | | |
| | ૬ | | | | ૯ | ૫ | | |
| | | | | ૮ | ૬ | ૧ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૧ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૪ |
| ૨ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ | ૯ |
| ૪ | ૯ | ૬ | ૫ | ૧ | ૮ | ૭ | ૩ | ૨ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૨ | ૭ | ૮ |
| ૬ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ |

### માઈન્ડ ગેમ

સીતાફળ ભારતના વિવિધ વિસ્તારમાં ઊગે છે. દેશના કયા રાજ્યમાં એનું સૌથી વધુ ઉત્પાદન થાય છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) મહારાષ્ટ્ર બ) મધ્ય પ્રદેશ ક) સિક્કિમ ડ) કર્ણાટક

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખાંચો | CORNER |
| ખાંધિયો | HELPER |
| ખાક | ASH |
| ખાટલો | COT |
| ખાણ | MINE |

ઓળખાણ પડી? — અંબાડી

ગુજરાત મોરી મોરી રે — ઘોડો

ચતુર આપો જવાબ અર્થ જણાવો — ઠેકાણું

માઈન્ડ ગેમ — ભારત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) વિજય આસર.

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# જાણો છો કાર્તિકી પૂર્ણિમા પકોડી પૂનમ તરીકે કેમ ઓળખાય છે?

ભારતીય તહેવારો માનવજીવનને આનંદથી મહેકાવી દે છે. વળી પ્રત્યેક તહેવાર સાથે વિવિધ વાનગીનો રસાસ્વાદ માણવાની પરંપરા જોવા મળે છે. જેમ કે ગણેશ ચતુર્થીમાં લાડુ-મોદક ખવાય છે. શ્રાદ્ધ પક્ષમાં ખીર-પૂરી, દશેરાના દિવસે જલેબી-ફાફડા, શરદ પૂનમના દિવસે દૂધપૌંઆ-ઘારી-ભૂસું, ધનતેરસના દિવસે ફાડા લાપસી, કાળી ચૌદશના વડાં, દિવાળીમાં મઠિયા-ચોળાફળી-ઘૂઘરા-કાજુકતરી, છઠના દિવસે ખાસ બને છે ઠેકુઆ-ખીર, ઉત્તરાયણમાં તલ-સિંગની ચિક્કી, ઊંધિયુંની જયાફત માણવામાં આવે છે. દેવદિવાળી આપણે સૌ જાણીએ છીએ તેમ દેવોની દિવાળી ગણવામાં આવે છે. કાર્તિક પૂર્ણિમાના દિવસે સંત શ્રી ગુરુનાનક જયંતીની ઊજવણી ખાસ કરવામાં આવે છે. તો ગુજરાતમાં આ દિવસે દેવદિવાળીની સાથે ખાસ 'પકોડી પૂનમ' ઊજવવામાં આવે છે. સ્વાદરસિયાઓ પૂનમના દિવસે મનભરીને પાણીપૂરીનો આનંદ માણે છે. સ્વાસ્થ્યની સંભાળ લેવાની સાથે સ્વાદરસિયાઓ પાણીપૂરી ખાઈને આનંદિત બની જતાં હોય છે.

પાણીપૂરીની ખાસ વાત એટલે કે વાનગી એક તેમ છતાં તે સંપૂર્ણ ભારતમાં વિવિધ નામે ઓળખાય છે. જેમ કે ઉત્તર ભારતમાં ગોલગપ્પા, પૂર્વી ભારતમાં પુચકા, દક્ષિણ ભારતમાં ગુપ-સુપ તરીકે ઓળખાય છે. પાની કે બતાશે પણ કહેવામાં આવે છે. ગુજરાતમાં પકોડી કહેવામાં આવે છે. પાણીપૂરી વાનગી જ એવી છે તેનું નામ સાંભળતાં જ નાના-મોટા, સ્ત્રી-પુરુષ પ્રત્યેક વ્યક્તિને ખાવાની ઈચ્છા થઈ જ જતી હોય છે. પાણીપુરી સ્વાસ્થ્ય માટે આરોગ્યવર્ધક ગણાય છે શરત ફક્ત એટલી જ કે તે ઘરમાં બનેલી હોય. અનેક લોકોને પાણીપૂરી તો ખૂમચા-વાળાની જ ખાવી પસંદ હોય છે. તો સ્વચ્છતાની યોગ્ય કાળજી લેતાં હોય તેવા ખુમચાવાળાની પાણીપૂરી ખાઈ શકાય છે.

પાણીપૂરીની બનાવવાની શરૂઆત ઘણી જ રસપ્રદ જોવા મળે છે. અનેક વખત આપણને વિચાર આવે કે પ્રાચીન સમયમાં ભોજન કેવું હશે? તે સમયે વિવિધ મીઠાઈ બનતી હશે? ફરસાણ કેવા પ્રકારના બનતાં હશે? તો મહાભારત કાળમાં પાંડવ પત્ની દ્રૌપદીજીએ પાંડવોને માટે પાણીપૂરી બનાવી હતી. જેનો સ્વાદ બધા જ ભાઈઓને ગમ્યો હતો. એવું કહેવાય છે કે માતા કુંતીજી નવી વહુની રસોઈકળા વિશે જાણવા માગતી હતી. તેમણે દ્રૌપદીજીને થોડો લોટ, મસાલા, બાફેલાં બટાકા તેમજ ચણા આપ્યા. દ્રૌપદીજીએ બધી જ સામગ્રીનો ઉપયોગ કરીને સ્વાદિષ્ટ પાણીપૂરી બનાવી દીધી. જે ખાઈને પાંડવોનું પેટ ભરાયું સાથે તેમને ચટપટી નવીન વાનગી ખાવાનો આનંદ મળ્યો. બિહારમાં ફુલ્કી તરીકે જાણીતી પાણીપૂરી સૌ પ્રથમ મગધ રાજ્યમાં બનાવવામાં આવી હતી. ઈતિહાસ એવો પણ જાણવા મળે છે કે શાહજહાંના શાસનકાળમાં દિલ્હી તથા ઉત્તર ભારતમાં રોગચાળો ફેલાયો હતો. જે ગંદા પાણીને કારણે થયો હતો તેમ માનવામાં આવે છે. સાફસફાઈનું વિશેષ ધ્યાન રાખવાનું ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું. પાણીને ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી હતી. ઉકાળેલું પાણી પીવામાં બેસ્વાદ લાગતું હશે. તેથી જ તેને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં વિવિધ મસાલાનો ઉપયોગ કરવામાં આવ્યો. ખટ્ટ-મીઠું પાણી બનાવવાની સાથે પાણીપૂરીની શોધ થઈ હશે તેમ માનવામાં આવે છે.

એવું પણ કહેવાય છે કે પાણીની અંદર વિવિધ મસાલા નાખીને પીવાથી શરીરમાં રહેલાં બૅક્ટેરિયા કે બીમારી હોય તે ઘટવા લાગે છે. તેથી જ પાણીમાં હિંગ, મરી, લીંબુ, સંચળ, લવિંગ, ફુદીનો-કોથમીર-આદું-મરચાંને વાટીને સ્વાદિષ્ટ પાણી તૈયાર કરવામાં આવ્યું. પાણીને ગોળમટોળ રવાની પૂરીમાં ભરીને પાણીપૂરી ખાવાની શરૂઆત થઈ.



## પાણીપૂરીના સ્વાસ્થ્યવર્ધક ગુણો

**વજન ઘટાડવામાં લાભકારી :** પાણીપૂરી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે? તેવો સવાલ જો આપના મનમાં ઊઠતો હોય તો જાણી લો કે જવાબ હામાં છે. પાણીપૂરીમાં સૌથી વધુ ચટાકેદાર પાણી પીવાતું હોય છે. જેમાં હિંગ, ફુદીનો-કોથમીર, લીલા મરચાં-આદું, તજ-લવિંગ, સંચળ-શેકેલું જીરું, લીંબુનો રસ તથા આમલીની ખટાશ -ગોળ વગેરેનો સમાવેશ થાય છે. જે પાચનક્રિયાને સુધારવાની સાથે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. લીલા મરચાં તેમ જ આમલીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ વધુ હોય છે. જે પાચનતંત્રને મજબૂત બનાવવામાં મદદ કરે છે. રવાની પાણીપૂરી સાથે ચણા-બટાકા-વટાણાનો રગડો વગેરે ભેળવીને ખાવાથી ૧૦-૧૨ પાણીપૂરી ખાવાથી વ્યક્તિનું પેટ ભરાઈ જાય છે. જો વધુ ખાવાની ઈચ્છા હોય તો પાણીપૂરી ખાતી વખતે વચમાં તેનું ચટાકેદાર પાણી પી લેવાથી પેટ ભરાઈ જશે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરશે.

**મોંના ચાંદામાં લાભકારી :** એવું કહેવાય છે કે પાણીપૂરીના પાણીમાં ઉત્તર ભારતમાં જલજીરા, આમલી તથા ફુદીનો વગેરે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. જેને કારણે પાણી ખટ્ટ-મધુરુ બની જાય છે. ફુદીનાનો આહારમાં ઉપયોગ આંતરડાંની સાથે જોડાયેલી સમસ્યાને દૂર કરવામાં ઉપયોગી ગણાય છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ફુદીનાને વાટીને બનાવેલું લીલું પાણી પીવાથી શ્વસન સંબંધિત સમસ્યાને દૂર કરવામાં મદદ મળે છે. જેને પીવાથી પેટ સાફ થાય છે. મોંમાં ચાદા પડવાનું મુખ્ય કારણ પેટમાં ગરબડ, અપચો ગણાવી શકાય. પ્રમાણભાન રાખીને પાણી પીવાથી ચાંદાની સમસ્યા ઘટવા લાગે છે. એવું પણ બને કે ચાંદા પડ્યા હોવાને કારણે વ્યક્તિ પાણી પી ના શકે. તેવા સમયે ખાસ પ્રકારનું જૅલ આવે છે તે લગાવીને પાણીપૂરીની મોજ માણી શકાય. વળી અનેક વખત આપણે જોયું હશે કે ભાવતી વાનગી ખાવાની હોય ત્યારે શરીરના અંગોમાં થતી વેદના ભૂલાઈ જતી હોય છે. સાવધાની રાખીને પાણીપૂરીની મજા માણવી આવશ્યક છે.

**મન આનંદિત બની જાય છે :** સતત કામના બોજને કારણે આજકાલનું જીવન તાણમાં કે ઉદાસીમાં પસાર થતું હોય છે. આવા સંજોગોમાં જો એક પ્લેટ પાણીપૂરીની ખાઈ લેવામાં આવે તો મન આનંદિત બની જાય છે. અનેક વ્યક્તિઓ દિવસમાં સપ્રમાણ માત્રામાં પાણી પીવાનું વિસરી જતી હોય છે. તેઓ જો પાણીપૂરીનો સ્વાદ માણવાની સાથે એક ગ્લાસ પાણીપૂરીનું ચટાકેદાર પાણી પી લે તો શરીર માટે આવશ્યક પાણીની જરૂરિયાત પૂર્ણ થઈ જાય છે.

**સંચળના ગુણો :** પાણીપૂરી ખાવાની મજા ત્યારે જ આવે જ્યારે તેનું પાણી સ્વાદિષ્ટ હોય. મીઠાને બદલે સંચળનો ઉપયોગ પાણીને ચટાકેદાર બનાવવામાં કરવામાં આવે છે. જેમાં ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણો સમાયેલાં છે. જે શરીરના સોજા તેમજ કળતરને ઘટાડવામાં મદદ કરે છે. પેટની સાથે જોડાયેલી બીમારીથી બચાવવાનું કામ કરે છે. ■

### પાણીપૂરી બનાવવાની રીત



સામગ્રીઃ પાણી બનાવવા માટે : દોઢ કપ કોથમીર, ૧ કપ ફુદીનો, ૪ નંગ લીલા મરચાં ઓછાં તીખાં, ૧ નાનો ટુકડો આદું, ૨ ચમચી ચાટ મસાલો, ૧ ચમચી શેકેલું જીરું, ચપટી હિંગ, ૨ નંગ લવિંગ, ૧૦ નંગ મરી, ૧ નાનો ટુકડો તજ, સ્વાદાનુસાર સંચળ, ૧ નંગ લીંબુનો રસ, ૧ ચમચી આમલીનો પલ્પ. ૧ ચમચી પાણીપૂરીનો તૈયાર મસાલો, ૧ કપ ખારી બુંદી. કોથમીર-ફુદીનાના પાન ઝીણાં સમારેલાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કોથમીર-ફુદીનો મરચાં-આદુંને સ્વચ્છ પાણીથી સાફ કરી લેવાં. ત્યારબાદ તેને મિક્સરમાં ઉપરોક્ત અન્ય સામગ્રી નાંખી વાટી લેવું. લીલુંછમ ચટાકેદાર પાણી તૈયાર થઈ જશે. પીરસતી વખતે બુંદી-કોથમીર-ફુદીનાના પાનથી સજાવવું.



**ખજૂર -આમલીની ચટણી :** સામગ્રી : અડધો કપ આમલી ગરમ પાણીમાં પલાળીને લેવી. ૧ કપ ખજૂર બી કાઢેલાં, દોઢ કપ ગોળ, ૨ નંગ તજ, સ્વાદાનુસાર મીઠું, ૧ ચમચી લાલ મરચું, ૧ ચમચી ધાણાજીરું, ચપટી હિંગ, બનાવવાની રીતઃ આમલી તથા ખજૂરને બાફીને પાણી ગાળી લેવું. તેમાં ઉપરોક્ત સામગ્રી ભેળવીને ગરમ કરીને ચટણી બનાવી લેવી. આ ચટણી ૧૫ દિવસ સુધી ફ્રિઝમાં સારી રહે છે.

**ભરવાનો મસાલો :** ૧ કપ બાફેલાં કાળા ચણા, ૨ નંગ બટાકા, ૧ કપ બાફેલાં સફેદ વટાણાનો રગડો, ૧ ચમચી ચાટ મસાલો, સજાવટ માટે કોથમીર.

તૈયાર રવાની પાણીપૂરી લાવીને તેમાં મસાલો, મીઠી ચટણી તથા ચટાકેદાર પાણી ભરીને ઝટપટ મોંમાં મુકીને મનભરીને સ્વાદ માણવો.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# સર્વ પ્રકારના ડાયાબિટીસને મટાડતી શિયાળાની પાવરફુલ વનસ્પતિ...

ઓગણીસમી સદીની ઔદ્યોગિક ક્રાંતિના કાલખંડમાં ખેતી અને હસ્તશિલ્પ અર્થવ્યવસ્થાઓ ઝડપથી મશીન નિર્માણ પ્રધાન અર્થવ્યવસ્થામાં બદલાઈ ગઈ. આ મશીન નિર્માણ ક્રાંતિ દુનિયાના લગભગ બધા જ ભાગમાં ફેલાઈ ગઈ. આ આર્થિક પરિવર્તન એ કામ કરવાનો અને વસ્તુઓ ઉત્પાદનની બધી જ રીત બદલાઈ ગઈ. હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓ મશીનથી ઉત્પાદિત થવા લાગી. આ ઔદ્યોગિક જગત ચલાવવા શ્રમિકોની જરૂર પડી. શ્રમિકો મશીનથી ઉત્પાદીત વસ્તુઓ બનાવવા લાગ્યા. જેથી લોકોને લાગ્યું અમારું કામકાજ સરળ થઈ ગયું છે. મહેનત ઓછી અને ઉત્પાદન વધુ. આ ક્રાંતિએ લોકોનું સ્વાસ્થ્ય છીનવી લીધું. પરિવહનની વ્યવસ્થાએ લોકોનું ચાલવાનું છીનવી લીધું. લોકો ગામડાઓ છોડી આર્થિક રીતે સધ્ધર થવા શહેરોમાં વસ્યા. જેના કારણે ખેતીવાડીનું સાચું કામકાજ પણ ઔદ્યોગિક રીતે થવા લાગ્યું. ખાતર પણ મશીનોથી અને કેમિકલવાળા બનવા લાગ્યા. ચિકિત્સા ક્ષેત્રે ટેક્નોલોજી આવી. દવાઓ કેમિકલથી બનવા લાગી. જેના કારણે પ્રાકૃતિક ઔષધિય પ્રત્યે સુગ પેદા થઈ. આનું પરિણામ અત્યારે આપણે ભોગવી રહ્યા છે. ક્યારેક કોઈ બીમાર પડતું પણ આજે ઘરના દરેક સભ્ય લગભગ માંદા જ છે. ઔદ્યોગિક વિકાસના કારણે લોકોનો વ્યવહાર બદલાયો. સંબંધોની અવગણના થવા લાગી. સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ આની વ્યાપક અસર થઈ છે. શહેરીકરણ અને કામકાજના કારણે બાહ્ય ભોજન પણ મશીનોના આધારે બનવા લાગ્યા.

હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓના કારણે લોકો શારીરિક, માનસિક અને સામાજિક રીતે ખૂબ જ મજબૂત હતા. ઔદ્યોગિક મશીનોએ આ બધું છીનવી લીધું છે. મશીનોથી કામકાજ હવે બદલી શકવાના નથી. આપણે ખાનપાનનો સુધારો અવશ્ય કરી શકીએ છીએ. હજી સુધી બજારમાં સારા ખાદ્ય પદાર્થ ઉપલબ્ધ છે. સ્વાદના ચટાકાનો વિચાર ન કરવો. સારું સ્વાદિષ્ટ ભોજન બનાવાની પદ્ધતિ પર ધ્યાન દેવું જરૂરી છે. જેથી નાની સામાન્ય બીમારીને જો શરૂઆતથી રોકી દેવામાં આવે તો મોટી વ્યાધિથી બચી શકાય છે. શરૂઆત લગભગ શરીરમાં ગ્લુકોઝ (સાકર) વધી જવાથી થાય છે. પાચક રસોમાં ખામી ઉત્પન્ન થતાં તે ખરાબ રીતે શરીરમાં અણુઓના સ્ત્રવણ અવરોધે છે. શરીરની તાસીર મુજબ અલગ અલગ રોગોમાં પરિણમે છે. લોકો તરત જ રિપોર્ટ કઢાવી દવાઓનો આશરો લે છે. જેના કારણે ખરાબી દબાઈ જાય છે અને થોડો સમય પછી તે વધુ વકરે છે.

હાલના સમયમાં જોઈએ તો ડાયાબિટીસ ઘણા પ્રકારે શરીરમાં ઘર કરી રહ્યું છે. નોન ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ આ વ્યાધિમાં શારીરિક મહેનત ઓછી હોવાના કારણે સેલમાં ગ્લુકોઝનો ભરાવો થાય છે. સમય રહેતા શારીરિક મહેનત (ચાલવાનું વધારે) કરવાથી આ તકલીફમાં સુધારો જલદી થઈ જાય છે. શરીર ભારે લાગતું હોય તો જલદીથી ચાલવાનો પ્રયોગ વધારી દેવો જોઈએ.

ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ - સામાન્ય રીતે આ ટાઈપના ડાયાબિટીસ બહુ જ નાની ઉંમરમાં આવી જાય છે. આમાં પેન્ક્રીયાઝના બીટા-સેલ ઘણાં કારણોને લીધે નકામા થઈ જાય છે. આનું કારણ છે કે નાની વયમાં (બાળકોને) જરૂરિયાત કરતા વધુ સાકરનો ખાવામાં વપરાશ. રિફાઈન્ડ તેલથી બનતી ચિપ્સ, આઈસક્રીમ, બિસ્કિટ, હેલ્થ ડ્રિંક, અન્ય બજારૂ વસ્તુઓ. જાતજાતના કોલ્ડ ડ્રિંક, સોડા નાખેલી બજારૂ કે ઘરની આઈટમો. કફની કે શરદીની દવાઓના કારણે આ વ્યાધિ હવે વધુ જણાઈ રહી છે.

ઈન્સ્યુલીન રજિસ્ટેન્ટ ડાયાબિટીસ- આ વ્યાધિમાં બહારથી આવેલા ઈન્સ્યુલીનનો કોઈપણ રિસ્પોન્સ નથી મળતો. હેવી ઈન્સ્યુલીન આપવાથી પણ બ્લડ સુગર વધતું જ જાય છે. ઘણાંને મેં જોયું છે કે તે ત્રીસ યુનિટ સવારના અને ત્રીસ યુનિટ સાંજના લે છે પણ બ્લડ સુગર ત્રણસોની આસપાસ જ રહે છે. ઘણીવાર પગમાં કે હાથમાં સડો થઈ જાય છે તે કાપવા પડે છે. ચામડી સ્પોંજી થઈ જાય છે.

સલયુરેશન ઑફ બોડી સેલ બાય સુગર - (બોડી સેલનું સંતૃપ્તિકરણ) શરીરના કોષો સુગરને (ગ્લુકોઝ)ને ગ્રહણ કરવામાં અસ્વસ્થ છે કારણ કે શરીરમાં સુગરનો સ્ટોક પૂરતો છે. આમાં કોઈ ડાયાબિટીસ નથી પણ ઘણીવાર રક્ત શર્કરાનું પ્રમાણ સામાન્યથી અધિક હોય છે. (પ્રી-ડાયાબિટીસ) આ અવસ્થા ઉપવાસથી જલદી ઠેકાણે આવે છે. ખાનપાન રીફાઈન્ડ થયેલ વસ્તુઓનું ન હોવું જોઈએ.





લેથેરેજી ઑફ બી-સેલ ટુ પ્રોડક્સ ઈન્સ્યુલીન - બી-સેલની સુસ્તીને કારણે ઈન્સ્યુલીનની પ્રતિક્રિયામાં અવરોધ. આ વ્યાધિમાં ગ્લુકોઝ કોશિકામાં નથી જતું તે લોહીમાં રહી જવાને કારણે લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે. જેને ટાઈપ-ટુ ડાયાબિટીસ કહેવાય છે. સુસ્તી, થકાવટ આમાં વધુ જણાય છે. આની ટકાવારી લોકોમાં વધુ છે. વજન ઘણુંય વધી જાય છે. આ તકલીફની સારવાર જો લયબદ્ધ (સારી રીતે) ન કરવામાં આવે તો લાંબે ગાળે હૃદયનો હુમલો, કિડનીનું ડાયાલિસીસ, પગ સડવા, આંખોમાં મોતીયો, કાનમાં સંભળાવાનું ઓછું (કાનમાં મશીન બેસાડવું) વગેરે જીવનભર રહે છે. ધીરે ધીરે શરીર નિષ્ક્રિય થાય પછી અલ્ઝાઈમર અને કંપવાત આવી જાય છે. કોલેસ્ટ્રોલની વ્યાધિ પણ સાથે સાથે વધે. જેના કારણે ગોઠણના ઑપરેશન થવા, પગના તળિયામાં અતિ બળતરા થવી વગેરે.

બહારના ઈન્સ્યુલીન લેવાના કારણે કિડની-ડાયાબિટિસ - ડાયાબિટિસમાં બહારથી ઈન્સ્યુલીન કે મેટફોર્મિન દવાઓ લેવાના કારણે કિડનીના નેફ્રામ અકાર્યક્ષમ થાય છે. યુરિનનું ફિલ્ટરેશન થતું નથી જેના કારણે કિડની ફેલ્યોર કે ડાયાલિસીસ પર જવું પડે છે. કિડનીમાં બોમેન કેપ્સ્યુલનું નાનું સ્ટ્રકચર આવેલું છે તેનું બગડી જવું.

ચામડીના ઘણાં દર્દો પણ ઘણીવાર ડાયાબિટીસના કારણે થાય છે. ચામડી કાળી પડવી. લગભગ આ વ્યાધિ આઈસક્રીમ કે ડેઝર્ટ વધુ ખાવાથી થાય છે. આઈસક્રીમ પણ નકલી ઘી, રિફાઈન્ડ તેલ અને સોલ્વન્ટથી બને છે. તેમાં વપરાતા રંગો એ બધા હેવી કેમિકલથી બને છે.

આ શિયાળાની ઋતુમાં મળતી શાકભાજીઓનો ઉપયોગ કરી આ બીમારીને જલદીથી દૂર કરી શકાય છે. લીંબુ, બીજોરાને બાફીને ખાવા (કશું નાખ્યા વગર). પાલક, તાંદળજો ભાજી, ચંદન બથુવા ભાજી, સૂવા ભાજી, ભારંગી ભાજી રસ, લીલું જીરું નાખીને લ્યો. બેબીકોર્ન સાંતળી લો. અલ્કોઝના પાન, બીટના પાન, મૂળા પાન, મેથી ભાજીનો રસનો ઉપયોગ કરવો. વટાણા, તૂરિયા, ગલકા, પીળા કેપ્સીકમ, દૂધીની છાલ, વગેરેની ચટણીઓ લો. (રાંધેલા શાકભાજી ઓછા લેવા), ચટણીઓ વધુ ખાવ. સફરજન, પેરૂ, પેર, પરપોટાની ચટણી લો. આમળાં, સ્ટાર ફ્રૂટ, કાચા ટમેટાની ચટણી લો.

અન્ય ઘણીય શાકભાજીનો ઉપયોગ ભોજનમાં વ્યવસ્થિત કરો. અનાજ વીસથી ત્રીસ ટકા જેટલું રાખો. વધુ પાંદડાવાળી ભાજીના રસોનો ઉપયોગ કરો. સલાડ લો. સલાડને શાકભાજીની ચટણીથી મેરીનેસન કરી વધુ ખાવ. શક્કરિયાનો ઉપયોગ ખૂબ કરો જે શરીરને મજબૂત બનાવે છે. સુગર જલદી ઓછી કરે છે.

ડાયાબિટીસમાં દવાઓ લેવી, ઈન્સ્યુલીન લેવાની આદતના કારણે રોજ રોજ ડોઝ વધતો જાય છે અને ઘણી બધી એલર્જીક પરિસ્થિતિ ઊભી થાય છે. આંખો અને હાડકાંના સ્નાયુઓને વધુ અસર થાય છે. જેના કારણે વ્યક્તિ શારીરિક રીતે બીજાના આધારે રહેવું પડે છે જે ખૂબ જ દુઃખદાયી છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
રેખા દેશરાજ

# અમૃત છે ત્રિફળા...

ત્રિફળા એ સંસ્કૃતના બે શબ્દોને જોડીને બનાવાયો છે 'ત્રિ' તથા 'ફલા', એટલે કે ત્રણ ફળોનું સંયોજન. વાસ્તવમાં ત્રણ ફળોથી ત્રિફળા બને છે. આ ત્રણ ફળ એટલે આંબળાં, હરડે અને બહેડાં. આ ત્રણેય ફળોને સુકાવીને પાઉડર બનાવવામાં આવે છે. હવે તો આધુનિક યુગમાં બજારમાં આ ત્રિફળા ટેબલેટ અને કાઢાના રૂપમાં મળે છે. આયુર્વેદમાં ત્રિફળાને ત્રિદોષનાશક કહેવામાં આવે છે, જે શરીરના ત્રણેય દોષ જેવા કે વાત, પિત્ત અને કફને દૂર કરે છે.

શિયાળામાં ઠંડીનો હલકો ચમકારો થાય એટલે આપણા શરીરની પ્રવૃત્તિ ધીમી પડી જાય છે. પાણી ઓછું પીવામાં આવે છે. ત્વચા સૂકી થઈ જાય છે, પાચનમાં પણ ગડબડી શરૂ થઈ જાય છે, સાંધામાં દુઃખાવો અને નિંદરને લઈને પણ તકલીફ શરૂ થાય છે. એવામાં ત્રિફળા ખૂબ કારગર નિવડે છે. ઠંડીમાં એ આપણા શરીરને અંદરથી શુદ્ધ કરે છે, સંતુલન જાળવે છે અને ઊર્જાવાન બનાવે છે.

આપણે તળેલા ખોરાક વધુ પડતાં આરોગીએ છીએ અને કારણે આપણી પાચન શક્તિ નબળી બની જાય છે. ત્વચા રૂક્ષ થઈ જાય છે અને ચહેરો પણ નિસ્તેજ દેખાય છે.

શિયાળામાં રક્તપ્રવાહ ધીમો થાય છે. એથી સાંધામાં દુઃખાવો થાય છે અને અકડાઈ જાય છે. વધારે પડતું જમવાને કારણે આપણું વજન વધવા માંડે છે. આપણે વધુ સક્રિય ન હોઈએ તો ફેટ જમા થાય છે અને કોલેસ્ટ્રોલ પણ વધે છે. ઠંડીમાં સવારે જલદી જાગવામાં આળસ આવે છે અને એથી દિવસભર આપણને થાક લાગે છે. આ બધી તકલીફોમાં ત્રિફળા કામ આવે છે. આ ત્રિફળા માત્ર ત્રણ ફળોનું મિશ્રણ જ નથી પરંતુ અનેક ગુણોનો ખજાનો છે. આમાં આંબળાની માત્રા વધુ હોવાથી એ ઈમ્યુનિટી વધારવામાં અને શરીરને સ્ફૂર્તિવાન બનાવવામાં મદદરૂપ થાય છે.



ત્રિફળામાં બહેડાં હોવાને કારણે એ ફેફસાં અને શ્વસનતંત્રને મજબૂત બનાવે છે. સાથે જ શિયાળામાં શરદી અને કફથી આપણને બચાવે છે. પાચનશક્તિને પણ સુધારે છે. આવી રીતે ત્રણ ફળોનું મિશ્રણ અનેક ગુણોથી ભરપૂર છે. જે શરીરનાં ત્રણેય દોષને સંતુલિત રાખે છે.

**ત્રિફળાના અન્ય ગુણઃ**

- પાચન અને કબજિયાતથી બચાવે
- ઈમ્યુનિટી અને આંખની સ્થિતિ સુધારે
- રક્ત શુદ્ધ અને ત્વચાને સાફ કરે
- શરદી અને થાકથી બચાવે
- ઊર્જા આપી, શરીરને સાફ કરે

ત્રિફળા એક કુદરતી ક્લિંઝરનું કામ કરે છે. જે શરીરને અંદરથી સાફ રાખીને આપણી ઈમ્યુનિટીને મજબૂત બનાવે છે.

રાતે સૂતા પહેલા એક ચમચી ત્રિફળાનું ચૂર્ણ હૂંફાળા પાણીમાં લેવું અથવા તો સવારે ખાલી પેટ હલકા ગરમ પાણી સાથે લેવું. સતત બે-ત્રણ મહિના એનું સેવન કરવાથી શરીર હલકું, ત્વચામાં નિખાર અને પાચનતંત્રમાં મજબૂતીનો એહસાસ થાય છે.

શિયાળામાં ત્રિફળાનું સેવન આંતરડાની ગતિને સામાન્ય બનાવે છે. શરીરમાં જમા થયેલા કચરાને બહાર કાઢવામાં મદદ કરે છે. ત્રિફળામાં એન્ટિ-ઓક્સિડેન્ટ ગુણ હોવાથી તે શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢે છે. એનાથી રક્ત શુદ્ધ થાય છે અને ત્વચામાં કુદરતી ચમક આવે છે.

ત્રિફળા શરીરમાંથી ઝેરીલા પદાર્થોને અને યુરિક એસિડને બહાર કાઢી સોજા અને અક્કડપણાથી બચાવે છે.

ત્રિફળામાં રહેલા હરડેથી આપણને આરામદાયક નિંદર આવે છે.

ત્રિફળા આપણા શરીરના મેટાબોલિઝમને સક્રિય રાખે છે. એથી વજન ઘટાડવામાં પણ મદદ થાય છે.

કુલ મળીને ત્રિફળા કુદરતી અમૃત સમાન છે. ત્રિફળા જેવી સરળ અને સુલભ આયુર્વેદિક ઔષધ શરીરને ઠંડીની અનુકૂળ ઢાળવામાં મદદ કરે છે. એથી એને દવા નહીં, પરંતુ દૈનિક સ્વાસ્થ્ય રક્ષાનો ઉપાય કહેવામાં આવે છે. ■

# બેંગકોકથી અમદાવાદ આવેલા બે પેસેન્જર પાસેથી ૬.૫૦ કરોડનો પ્રતિબંધિત હાઈબ્રીડ ગાંજો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર બેંગકોકથી થાય એરલાઇન્સમાં અમદાવાદ આવેલા બે જુદાજુદા પેસેન્જર પાસેથી કસ્ટમના અધિકારીઓએ ૬ કરોડ પચાસ લાખનો પ્રતિબંધિત ગાંજો જપ્ત કરીને બંને પેસેન્જરની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

એરપોર્ટ કસ્ટમનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર બે પેસેન્જર બેંગકોકથી અમદાવાદ આવ્યા હતા એક પેસેન્જરની ફિઝિકલ તપાસ કરતા કશું મળી આવ્યું ન હતું તેમ છતાં બેગેજની તપાસ કરવામાં આવતા ગ્રીન કલરના ચાર પ્લાસ્ટિક પેકિંગ સાથે પ્રતિબંધિત ગાંજો મળી આવ્યો હતો જેને ઇન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ચાર કરોડથી વધારે થવા જાય છે કસ્ટમ વિભાગે ૪.૧૮૦ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો એટલું જ નહીં આ જ ફ્લાઈટમાં આવેલા અન્ય પેસેન્જરની તપાસ કરવામાં આવતા તેના બેગેજમાંથી ગ્રીન કલરના પ્લાસ્ટિક પેકિંગ સાથેના બે પેકેટ મળી આવ્યા હતા. તેમાંથી પણ ૨.૦૩૯ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજો મળી આવ્યો હતો જેની કિંમત બે કરોડથી વધારે થવા જાય છે. આમ કસ્ટમ વિભાગે ૬ કરોડ ૫૦ લાખનો પ્રતિબંધિત ગાંજો જપ્ત કરીને પેસેન્જર હિન્દુજા મનીકરમ અને નિકોલસ ગુરબાનીની એનડીપીએસ એક્ટ ૧૯૮૫ મુજબ ધરપકડ કરી હતી. કસ્ટમ વિભાગે ધરપકડ કરતા પહેલા એફએસએલમાં ગાંજો ચકાસણી માટે મોકલી આપ્યો હતો ત્યારબાદ એવી હકીકત બહાર આવી હતી કે આ હાઈબ્રીડ ગાંજો છે અને તેની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યૂ કરોડો રૂપિયામાં થવા જાય છે. છેલ્લા દોઢ બે મહિનાથી ગાંજાની હેરાફેરી ઉપર બ્રેક વાગી ગઈ હતી એટલું જ નહીં સોનાની દાણચોરી ઉપર પણ બ્રેક વાગી ગઈ હતી અને અચાનક જ ગાંજાની હેરાફેરી શરૂ થઈ જતા કસ્ટમના એરપોર્ટના અધિકારીઓ આવા કેરિયર પેસેન્જર ઉપર નજર રાખી રહ્યા છે.

# ગુજરાતમાં ૨૦૦ કરોડની સાયબર ઠગાઈના આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ, છ આરોપી ઝડપાયા, ૩૮૬ ગુના ઉકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સ્થિત સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સ, ગાંધીનગર દ્વારા એક ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. પોલીસે આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમના ગુનાઓ આચરતા એક મોટા નેટવર્કના છ આરોપીઓની ધરપકડ કરી હતી. આ ગૅંગે દેશના જુદા-જુદા રાજ્યોમાંથી લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ કરી હતી, જેમાં કુલ ૩૮૬ કેસને અંજામ આપવામાં આવ્યો હતો. પોલીસે આરોપીઓને મોરબી, સુરત અને સાવરકુંડલા ખાતેથી દબોચી લીધા હતા. પોલીસે પકડેલા આરોપીઓ મહેન્દ્ર સોલંકી, રૂપેન ભાટિયા (મોરબી), રાકેશ લાણિયા, રાકેશકુમાર દેકાવાડિયા (સુરેન્દ્રનગર), વિજય ખાંભલ્યા અને પંકજ કથિરિયા (સુરત) પાસેથી ૧૨ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા અને ૧૦૦થી વધુ બૅન્ક એકાઉન્ટની વિગતો મળી આવી હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ ગૅંગની મોડસઓપરેન્ડી હતી. તેઓ ભારતમાં છેતરપિંડી કર્યા બાદ નાણાંનો નિકાલ કરવા માટે દુબઈમાં બેઠેલા સાયબર ક્રાઇમ સિન્ડિકેટ સાથે જોડાયેલા હતા. આરોપીઓ અલગ-અલગ બૅન્કોમાં મ્યુચ્યુઅલ એકાઉન્ટ ખોલાવતા હતા. આ ખાતાઓમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકો પાસેથી છેતરપિંડી દ્વારા ભેગા કરાયેલા નાણાં જમા થતા હતા. જમા થયેલા નાણાંનું ચેક વિડ્રોલ, એટીએમ વિડ્રોલ, ઓનલાઈન એપ્સ દ્વારા રોકડમાં અથવા ક્રિપ્ટો કરન્સીમાં ઝડપથી રૂપાંતર કરવામાં આવતું હતું. અંતે, આ નાણાંને આંગડિયા અથવા ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન મારફતે દુબઈમાં બેઠેલા સિન્ડિકેટના આરોપીઓને મોકલી આપીને તેઓ પોતાનું કમિશન મેળવતા હતા. આ ગૅંગે પોતાના આર્થિક લાભ માટે લખતર એ.પી.એમ.સી.માં પેઢી રજિસ્ટર કરીને દુકાનની આડમાં આ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવી હતી.

આ સિન્ડિકેટ દ્વારા જુદી-જુદી નવ પ્રકારની મોડસઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ડિજિટલ અરેસ્ટ ફ્રોડ, ફાઇનાન્સિયલ ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ, લોન ફ્રોડ અને વિશિંગ કોલ ફ્રોડ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

# ગાંધીધામના પરિણીત યુવકને બ્લેકમેઇલ કરી ₹ પાંચ કરોડ પડાવનાર મુંબઈની સિમરન ઝડપાઈ

અમદાવાદઃ કચ્છના ગાંધીધામનો પરિણીત યુવક મુંબઈની સિમરન નામની યુવતી પાછળ પાગલ થયો હતો. આ પછી યુવકે મહિલાની ચાહતમાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન ટુકડે ટુકડે ૫.૫૮ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

છેતરપિંડી મામલે યુવકે ગત જાન્યુઆરી, ૨૦૨૫માં ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અગાઉ પોલીસે આરોપી યુવતીના પતિ કૈલાસ ગાયકવાડની ધરપકડ કરી હતી. આ પછી પતિની મદદથી ગાંધીધામના યુવકના કરોડો પડાવવાના ગુનામાં મુંબઈની સિમરનની પોલીસે ધરપકડ કરી હતી. ગાંધીધામના પડાણાના યુવકે ટ્રક, જમીન વેંચી, મિત્ર, પરિચિતો સહિતના લોકો પાસેથી વ્યાજે રૂપિયા લઈને મુંબઈની સિમરન નામની મહિલા પાછળ કરોડો રૂપિયા ગુમાવ્યા હતા. જો કે અંતે યુવકને છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે આરોપી યુવતીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, કચ્છના ગાંધીધામનો ૩૨ વર્ષીય યુવક વર્ષ ૨૦૨૦માં ફાયનાન્સના કામથી ત્રણ મિત્રો સાથે મુંબઈ ગયો હતો. જ્યાં તેની મુલાકાત સિમરન નામની મહિલા સાથે થઈ હતી. આ પછી બંને એકબીજાના કોન્ટેક્ટમાં આવ્યા હતા. જો કે, એક વર્ષ બાદ યુવક ફરી મુંબઈ જઈને સિમરનને મળ્યો હતો. ત્યારબાદ યુવક સિમરનના મોહમાં આવી જતાં તેણે મહિલાને ગાંધીધામ આવવા કહ્યું હતું, પરંતુ સિમરને તેના પતિ કૈલાસ ગાયકવાડ સાથે વાત કરવા કહ્યું હતું.

# મોરબીના સાહિલ માજોઠીનો યુક્રેનમાં આત્મસમર્પણ કેસ દિલ્હી હાઈ કોર્ટમાં પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુક્રેનમાં આત્મસમર્પણ કરનાર મોરબીના રહેવાસી સાહિલ માજોઠીનો કેસ દિલ્હી હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. સાહિલના પરિવારે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

હાઈ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયને આ મામલે ચાર અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

હાઈ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે સાહિલ આજે ક્યાં છે, જેનો સરકાર કોઈ જવાબ આપી શકી ન હતી. હાઈ કોર્ટે કેન્દ્ર સરકારને યુક્રેનની સરકાર અને ભારતીય દૂતાવાસ સાથે વાત કરવા માટે એક અધિકારીની નિમણૂક કરવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે સાહિલને તેની માતા સાથે વાત કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ મામલે આગામી સુનાવણી ૩ ડિસેમ્બરે થશે. સાહિલના વકીલે જણાવ્યું હતું કે સાહિલ દિલ્હીમાંથી પસાર થયા પછી દિલ્હી હાઈ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રશિયા માટે લડતા ૨૨ વર્ષીય ભારતીય યુવક સાહિલ મોહમ્મદ હુસૈન માજોઠીએ યુક્રેનમાં આત્મસમર્પણ કર્યું હતું. ગુજરાતના મોરબીનો રહેવાસી સાહિલ માજોઠી અભ્યાસ માટે રશિયા ગયો હતો.

કિવ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, યુક્રેનની ૬૩મી મિકેનાઇઝ્ડ બ્રિગેડે એક વીડિયો લોન્ચ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે સાહિલને ડ્રગ્સના ગુના બદલ સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. જેલથી બચવા માટે, તેને રશિયન સેનામાં જોડાવાની ઓફર મળી હતી. સાહિલે વીડિયોમાં જણાવ્યું હતું કે તે જેલમાં જવા માગતો ન હતો, તેથી તેણે રશિયન સેના સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તેને ફક્ત ૧૬ દિવસની તાલીમ મળી હતી અને ૧ ઓક્ટોબરના રોજ પહેલી વાર લડાઈ માટે મોકલવામાં આવ્યો હતો.

ત્રણ દિવસની લડાઈ પછી, તેણે યુક્રેનિયન સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

વિદ્યાર્થીએ કહ્યું હતું કે, મેં મારાં હથિયારો મૂકી દીધા છે, હું લડવા માગતો નથી, મને મદદની જરૂર છે. સાહિલે કહ્યું હતું કે તે રશિયા પાછો ફરવા માંગતો નથી. તેણે એમ પણ કહ્યું હતું કે તેને સેનામાં જોડાવા માટે પૈસા આપવાનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ તેને ક્યારેય મળ્યું નથી. યુક્રેને રશિયા માટે લડતા ઘણા વિદેશી સૈનિકોને પકડ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રશિયાએ ભારત જેવા દેશોમાંથી લોકોને નોકરી કે શિક્ષણનું વચન આપીને ભરતી કરી છે.

# અમદાવાદ મનપાનો એસજી હાઈવે પર સપાટો, ૧૩૭ વાહનોને લોક મારી ₹ ૯૩,૮૦૦નો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ અને એસ.જી ૧- ૨ ટ્રાફિક પોલીસ અને એ ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે પશ્ચિમ વિસ્તારમાં દબાણો દૂર કરવાથી લઈને રોડ પર ગેરકાયદેસર રીતે પાર્ક કરેલાં વાહનો અંગે ડ્રાઇવ યોજી હતી. ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા સંયુક્ત રીતે શહેરના એસજી હાઇવેથી પકવાન ક્રોસ રોડથી થલતેજ ક્રોસ રોડથી ગોતા ક્રોસ રોડથી વૈષ્ણોદેવી સર્કલ સુધી તથા પકવાન ક્રોસ રોડથી જજીસ બંગલો રોડથી માનસી સર્કલ ચાર રસ્તાથી કેશવબાગ ચાર રસ્તા સુધીના રોડ પર લારી ગલ્લાના દબાણ અને ગેરકાયદેસર રીતે રોડ પર વાહન પાર્કિંગને લઈને ડ્રાઇવ કરવામાં આવી હતી. પોલીસ અને કોર્પોરેશનની સંયુક્ત ડ્રાઇવમાં લોકો બેફામ રીતે રોડ ઉપર વાહન મૂકી જતા હોવાનું સામે આવ્યું હતું.

કુલ ૧૩૭ જેટલાં વાહનો ગેરકાયદેસર રીતે રોડ પર પાર્કિંગ કરેલા મળી આવતા તેને લોક મારી દેવામાં આવ્યા હતા. રૂ. ૯૩,૮૦૦નો દંડ પણ વસૂલ્યો છે. લોકો પોતાના વાહનો રોડ ઉપર મૂકી દેતા હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા વધારે જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે ટ્રાફિક પોલીસ અને કોર્પોરેશનની સંયુક્ત ડ્રાઇવ માત્ર એક દિવસ પૂરતી જ જોવા મળે છે.હાઇ કોર્ટની સુનાવણી નજીક આવતાની સાથે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ હરકતમાં આવી છે. ગુજરાત હાઇ કોર્ટ દ્વારા મુખ્ય પાંચ રોડ ઉપર દબાણને લઇ ટકોર કરવામાં આવી હતી. ત્યારે એસજી હાઇવે પર પકવાન ચાર રસ્તાથી થલતેજ ક્રોસ રોડ થઈ વૈષ્ણોદેવી સર્કલ સુધી ડ્રાઈવ કરવામાં આવી હતી.

# ગુજરાતમાં રખડતા શ્વાનની સંખ્યા ૮.૫૦ લાખને પારઃ દેશમાં નવમા ક્રમે

અમદાવાદઃ ગુજરાતમાં શેરીમાં રખડતા શ્વાનની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. એક અંદાજ પ્રમાણે રાજ્યમાં શેરીમાં રખડતા શ્વાનની સંખ્યા ૮.૫૦ લાખ છે અને દેશમાં ગુજરાત નવમા ક્રમે છે. એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા ૨૦૧૯ના સર્વે મુજબ, શ્વાનની સંખ્યા ૨ ટકાના દરે વધી રહી છે. ગાર્બેજમાં વધારો, ખસીકરણની નબળી કામગીરી શ્વાનની સંખ્યામાં વધારો થવાના મુખ્ય કારણો છે. રાજ્યની આશરે ૪૯ ટકા વસતી શહેરમાં વસે છે. શહેરી વિસ્તારોમાં શેરીમાં રખડતાં શ્વાનોને સરળતાથી ખોરાક મળી રહે છે. ઉપરાંત ગુજરાતનો ૧૬૦૦ કિમી લાંબો દરિયાકિનારો અને મરીન વેસ્ટના કારણે પણ ખોરાક સરળતાથી મળી રહે છે. છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં શ્વાન કરડવાના ૧૨,૪૯,૦૬૮ કેસ નોંધાયા છે. દેશમાં ઉત્તર પ્રદેશમાં શ્વાનની સંખ્યા સૌથી વધુ છે. યુપીમાં ૨૦.૬૦ લાખ, જે બાદ ઓડિશામાં ૧૭.૩૦ લાખ અને મહારાષ્ટ્રમાં ૧૨.૮૦ લાખ શ્વાન છે. રાજસ્થાન, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશમાં ૧૦-૧૦ લાખ, આંધ્ર પ્રદેશમાં ૮.૬૦ લાખ, બિહારમાં ૮ લાખ, દિલ્હી અને તેની આસપાસ ૫.૫૦ લાખ, પંજાબમાં ૫.૨૦ લાખ શ્વાન છે. રખડતા શ્વાનની વસ્તીને નિયંત્રિત કરવા માટે ખસીકરણ સૌથી અસરકારક પદ્ધતિ માનવામાં આવે છે.એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા અનુસાર લગભગ ૬૦ ટકા રખડતા શ્વાન શહેરી વિસ્તારોમાં રહે છે અને અમદાવાદ જેવાં સ્થળોએ, ફેક્ટરી કામદારો અને રહેવાસીઓ ઘણીવાર તેમને ખવડાવે છે,

# શૅરબજારમાં ગુજરાતી મહિલાઓની સંખ્યા ૨૮ ટકા પર પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલાઓ પણ શેરબજારમાં મોટા પાયે રોકાણ કરી રહી છે. એનએસઈના આંકડા પ્રમાણે, શેરબજારમાં રોકાણ કરતી ગુજરાતી મહિલાઓની સંખ્યા ઓલ ટાઈમ હાઈ ૨૮ ટકા પર પહોંચી છે. ગુજરાતમાં શેરબજારમાં રોકાણ કરનારા લોકોની સંખ્યા ૧.૦૩ કરોડ છે. જે પૈકી ૨૮ ટકા મહિલાઓએ ન માત્ર રાષ્ટ્રીય સરેરાશ ૨૪ ટકાને પાછળ રાખી છે પરંતુ મહારાષ્ટ્ર (૨૮.૬ ટકા)ની સમકક્ષ પહોંચી છે. ઉત્તર પ્રદેશમાં પણ એક કરોડથી વધુ રોકાણકારો ધરાવતાં રાજ્યોમાં સામેલ છે, અહીં માત્ર ૧૮ ટકા મહિલા રોકાણકારો છે. રાજ્યમાં મહિલા રોકાણકારોની ભાગીદારીમાં વૃદ્ધિ સ્થિર રહી છે. માર્ચ ૨૦૨૩માં ૨૬.૬ ટકા હતી, જે સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં વધીને ૨૮ ટકા થઈ હતી. આ બાબત ગુજરાતી ઘરોમાં મહિલાઓ નાણાકીય નિર્ણય લેવાની જવાબદારી કેવી રીતે વધુને વધુ સંભાળી રહી છે તે દર્શાવે છે.

એનએસઈ રિપોર્ટ અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં એનએસઈના વ્યક્તિગત રોકાણકારમાં મહિલાઓનો હિસ્સો ૨૪.૬ ટકા પર સ્થિર રહ્યો છે.

નોંધાયેલા રોકાણકારો દ્વારા ટોચનાં પાંચ રાજ્યોમાં, મહારાષ્ટ્ર ૨૮.૬ ટકા સાથે આગળ છે, ત્યારબાદ તમિળનાડુ ૨૮.૨ ટકા સાથે આવે છે. ભારતનાં લગભગ ૫૩ ટકા રાજ્યોમાં હવે મહિલા રોકાણકારોનો હિસ્સો રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધારે છે.

# ગુજરાતના સેનાના જવાનની રાજસ્થાનમાં ચાલુ ટ્રેનમાં છરીના ઘા મારીને હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે મોડી રાત્રે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ગુજરાતના ૨૭ વર્ષીય આર્મી જવાનની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના રવિવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યે લુણકરણસર અને બિકાનેર સ્ટેશનો વચ્ચે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં બની હતી. આ મામલે રેલવે પોલીસે કેટલાક કોન્ટ્રાક્ટ રેલવે એટેન્ડન્ટ્સની અટકાયત કરી હતી અને તેમની પૂછપરછ કરી રહી હતી. એવી શંકા છે કે સેનાના જવાનનો એટેન્ડન્ટ્સ સાથે ઝઘડો થયો હતો.

આ મામલે જીઆરપી બિકાનેરના ઇન્ચાર્જ આનંદ કુમારે જણાવ્યું હતું કે, સેનાના જવાન જીગર કુમાર ચૌધરી ફિરોઝપુર (પંજાબ)થી સાબરમતી એક્સપ્રેસમાં બેઠા હતા. તેમને સાબરમતી (ગુજરાત) પહોંચવાનું હતું. ચાલુ ટ્રેનમાં રસ્તામાં લુણકરણસર અને બિકાનેર વચ્ચે તેમનો કેટલાક યુવાનો સાથે ઝઘડો થયો હતો. બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી. યુવકોએ જીગર કુમારના શરીર પર છરીના ઘા ઝીક્યા હતા, જેના કારણે તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. ડબ્બો પણ લોહીથી રંગાઈ ગયો હતો. તેઓ ઈજાથી ટ્રેનમાં તડપી રહ્યા હતા. ટ્રેન લગભગ ૧૨:૧૫ વાગ્યે બિકાનેર પહોંચી હતી. જીઆરપી અને રેલવેના ડોક્ટરો પહેલાથી જ ત્યાં હાજર હતા.

ડોક્ટરે જીગર કુમારની તપાસ કરી અને તેને બિકાનેરની પીબીએમ હોસ્પિટલમાં રેફર કર્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મૃતદેહને શબઘરમાં રાખવામાં આવ્યો છે. પરિવારના આગમન પછી પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. જવાન પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો તે સ્થળ પર પણ એફએસએલ તપાસ કરવામાં આવશે.

# ગુજરાતના સેમિકન્ડક્ટર સેક્ટર પર વિશ્વની નજર, ધોલેરા હાઈટેક ઉત્પાદનનું મોટું કેન્દ્ર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, રેલવે તથા માહિતી પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્ર પર વિશેષ ફોકસ સાથેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન અત્યંત મહત્ત્વના છે અને વડા પ્રધાનના દિશાદર્શનમાં આ ક્ષેત્રો ખૂબ ઝડપી અને સારી પ્રગતિ કરી રહ્યા છે.

પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, સાયન્સ ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

તેમણે ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, લોજિસ્ટિક્સ અને સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા રેલ, રોડ એન્ડ એર કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની તલસ્પર્શી વિગતો આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા મેળવી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, ભારતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ શરૂ કરવા અગાઉ અનેક પ્રયત્ન થયા હતા પરંતુ હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શાસન દાયિત્વ સંભાળતા આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ભારતમાં કાર્યરત થવા જઈ રહ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સેમિકોન ક્ષેત્રે અગ્રણી લીડર બનશે તેવો લોકોને વિશ્વાસ છે.મુખ્ય પ્રધાને કહ્યું કે, ગુજરાત સેમિકોન હબ તરીકે લીડ લે તેવું જે વાતાવરણ વડા પ્રધાનના દિશાદર્શનમાં ઊભુ થયું છે તેને જાળવી રાખીને સેમિકન્ડક્ટર સેક્ટરના વિકાસ માટે ફોકસ કરવા ટાઈમ બાઉન્ડ પ્લાનિંગ કરવા સંબંધિત વિભાગો સંકલન કેળવીને આગળ વધે તે જરૂરી છે. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને નિયમિત ફોલોઅપ બેઠક યોજવા અને સમયસર ચોકસાઈ સાથે બધાં કાર્યો પૂરાં કરવાની તાકીદ કરી હતી.

# રેશનિંગ દુકાનદારોની હડતાળ મુદ્દે પ્રહલાદ મોદીનો સરકાર પર તાનાશાહી ચલાવવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સસ્તા અનાજની દુકાનના સંચાલકોને મળતા કમિશનમાં વધારા સહિતની અલગ અલગ ૨૦ માગણીને મુદ્દે રાજ્યમાં ૧૭ હજાર જેટલા સંચાલકોએ અચોક્કસ મુદતની હડતાળ પર છે. સસ્તા અનાજના દુકાનદારોની હડતાળ ત્રીજા દિવસે પણ યથાવત રહી હતી. અમદાવાદમાં મળેલી બેઠકમાં પુરવઠા વિભાગના સચિવ મોના ખંધાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નાના ભાઈ અને ઓલ ગુજરાત ફેર પ્રાઇઝ શોપ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સરકારના સચિવ બેઠક છોડીને ચાલ્યા જતા પ્રહલાદ મોદી છંછેડાયા હતા. તેમણે સરકાર પર તાનાશાહી ચલાવવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત પ્રહલાદ મોદીએ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. આ સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે કોઈ પણ દુકાન ખોલવામાં નહીં આવે અમે તમામ લોકો રાજીનામા આપવા માટેની તૈયારી કરી રહ્યા છીએ. પ્રહલાદ મોદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે બેઠક કોઈ ચર્ચા માટે નહીં, પરંતુ બીજી બધી બાબતોની ધમકીઓ આપવા માટે બોલાવવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સસ્તા અનાજના દુકાનદારોની હડતાળને પગલે અનાજ વિતરણની કામગીરી ઠપ થઈ છે. હડતાળના પગલે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્રસચિવ સાથે સસ્તા અનાજની દુકાન સાથે સંકળાયેલાં બંને એસોસિયેશનના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી, પરંતુ હજુ કોઈ નિરાકરણ આવ્યું ન હતું. આ અંગે પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વાજબી ભાવના દુકાનદારોના હિતની ચિંતા કરતાં બે સંગઠન અસ્તિત્વ ધરાવે છે. બંનેએ સાથે મળી સરકાર સામે વર્ષોથી માગણીઓ મૂકી છે, પરંતુ એનું કોઈ નિરાકરણ આવતું નથી. વર્ષોથી અમારી ૨૦ મુદ્દાની માગણીઓ છે, જેમાંથી સરકાર એવું કહે છે કે અમે ૧૧ સ્વીકારી છે, આ ૧૧ તો ખાલી અમલ કરવાનો છે. એ તો કુદરતી ન્યાયના સિદ્ધાંતમાં આવી જાય છે. ખાલી અમલ નથી થતો. એટલે સ્વીકારી છે એવું માની શકાય નહીં.

# ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ અને ગીર સોમનાથના માવઠાથી અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયાથી શરૂ થયેલા કમોસમી વરસાદથી રાજ્યના અનેક ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાનની અણધારી કુદરતી આફતના સમયે સંપૂર્ણ સંવેદના સાથે રાજ્યના ખેડૂતોની પડખે ઊભા રહીને નુકસાનીના સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાવી છે. આ સંદર્ભમાં કૃષિ વિભાગ સહિત રાજ્ય સરકારના અન્ય વિભાગોએ સંકલન કરીને તાત્કાલિક ધોરણે નુકસાનગ્રસ્ત વિસ્તારનો સર્વે શરૂ કર્યો હતો અને અત્યાર સુધીમાં આશરે ૭૦ ટકા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી છે. મુખ્ય પ્રધાન સ્વયં ગીર-સોમનાથ જિલ્લાના કડવાસણ અને જૂનાગઢ જિલ્લાના પાણીદ્રા ગામે સોમવારે બપોર બાદ પહોંચ્યા હતા અને ખેડૂતોના ખેતરોમાં ઊભા પાકને થયેલા નુકસાનનો ક્યાસ સ્થળ સ્થિતિ નિરીક્ષણ દ્વારા તેમણે મેળવ્યો હતો અને ખેડૂતોની આપવીતી સહાનુભૂતિપૂર્વક સાંભળી હતી. મુખ્ય પ્રધાનની સાથે પ્રધાનો અર્જુનભાઈ મોઢવાડિયા, ડો. પ્રદ્યુમન વાજા અને રાજ્ય પ્રધાન કૌશિકભાઈ વેકરીયા પણ આ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાતમાં જોડાયા હતા. મુખ્ય પ્રધાને ધરતી પુત્રોને સધિયારો આપતા કહ્યું કે, સમગ્ર સરકાર તેમની સાથે પૂરી સંવેદનાથી ઊભી છે અને ખેડૂતોને નુકસાનીમાંથી ઝડપભેર પૂર્વવત કરવાની પ્રતિબદ્ધતા સાથે કાર્યરત છે.

# ઓક્ટોબરના માવઠાએ ચાર વર્ષનો રેકોર્ડ તોડ્યોઃ સામાન્ય કરતાં ૩૩૯ ટકા વધુ વરસાદ નોંધાયો

અમદાવાદઃ રાજ્યમાં કમોસમી વરસાદ ખેડૂતો માટે આફતરૂપ બન્યો છે. જો કે આ વર્ષે ચોમાસાએ ધમાકેદાર આંકડા નોંધાવ્યા છે. ૧ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૩૩૯ ટકા વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં આ વર્ષે છેલ્લાં ૪ વર્ષનો સૌથી ધમાકેદાર વરસાદી રેકોર્ડ બન્યો છે. ખાસ કરીને ઓક્ટોબર, ૨૦૨૫માં સામાન્ય કરતાં ૩૩૯ ટકા વધુ વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં ૧૯-૨૧ મિમી વરસાદ થતો હોય છે, જ્યારે આ વર્ષે તે ૮૧.૮ મિમી (૩.૨૨ ઈંચ) નોંધાયો છે. આ આંકડાએ છેલ્લા ચાર વર્ષમાં ઓક્ટોબર મહિનામાં થયેલા વરસાદનો રેકોર્ડ તોડ્યો છે. તેની સરખામણીમાં ૨૦૨૫માં ૮૧.૮ મિમી વરસાદ સાથે આ વર્ષે ઓક્ટોબરમાં સૌથી વધુ વરસાદનો માર પડ્યો છે.

# વડોદરાના પાદરામાં કૉંગ્રેસમાં ગાબડુંઃ ૧૫૦ કાર્યકરો ભાજપમાં સામેલ થયા

અમદાવાદઃ ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થશે. આ પહેલા ભાજપ દ્વારા હાલ રાજ્યભરમાં સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. વડોદરાના પાદરામાં યોજાયેલા સ્નેહ મિલન કાર્યક્રમ દરમિયાન કૉંગ્રેસના ૧૫૦ કાર્યકરો ભાજપમાં સામેલ થયા હતા. ભાજપના પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે ખેસ પહેરાવીને કૉંગ્રેસના કાર્યકર્તાઓનું પક્ષમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસ આગેવાન મહેશ જાદ સહિત પાદરા મત વિસ્તારમાં આવતા જાશપુર અને ડબકા ગામના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. કૉંગ્રેસના કાર્યકર્તાઓ ભાજપમાં ખેસ ધારણ કરતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. પાદરા ખાતે યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખે રસિક પ્રજાપતિએ ભાજપ નેતાઓ પર કટાક્ષ કરી જિલ્લા ભાજપમાં ચાલતી જૂથબંધી વચ્ચે મોટું નિવેદન આપ્યું હતું.

# વર્લ્ડ ચૅમ્પિયનોએ વહાલસોયી ટ્રોફી સાથે આપ્યો અનોખો પોઝ

નવી મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટરોએ રવિવારે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં પહેલી વાર વર્લ્ડ કપ ટ્રોફી જીતીને ભારતીય ક્રિકેટ માટે નવા ઇતિહાસનું સર્જન કર્યું એ પછી સેમિ ફાઇનલની સુપરસ્ટાર બૅટર જેમિમા રૉડ્રિગ્સે ઇન્સ્ટાગ્રામ પરના પોતાના સત્તાવાર હૅન્ડલ પર કેટલાક ફોટો શૅર કર્યા હતા જેમાંનો એક ફોટો અનોખો અને અવિસ્મરણીય છે. એમાં જેમિમા ચૅમ્પિયન ટીમની ઓપનર સ્મૃતિ મંધાના સાથે તેમ જ અન્ય સાથીઓ સાથે હૉટેલના રૂમમાં બેડ પર ટ્રોફી સાથે પોઝ આપી રહેલી જોવા મળે છે.

જેમિમાએ ગુરુવારે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં જ વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં ઑલમોસ્ટ ‘ વન વુમન શૉ’ જેવા પર્ફોર્મન્સમાં અણનમ ૧૨૭ રન કરીને ભારતને ફાઇનલમાં પહોંચાડ્યું હતું. રવિવારે તેણે ૩૭ બૉલમાં ૨૪ રન કર્યા હતા. રવિવારે ભારતે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને વિશ્વ વિજેતાપદ મેળવ્યું હતું.

હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ખેલાડીઓએ દેશનું દાયકાઓ જૂનું સપનું સાકાર કર્યું છે. ભારત આ પહેલાં મહિલા વન-ડે વર્લ્ડ કપમાં બે વખત (૨૦૦૫માં મિતાલી રાજના સુકાનમાં, ૨૦૧૭માં પણ મિતાલી રાજની કૅપ્ટન્સીમાં) ફાઇનલમાં પહોંચ્યું હતું, પરંતુ બન્ને વખત ભારત પરાજિત થયું હતું. ૨૦૧૭ના વર્ષની નિષ્ફળતા વખતે ભારતીય ટીમમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્મા હતી અને આ વખતે ચૅમ્પિયન બનેલી ટીમમાં પણ આ ત્રણ ખેલાડી સામેલ હતી.

ભૂતપૂર્વ ક્રિકેટર મિતાલી રાજે તેમ જ પેસ બોલિંગ લેજન્ડ ઝુલન ગોસ્વામીએ રવિવારે નવી મુંબઈમાં ખૂબ ભાવુક સ્થિતિમાં ટીમ ઇન્ડિયા સાથે જીત ઉજવી હતી અને તેમને શાબાશી આપતા કહ્યું હતું કે અગાઉ બે વખત ભારત જે સિદ્ધિ ન મેળવી શક્યું એ તેમણે આ વખતે હાંસલ કરીને બતાવી.



જેમિમા રૉડ્રિગ્સે સાથી ખેલાડીઓ જોડે હૉટેલની રૂમના બેડ પર ટ્રોફી સાથે પોઝ આપ્યો હતો.

### વિશ્વ વિજેતા ભારતીય ટીમને જાણો શું ઇનામ મળશે

- બીસીસીઆઇ તરફથી ભારતીય ટીમઃ ૫૧ કરોડ રૂપિયા
- પરાજિત સેમિ ફાઇનલિસ્ટ ટીમઃ ૯. ૯૪ કરોડ રૂપિયા
- સાતમા અને આઠમા ક્રમની ટીમઃ ૨.૪૫ કરોડ રૂપિયા
- આઇસીસી તરફથી ચૅમ્પિયન ટીમઃ ૩૯ કરોડ રૂપિયા
- રનર-અપ ટીમઃ ૧૯. ૮૮ કરોડ રૂપિયા
- પાંચમા અને છઠ્ઠા ક્રમની ટીમઃ ૬.૨૧ કરોડ રૂપિયા
- ગ્રૂપ સ્ટેજની મૅચ જીતવા બદલ દરેક ટીમઃ ૩૦.૪૬ લાખ રૂપિયા ■

# કૌશલ્ય, આત્મવિશ્વાસ, ટીમવર્કથી જીતવા બદલ ખૂબ અભિનંદનઃ મોદી

નવી દિલ્હીઃ ભારતીય મહિલા ક્રિકેટરોએ રવિવારે પહેલી જ વખત વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી એ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હરમનપ્રીત કૌરના સુકાનમાં વિશ્વ વિજેતા બનેલી આ ભારતીય ટીમને ‘એક્સ’ પર અભિનંદન આપ્યા હતા અને તેમને ખૂબ બિરદાવી હતી.

પીએમ મોદીએ પ્રશંસાના સંદેશમાં લખ્યું છે, ‘મહિલાઓના આઇસીસી વર્લ્ડ કપમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ જીત મેળવી. તેમણે આ શાનદાર વિજય કૌશલ્ય તથા આત્મવિશ્વાસ જાળવી રાખીને મેળવ્યો અને આખી ટૂર્નામેન્ટમાં બહુ સારું ટીમવર્ક બતાવ્યું અને દૃઢતાપૂર્વક જીત હાંસલ કરી. આપણી તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન. આ ઐતિહાસિક વિજય રાષ્ટ્રના ભાવિ ચૅમ્પિયનોને ખેલકૂદમાં કરીઅર બનાવવા પ્રેરિત કરશે.’



ભારતીય મહિલા ટીમની ઐતિહાસિક જીત બદલ વિરાટ કોહલીએ અભિનંદન આપ્યા છે. ઇન્સ્ટાગ્રામ પરની એક પોસ્ટમાં તેણે લખ્યું છે કે ‘છોકરીઓએ ઇતિહાસ રચ્યો છે. આટલા વર્ષોની મહેનત આખરે ફળીભૂત થઇ એ જોઇને ભારતીય તરીકે મને અત્યંત ગર્વ છે.

મહિલા વન-ડેમાં વર્લ્ડ ચૅમ્પિયન બનનાર ભારત ચોથો દેશ છે.

આ પહેલાં ઑસ્ટ્રેલિયાએ સાત વખત, ઇંગ્લૅન્ડે ચાર વખત અને ન્યૂ ઝીલૅન્ડે એક વખત ટાઇટલ મેળવ્યું હતું.

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ જીતને ૧૯૮૩માં પુરુષ વર્લ્ડ કપ જીત સમયની ભાવના સાથે સરખાવી. તેણે આ જીતને નિર્ણાયક ક્ષણ ગણાવી જે અસંખ્ય યુવાન છોકરીઓને મોટા સપનાં જોવા માટે પ્રેરણા આપશે કે તેઓ પણ એક દિવસ ટ્રોફી ઉપાડી શકે છે.

### વિમેન્સ વન-ડેમાં કોણ ક્યારે વર્લ્ડ ચૅમ્પિયન બન્યું

| | |
|---|---|
| ૧૯૭૩: ઇંગ્લૅન્ડ | ૨૦૦૫: ઑસ્ટ્રેલિયા |
| ૧૯૭૮: ઑસ્ટ્રેલિયા | ૨૦૦૯: ઇંગ્લૅન્ડ |
| ૧૯૮૨: ઑસ્ટ્રેલિયા | ૨૦૧૩: ઑસ્ટ્રેલિયા |
| ૧૯૮૮: ઑસ્ટ્રેલિયા | ૨૦૧૭: ઇંગ્લૅન્ડ |
| ૧૯૯૩: ઇંગ્લૅન્ડ | ૨૦૨૨: ઑસ્ટ્રેલિયા |
| ૧૯૯૭: ઑસ્ટ્રેલિયા | ૨૦૨૫: ભારત |
| ૨૦૦૦: ન્યૂ ઝીલૅન્ડ | |

**નોંધઃ** (૧) પુરુષોની વન-ડેમાં પ્રથમ વર્લ્ડ કપ ૧૯૭૫માં રમાયો હતો, પરંતુ મહિલાઓમાં એના બે વર્ષ પહેલાં (૧૯૭૩માં) રમાયો હતો. (૨) મહિલાઓના પહેલા બે વર્લ્ડ કપમાં ફાઇનલ જ નહોતી રમાઈ. સૌથી ચડિયાતા પૉઇન્ટને આધારે અનુક્રમે ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયાએ વિજેતાપદ મેળવ્યું હતું.

### વર્લ્ડ ચૅમ્પિયનોની બુધવારે મોદી સાથે મુલાકાત

હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવાર, પાંચમી નવેમ્બરે પાટનગર દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મળશે એવું એક અહેવાલમાં જણાવાયું હતું. એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટના અહેવાલ મુજબ બીસીસીઆઇને આ બાબતમાં વડા પ્રધાનના કાર્યાલયમાંથી સત્તાવાર આમંત્રણ મળ્યું છે. બુધવારે ગુરુનાનક જયંતી છે અને એ અવસર વિશ્વ વિજેતા ખેલાડીઓ માટે યાદગાર બની રહેશે. ચૅમ્પિયન ખેલાડીઓ મોદીને મળ્યા બાદ પોતપોતાના રાજ્યમાં પાછા જશે. ■

# ભારતીય મહિલા ક્રિકેટરોનું ઐતિહાસિક વિશ્વ વિજેતાપદ દેશમાં કેવી સકારાત્મક અસર કરી શકે, કેવા ફેરફારો લાવી શકે?

*(અજય મોતીવાલા)*

મુંબઈઃ ભારતની મહિલા ક્રિકેટરો માટે બીજી નવેમ્બરનો દિવસ સુપર સન્ડે હતો જેમાં તેમણે સાઉથ આફ્રિકાને ફાઇનલમાં બાવન રનથી હરાવીને પહેલી જ વખત વર્લ્ડ કપની ટ્રોફી મેળવી લીધી અને આ ઐતિહાસિક તથા અસાધારણ સિદ્ધિને પગલે દેશમાં મહિલા ક્રિકેટ પ્રત્યે, મહિલા વર્ગની યુવા પેઢીમાં અનેક પ્રકારની અસર તેમ જ ફેરફારો જોવા મળી શકે.

ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ટીમની ઘણી ખેલાડીઓ દેશના કોઈ જાણીતા શહેરમાંથી નહીં, પણ નાના નગરમાંથી કે ગામમાંથી ટીમ ઇન્ડિયા સુધી પહોંચી છે. તેમણે ક્રિકેટની તાલીમ લઈને પહેલાં સ્થાનિક સ્તરે ચમક્યા બાદ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સારું પર્ફોર્મ કર્યું અને પછી આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યા બાદ હવે તેઓ વિશ્વ વિજેતાપદના સર્વોચ્ચ લેવલ સુધી પહોંચી છે.

ભારતે રવિવારે નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવ્યું હતું. વરસાદને કારણે લગભગ બે કલાક મોડી શરૂ થયેલી ફાઇનલ ૫૦-૫૦ ઓવરની જ હતી જેમાં સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટે ફીલ્ડિંગ પસંદ કરી હતી. ભારતે શેફાલી વર્મા (૭૮ બૉલમાં ૮૭ રન), દીપ્તિ શર્મા (૫૮ બૉલમાં ૫૮ રન), સ્મૃતિ મંધાના (૫૮ બૉલમાં ૪૫ રન), રિચા ઘોષ (૨૪ બૉલમાં ૩૪ રન), જેમિમા રૉડ્રિગ્સ (૩૭ બૉલમાં ૨૪ રન) વગેરે બૅટર્સના શાનદાર પર્ફોર્મન્સની મદદથી ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કર્યા હતા. સાઉથ આફ્રિકાની ટીમ ખાસ કરીને લૉરા વૉલ્વાર્ટ (૯૮ બૉલમાં ૧૦૧ રન)ના પર્ફોર્મન્સની મદદથી ૨૪૬ રન કરી શકી હતી અને એ સ્કોર પર એની અંતિમ વિકેટ પડ્યા બાદ ભારતીય મહિલા ટીમની ઐતિહાસિક સફર શરૂ થઈ હતી. લીગ રાઉન્ડમાં હૅટ-ટ્રિક હાર પછી પણ ચૅમ્પિયનપદ મેળવીને હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીએ મહિલા ક્રિકેટમાં અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

અગાઉ એવું બનતું જેમાં પુરુષોની મોટી ટૂર્નામેન્ટની મૅચો (ખાસ કરીને ફાઇનલ સહિતની નૉકઆઉટ મૅચો) કરોડો દર્શકો ટીવી પર માણતા હતા. જોકે રવિવારની મહિલા ક્રિકેટરોની ફાઇનલ કરોડો ક્રિકેટપ્રેમીઓએ ટીવી પર માણી અને ભારતીય ખેલાડીઓની આ અપ્રતિમ સિદ્ધિને પગલે હવે ખાતરીથી કહી શકાય કે ભારતમાં મહિલા ક્રિકેટને જબરદસ્ત લિફ્ટ મળશે.



### હરમનપ્રીત ઍન્ડ કંપનીના વિજેતાપદની કેવી અસર અને કયા ફેરફારો થઈ શકે

(૧) હવે વધુ ને વધુ છોકરીઓ ક્રિકેટમાં કરીઅર બનાવવા દોટ મૂકશે અને ઉચ્ચ સ્તર સુધી પહોંચવાનું સપનું સેવશે.

(૨) ક્રિકેટ કોચિંગ ઇન્સ્ટિટ્યૂટોનો રાફડો ફાટી નીકળશે. સોશ્યલ મીડિયામાં ક્રિકેટના પ્રશિક્ષકો જાહેરાતો મૂકશે.

(૩) વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટરોને કરોડો રૂપિયાની કમાણી થઈ એટલે સ્વાભાવિક છે કે યુવા પેઢી પણ ક્રિકેટમાં કારકિર્દી બનાવીને પૈસા બનાવવાની ઇચ્છા રાખશે.

(૪) ભારતીય ટીમમાં ઓપનિંગમાં હરીફાઈ જોવા મળશે. મૂળ ઓપનર પ્રતીકા રાવલ અને સ્મૃતિ મંધાના ઉપરાંત હવે શેફાલી વર્મા પણ જબરદસ્ત કમબૅક સાથે ઓપનિંગના સ્થાન માટે મજબૂત દાવેદાર થઈ ગઈ છે.

(૫) વર્લ્ડ ચૅમ્પિયન ટીમની ખેલાડીઓને આઇસીસી તરફથી કુલ ૩૯ કરોડ રૂપિયાનું અને બીસીસીઆઇ તરફથી ૫૧ કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું એ ઉપરાંત હવે તેમને લાખો ને કરોડો રૂપિયાના એન્ડોર્સમેન્ટસ પણ મળશે. પ્લેયર્સ પાસે કરોડો રૂપિયા આવી રહ્યા છે એટલે ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ લઈને સલાહકારો, દલાલો તેમની પાસે પહોંચી જશે.

(૬) દેશમાં લેડીઝ ક્રિકેટની લોકપ્રિયતા ખૂબ વધશે. ટીવી પર કે સ્ટેડિયમોમાં પુરુષોની ક્રિકેટ જોવામાં મહિલાઓ રસ બતાડતી હોય છે એમ હવે મહિલાઓની ક્રિકેટ મૅચો જોવામાં પુરુષો વધુ ઉત્સુકતા બતાવશે.

(૭) ભારતની વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) ત્રણ વર્ષથી રમાય છે, પરંતુ હવે જ્યારે ભારતીય ટીમ જ પહેલી વાર વિશ્વવિજેતા બની એટલે મહિલાઓની આ ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટને જબરો વેગ મળશે.

(૮) ભારતીય મહિલાઓ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ચેમ્પિયન બની. આ ભૂમિ ક્રિકેટ જગતના નકશા પર તો આવી જ ગઈ, હવે પછી જ્યારે પણ વિમેન ઇન બ્લૂના વર્લ્ડ ચૅમ્પિયનપદની વાત નીકળશે ત્યારે નવી મુંબઈનું નામ અચૂક લેવાશે.

(૯) વર્લ્ડ ચૅમ્પિયન ભારતીય ટીમની ક્રિકેટર-કન્યા માટે ઘણા માગા આવશે.

(૧૦) ભારતની મહિલા ક્રિકેટ ટીમની મૅચ કે સિરીઝ કે ટૂર્નામેન્ટ વખતે સ્પોન્સરની સંખ્યા અગાઉ કરતાં હવે વધશે. મહિલા ક્રિકેટની વધુ મૅચો લાઇવ ટેલિકાસ્ટ થશે. એટલું જ નહીં, પુરુષ ક્રિકેટરોની જેમ હવે મહિલા ખેલાડીઓની મૅચોના પ્રસારણ માટેના ટેલિકાસ્ટ રાઈટ્સ બાબતમાં પણ બીસીસીઆઇને (જાણીતી સ્પોર્ટ્સ ચૅનલો પાસેથી) કરોડો રૂપિયાની આવક થશે. કારણ એ છે કે હવે પછી મોટી સંખ્યામાં લોકો ભારતીય મહિલા ક્રિકેટરોની મૅચો જોશે.

(૧૧) વિદેશી ટીમો (ખાસ કરીને નાનાં ક્રિકેટ રાષ્ટ્રોની ટીમો) ભારતની વર્લ્ડ ચેમ્પિયન ટીમ સામે સિરીઝ રમવા માગશે.

(૧૨) સચિન તેન્ડુલકર, મહેન્દ્રસિંહ ધોની, રોહિત શર્મા, વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજાની જેમ હવે મહિલા પ્લેયર્સ (હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, પ્રતીકા રાવલ, જેમિમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રેણુકા સિંહ ઠાકુર, અમનજોત કૌર, રાધા યાદવ, સ્નેહ રાણા, રિચા ઘોષ વગેરે)નાં નામ પણ હવે ઘેર ઘેર બોલાશે અને તેમનાં પર્ફોર્મન્સની વારંવાર ચર્ચા થશે.

(૧૩) વધુ લેડીઝ ક્રિકેટ સ્પર્ધાઓ રમાશે. ૨૦૦૮માં આઇપીએલ શરૂ થઈ ત્યાર બાદ દેશમાં ઠેકઠેકાણે ટી-૨૦ પ્રીમિયર લીગ શરૂ થઈ હતી. ભારતમાં ક્રિકેટની રમત ધર્મની જેમ પૂજાય છે એટલે કંઈ પણ સંભવ છે.

(૧૪) પતંગ પર જેમ વિરાટ કોહલી, એમએસ ધોની, સચિન તેન્ડુલકર વગેરેના નામ જોવા મળતા હોય છે એમ હવે મહિલા ક્રિકેટરોના નામ પતંગ પર વાંચવા મળશે તો નવાઈ નહીં લાગે. બીજી રીતે કહીએ તો હવે ભારતની મહિલા ક્રિકેટરો પણ ઊંચે આકાશમાં ઉડશે.

(૧૫) ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓને સમારંભોમાં ચીફ ગેસ્ટ બનવા, મૉટિવેશનલ સ્પીકર બનવા આમંત્રણો મળશે. ભારતીય ટીમે લીગ રાઉન્ડમાં (ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા સામે) સતત ત્રણ મૅચ હાર્યા પછી પણ જબરદસ્ત કમબૅક કરીને વિજેતાપદ મેળવી લીધું એ જ બતાવે છે કે પ્રત્યેક ભારતીય ખેલાડીએ આત્મવિશ્વાસ ગુમાવ્યો નહોતો અને એટલે જ વિજેતા બનીને રહી. ■

# દાયકાઓ પછીની ઐતિહાસિક જીત, સદીઓ સુધી યાદ રખાશે








આઇસીસી-ચીફ જય શાહે કૅપ્ટન હરમનપ્રીત કૌરને ટ્રોફી અર્પણ કરી હતી. જીત બાદ ભાવુક થયેલી હરમનપ્રીત કૌર હેડ-કોચ અમોલ મુઝુમદારને પગે લાગી હતી. મહિલા વર્લ્ડ કપના બાવન વર્ષના ઇતિહાસમાં ભારતે પ્રથમ વાર સર્વોચ્ચ સિદ્ધિ મેળવી.





વિરાટ-રોહિતની સિદ્ધિ સાથે હરમન-મંધાનાની ઉપલબ્ધિને સરખાવવાઈ. મિતાલી રાજ (જમણે) પણ ભાવુક થઈ હતી





ઈજાગ્રસ્ત સ્ટાર ઓપનર પ્રતીકા રાવલને વ્હીલચેરમાં સ્ટેડિયમમાં લાવવામાં આવી હતી (ડાબે) પેસ બોલિંગ લેજન્ડ ઝુલન ગોસ્વામી કૅપ્ટન હરમનને ખૂબ ભેટીને રડી હતી (જમણે).

# સુરતના ઉદ્યોગપતિની ચૅમ્પિયન ટીમ માટે ભેટસોગાદો

સુરતઃ સુરત-સ્થિત એક જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્ય સભાના મેમ્બરે વર્લ્ડ કપ જીતનાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમને હીરાજડિત ઘરેણાં અને સૉલર પૅનલ ભેટમાં આપવાની જાહેરાત કરી છે. આ ઉદ્યોપતિ એક જાણીતી પ્રાઇવેટ એક્સપોર્ટ કંપનીના સ્થાપક છે.

પીટીઆઇના અહેવાલ અનુસાર આ ઉદ્યોગપતિએ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના માનદ ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાને રવિવારે ફાઇનલ પહેલાં જ પત્ર મોકલ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે જો ભારતીય ટીમ વિશ્વ વિજેતાપદ મેળવશે તો ચૅમ્પિયન ટીમની દરેક ખેલાડીને હસ્ત કારીગરીથી બનેલી નૅચરલ ડાયમંડ જ્વેલરી તથા સૉલર પૅનલ આપવાની તેમની ઇચ્છા છે.ઉદ્યોગપતિએ એવું પણ કહ્યું હતું કે તેઓ આ ભેટસોગાદ ખેલાડીઓની ટૅલન્ટ તથા સમર્થ-શક્તિને બિરદાવવાના આશયથી આપવા માગે છે. ■

# દીપ્તિ શર્મા જેવો વિક્રમ તો પુરુષોની ક્રિકેટમાં પણ નથી!

નવી મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટની નંબર-વન ઑલરાઉન્ડર દીપ્તિ શર્માએ વર્લ્ડ કપમાં હાઈએસ્ટ બાવીસ વિકેટ તેમ જ કુલ ૨૧૫ રન અને ત્રણ કૅચ સાથે તમામ ખેલાડીઓમાં સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડ પર્ફોર્મ કર્યું એના કરતાં પણ વધુ મોટી સિદ્ધિ તેણે રવિવારે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામેની ફાઈનલમાં મેળવી હતી. તેની આવી ઉપલબ્ધિ પુરુષોની દાયકાઓ જૂની વન-ડે ક્રિકેટમાં પણ ક્યારેય કોઈએ નથી મેળવી.

ભારતે આ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને પહેલી જ વખત વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. બીજી નવેમ્બર, ૨૦૨૫નો દિવસ ભારતીય ક્રિકેટમાં સુવર્ણ દિન તરીકે ઓળખાશે.

મૂળ ઉત્તર પ્રદેશના આગ્રા શહેરની ૨૮ વર્ષીય દીપ્તિ શર્માએ ફાઇનલમાં પહેલાં તો ૫૮ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૫૮ રન કર્યા હતા અને ત્યાર બાદ તેણે ૩૯ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

પુરુષો અને મહિલાઓ, બંને વર્ગની વન-ડે ક્રિકેટમાં આ અગાઉ ક્યારેય કોઈ ખેલાડીએ વન-ડેની એક નૉકઆઉટ મૅચમાં હાફ સેન્ચુરી અને પાંચ વિકેટની ડબલ સિદ્ધિ નહોતી મેળવી. એ ઉપલબ્ધિ રવિવારે દીપ્તિ શર્માએ હાંસલ કરી હતી. મહિલાઓના વન-ડે વર્લ્ડ કપના બાવન વર્ષના ઇતિહાસમાં એક મૅચમાં હાફ સેન્ચુરી અને પાંચ વિકેટની સિદ્ધિ મેળવનારી પણ તે પહેલી જ પ્લેયર બની છે. એક વર્લ્ડ કપમાં તે ૨૦૦-પ્લસ રન અને ૨૦-પ્લસ વિકેટ લેનારી પણ જગતની પહેલી જ ખેલાડી બની છે. તેણે આ વર્લ્ડ કપમાં ત્રણ હાફ સેન્ચુરી ફટકારી હતી અને બે વખત તેણે ચાર કે ચારથી વધુ વિકેટ લીધી હતી.

### દીપ્તિનો આ પણ એક અનોખો વિશ્વવિક્રમ

દીપ્તિ મહિલાઓની વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પાંચ વિકેટ લેનારી વિશ્વની બીજી જ ખેલાડી બની છે. ૨૦૧૭ના વર્લ્ડ કપની ફાઈનલમાં ભારત સામે ઇંગ્લૅન્ડની અન્યા શ્રબસોલે ૪૬ રનમાં છ વિકેટ લીધી હતી. ભારત છેલ્લે એ વર્લ્ડ કપની ફાઈનલ હાર્યું હતું અને ત્યાર પછી આ વખતે પહેલી વખત ફરી ફાઈનલમાં પહોંચ્યું અને ટાઈટલ જીતી જ લીધું. શ્રબસોલ પેસ બોલર હતી. એ જોતાં દીપ્તિ શર્મા વર્લ્ડ કપની ફાઈનલમાં પાંચ વિકેટ લેનાર વિશ્વની પહેલી જ સ્પિનર બની છે. ■

# કાશ્મીરમાં ટૂર્નામેન્ટના આયોજકો ભાગી ગયા! ગેઇલ સહિતના ખેલાડીઓ અમ્પાયરો ફસાયા

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે ઇન્ડિયન હેવન પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ ટૂર્નામેન્ટમાં સ્થાનિક ખેલાડીઓ સાથે વેસ્ટ ઈન્ડિઝનો ક્રિસ ગેઇલ, ન્યૂ ઝીલેન્ડનો જેસી રાઇડર અને શ્રીલંકાનો થિસારા પરેરા જેવા સ્ટાર ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સ્ટાર ખેલાડીઓ પણ ભાગ લઇ રહ્યા છે, એવામાં આ ટૂર્નામેન્ટના આયોજકો રાતોરાત શ્રીનગર છોડીને ભાગી જતાં ખેલાડીઓ, અમ્પાયર્સ અને અન્ય ઘણાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

અહેવાલ મુજબ યુવા સોસાયટી નામનાં એક નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, કથિત રીતે પ્રદેશના રમતગમત અધિકારીઓએ પણ આ ટૂર્નામેન્ટના આયોજનમાં મદદ કરી હતી. આ ટૂર્નામેન્ટ ૨૫ ઓક્ટોબરથી ૮ નવેમ્બર સુધી ચાલવાની હતી, મેચોનું સ્ટ્રીમિંગ ફેનકોડ પર થઇ રહ્યું હતું.

રવિવારે આયોજકો ગાયબ થઇ જતાં ટૂર્નામેન્ટ બંધ કરવામાં આવી હતી જેને કારણે ૪૦ ખેલાડીઓ, અમ્પાયરો અને અન્ય લોકો હૉટલોમાં ફસાઈ ગયા હતા. આયોજકો હૉટેલના બિલ ચૂકવ્યા વગર ગાયબ થઇ ગયા છે.

ક્રિસ ગેઇલ સહિત કેટલાક ખેલાડીઓ શનિવારે જ હૉટેલ છોડીને જતા રહ્યા હતા. ખેલાડીઓની આયોજકો સાથે કોઈ મુદ્દે તકરાર થઇ હતી, ત્યાર બાદ હોટેલ છોડી જતા રહ્યા હતા. આઠ ટીમની આ ટૂર્નામેન્ટની શરૂઆતથી જ લોજિસ્ટિક્સ ફેઇલ્યોરના અહેવાલ મળ્યા હતાં, પહેલા દિવસે ટીમોએ યુનિફોર્મ પહેર્યા ન હતાં. સ્પોન્સર્સ છેલ્લી ઘડીએ ખસી ગયા હતાં, જેના પરિણામે આયોજકો પાસે નાણા ખતમ થઈ ગયાં હોવાનું મનાય છે. ■

# સેન્સેક્સે નિરસ હવામાનમાં સુસ્ત ચાલ સાથે પોઝિટિવ ઝોનમાં પાછો ફરીને બે દિવસના ઘટાડાના દોરને બ્રેક મારી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સપ્તાહના પહેલા દિવસે પસંદગીના ઓટો અને બેન્ક શેરોમાં સારી લેવાલી અને ઉછાળા નોંધાયા હોવા છતાં સેન્સેક્સ સુસ્ત ચાલ સાથે માંડ ૪૦ પોઇન્ટના સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં પાછો ફર્યો હતો. દિવસ દરમિયાન, તે ૮૪,૧૨૭ની ઊંચી સપાટી અને ૮૩,૬૦૯.૫૪ની નીચી સપાટી વચ્ચે ફંગોળાયા બાદ અંતે સેન્સેક્સ ૩૯.૭૮ પોઇન્ટ અથવા ૦.૦૫ ટકા વધીને ૮૩,૯૭૮.૪૯ પર સ્થિર થયો હતો અને તેના ૧૪ શેરમાં સુધાલો જ્યારે ૧૬ શેરમાં ઘટાડો હતો. એનએસઈ નિફ્ટી ૪૧.૨૫ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકાના નજીવા વધારા સાથે ૨૫,૭૬૩.૩૫ પર બંધ થયો હતો.

બજારના સાધનો અનુસાર તેજી માટેના ટ્રીગરના અભાવને કારણે પ્રોફિટ બુકિંગ તેમ જ એફઆઇઆઇની વેચવાલીને કારણે સેન્ટિમેન્ટ ડહોળાયું છે. આ ઉપરાંત અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના ઊંબાડિયાને કારણે રોકાણકારો અને ફંડો ફરી સેફ હેવન એસેટ તરફ ફંટાઇ રહ્યાં છે. ટ્રમ્પે હાલમાં જ એક તરફ નાઇજિરિયા પર હુમલો કરવાની ધમકી ઉચ્ચારી હતી તો બીજી તરફ ચીનને પમ ગર્ભીત ધમકી આપી હતી. રોકાણકારોની નજર ખાસ કરીને અમેરિકા અને ચીન તથા અમેરિકા અને ભારત વચ્ચેની ડીલ પર રહેશે.

સેન્સેક્સ કંપનીઓમાં મહિન્દ્રા અને મહિન્દ્રા સૌથી વધુ વધ્યા હતા, ઓક્ટોબરના વેચાણના ડેટા પછી શેર ૧.૭ ટકા ઊછળ્યો હતો. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સમાં ૧.૬૯ ટકાનો વધારો થયો હતો. ઇટર્નલ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ભારતી એરટેલ અને કોટક મહિન્દ્રા બેંક અન્ય ગેઇનર્સમાં સામેલ હતા. જોકે, મારુતિ સુઝુકીમાં સૌથી વધુ ૩.૩૭ ટકાનો ઘટાડો થયો હતો. આઇટીસી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, લાર્સન એન્ડ ટુબ્રો, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને ટાઇટન ટોપ લુઝર્સ શેર રહ્યાં હતાં.

ફિનટેક કંપની પાઈન લેબ્સનો ૩,૯૦૦ કરોડ રૂપિયાનો આઇપીઓ સાતમીથી ૧૧મી નવેમ્બર સુધી ખુલ્લો રહેશે. નોઈડા સ્થિત ઇનસ્ટોર પોઈન્ટ ઓફ સેલ, ઓનલાઈન પેમેન્ટ ગેટવે અને પ્રીપેડ સોલ્યુશન્સ પ્રોવાઈડર કંપની નવા શેર દ્વારા રૂ. ૨,૦૮૦ કરોડ એકત્ર કરશે, જ્યારે પીક ૧૫ પાર્ટનર્સ, મેક્રિચી ઇન્વેસ્ટમેન્ટ્સ, મેડિસન ઇન્ડિયા, માસ્ટરકાર્ડ અને પેપાલ સહિતના રોકાણકારો ઓફર ફોર સેલ દ્વારા રૂ. ૮.૨૩ કરોડ ઇક્વિટી શેર વેચશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૧૦-૨૨૧ છે.

યુએસએ, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં કાર્યરત એઆઇ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કંપની સિગ્મા સોલ્વ લિમિટેડે, બીજા ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે વાર્ષિક ૧૯.૩૫ ટકાની વૃદ્ધિ સાથે કુલ રૂ. ૧,૦૯૧.૭૮ લાખની આવક, ૫૩.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯૨.૮૪ લાખનો ચોખ્ખો નફો અને ૫૩.૪૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૦૨.૭૦ લાખનો એબિટા નોંધાવ્યો છે. જલશક્તિ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગિરગંગા ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રમાં ૧,૧૧,૧૧૧ વોટર કન્ઝર્વેશન સ્ટ્રક્ચર ઊભા કરવાના અભિયાનને ટેકો આપવા રાજકોટ ખાતે ૧૫થી ૧૭ ડિસેમ્બર દરમિયાન જલકથાનું આયોજન કરવામાં આવ્યું છે. ફિશર મેડિકલ વેન્ચર્સની પેટાકંપની, ફ્લિનકેર હેલ્થ ઇનોવેશન્સ પ્રાઇવેટ લિમિટેડે ક્રોએશિયાના ઝાગ્રેબ ખાતે પ્રતિષ્ઠિત એઆરસીએ ૨૦૨૫ ઇન્ટરનેશનલ ઇનોવેશન્સ એક્ઝિબિશનમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો છે. આઇએફઆઇએ ભારતનું પ્રતિનિધિત્વ કરતી વખતે પ્રાપ્ત થયેલો આ એવોર્ડ ફ્લિનકેરના એઆઇ સંચાલિત સ્ક્રીનીંગ અને પ્રિવેન્ટિવ હેલ્થ પ્લેટફોર્મની ક્ષમતા સિદ્ધ કરે છે.

આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો નફો ઘટીને રૂ. ૨૪૧.૩૦ કરોડ રહ્યો છે. એસબીઆઇ લાઇફનો બીજી ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૪ કરોડ નોંધાયો હતો. એલએન્ડટીને હિન્દાલ્કો પાસેથી ઓડિશામાં એલ્યુમિનિયમ સેલ્ટર સ્થાપવા અને ટાટા સ્ટીલ પાસેથી કોક ઓવન બેટરી બનાવવા માટે ઓર્ડર મળ્યા છે. પ્રીમીઅર એનર્જીએ કેસલોરે હસ્તગત કરી છે. હીરો મોટો કોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે. બ્રાઇટ સ્ટીલ બાર અને વાયરના ભારતના અગ્રણી ઉત્પાદક, મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડે જાહેર કર્યું છે કે, તેણે સેન્ટ્રલાઇઝ્ડ વેન્ડર રજીસ્ટ્રેશન પ્રક્રિયા હેઠળ મુરાદ નગર સ્થિત ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (ઓએફબી) ખાતે સપ્લાયર તરીકે સત્તાવાર રીતે નોંધણી હાંસલ કરી છે. આ નવી નોંધણી, ઓએફબી કોલકાતા સાથે કંપનીની હાલની નોંધણી ઉપરાંતની છે.

એડબલ્યુએલ એગ્રી બિઝનેસનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૧ ટકા ઘટ્યો અને આવક ૨૨% વધી ડ્રેજિંગ કોર્પોરેશનના શેરમાં ૨૦ ટકાનો ઉછાળો હતો. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો નફો વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધીને રૂ. ૪૦૪ કરોડ નોંધાયો છે. બીજા ક્વાર્ટરના પરિણામો પછી બેંક ઓફ બરોડાના શેર પાંચ ટકા વધીને રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. પતંજલિ ફૂડ્સે નફામાં ૬૭% વાર્ષિક ધોરણે વૃદ્ધિ નોંધાવી હોવા છતાં તેના શેર પાંચ ટકા તૂટ્યા હતા. ચોખ્ખો નફો સાત ટકા વધીને રૂ. ૨,૩૧૪ કરોડ થયા પછી શ્રીરામ ફાઇનાન્સના શેર છ ટકા ઊછળ્યા હતા. આઇફોન મેકર એપલે ભારતમાં વિક્રમી રેવેન્યૂ હાંસલ કરી છે. એમ્ફસીસે બીજા ક્વાર્ટરમાં ૧૦.૮ ટકાના વધારા સાથે રૂ. ૪૯૬ કરોડનો નફો નોંધાવ્યો છે. નવા જનરેશનના એન્જિનના ઉત્પાદન માટે ફોર્ડ ચેન્નઇમાં રૂ. ૩૨૫૦ કરોડનું રોકાણ કરશે. એસીસીએ બીજા ક્વાર્ટરમાં પાંચગણા વધારા સાથે રૂ. ૧૧૧૯.૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૬,૭૬૯.૩૪ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ ૭,૦૬૮.૪૪ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ સકારાત્મક સ્તરે સ્થિર થયો હતો. યુરોપના બજારો વધારા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૪ ટકા ઘટીને ૬૪.૭૧ પ્રતિ બેરલ બોલાયું હતું.

# ગ્લોબલ ગોલ્ડે ૪૦૦૦ ડોલરની સપાટી ગુમાવીઃ સાપ્તાહિક ધોરણે ૨.૭૦ ટકાનો કડાકો

મુંબઇઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આ વર્ષે નોંધપાત્ર વધારા પછી સોનાના ભાવ ૪,૦૦૦ ડોલર પ્રતિ ઔંસથી નીચે ઉતરી ગયા, જે પાછલા અઠવાડિયા સામે ૨.૭ ટકા ઘટીને ૩,૯૮૪.૪૩ પ્રતિ ઔંસ બોલાયા છે. બુલિયનમાં તીવ્ર તેજી પછી, ગયા અઠવાડિયે સોના અને ચાંદીની ચમક થોડી ઓછી થઈ ગઈ હતી. વધુમાં, બેઇજિંગ દ્વારા કેટલાક રિટેલર્સ માટે લાંબા સમયથી ચાલતી ટેક્સ રિબેટને સમાપ્ત કરવાના નિર્ણયથી વિશ્વના સૌથી મોટા બુલિયન બજારોમાંના એક એવા ચીનમાં માગ નબળી પડવાની ધારણા છે. બુલિન ડીલર્સે જણાવ્યું હતું કે અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો થવાથી અને ડોલર ઇન્ડેક્સ ત્રણ મહિનામાં સૌથી ઊંચી સપાટીએ પહોંચવાથી માગમાં ઘટાડો થયો છે. જોકે, આ ઘટાડા છતાં વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકોની ખરીદી અને સેપ હેવન માગને કારણે સોનાનો ભાવ આ વર્ષે આજની તારીખ સુધીમાં ૫૦ ટકાથી વધુ ઊંચો રહ્યો છે. જોકે, ઘણા નિષ્ણાતો આને એક કામચલાઉ તબક્કો માને છે, નજીકના ભવિષ્યમાં બીજી તેજીની શક્યતા છે. યુએસ બોન્ડ યીલ્ડ ચાર ટકાથી ઉપર વધવાથી રોકાણકારોની સેફ હેવન એસેટ્સ માટેની ઇચ્છા વધુ નબળી પડી છે. ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની ડિસેમ્બરમાં દર ઘટાડાની ગેરંટી નથી તેવી ટિપ્પણીએ પણ સેન્ટિમેન્ટને નબળી પાડી રહી છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**વિજળી વિભાગ (પાવર)**

**ઈ-ટેન્ડર નોટીસ**

નં. EL- ૨૦૨૫ - ૨૬ - ૩૦, તારીખઃ ૩૦-૧૦-૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (વિજળી/પાવર શાખા) પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચે આપેલા કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ

ઈ-ટેન્ડરીંગ નં. EL- ૨૦૨૫-૨૬-૩૦, **કામનું નામઃ** રતલામ ડિવિઝન - પિંગ્લેશ્વર - (૧) વ્યવસ્થા (સિંહસ્થા ૨૦૨૮) સપ્લાય વોટર સાથે ૨ હાઈ લેવલ પ્લેટફોર્મની જોગવાઈ. (૨) પિંગ્લેશ્વર સ્ટેશન (સિંહસ્થા ૨૦૨૮) ખાતે રેમ્પ સાથે કવર સાથે ૨ નં. ૬મી. પહોળો - FOBની જોગવાઈ સાથેના સંબંધમાં ઈલેક્ટ્રિકલ વર્ક. **અંદાજિત લાગતઃ** ₹ ૧૮૮૮૨૯૭૮.૨૬, **બાના રકમઃ** ₹ ૨૪૪૪૦૦.૦૦, **કામનો સમાપન અવધિઃ** ૧૨ મહિના, **સમકક્ષ કાર્ય (કામનો સમાન પ્રકાર)ઃ કામનો સમાન પ્રકારનું વર્ણનઃ** એસોસિએટેડ ઈલેક્ટ્રિકલ કામો સાથે બિલ્ડિંગમાં વાયરિંગ/ રિ-વાયરિંગ જેમકે રહેણાંક બિલ્ડિંગ અથવા સર્વિસ બિલ્ડિંગોમાં કન્ટ્રોલ ગિયર અને પ્રોટેકશન વ્યવસ્થા અથવા એસોસિએટેડ ઈલેક્ટ્રિકલ કામો સાથે સર્ક્યુલેટિંગ એરિયા, યાર્ડ સ્ટ્રિટ વગેરેની બિલ્ડિંગમાં લાઈટિંગ વ્યવસ્થા અથવા એસોસિએટેડ ઈલેક્ટ્રિકલ કામો સાથે બિલ્ડિંગમાં વાયરિંગ/રિવાયરિંગ, લાઈટિંગ વ્યવસ્થા ''**વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૨૯-૧૦-૨૦૨૫, **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૨૫-૧૧-૨૦૨૫ વિગતવાર ટેન્ડર નોટીસ અને અન્ય શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (વિજળી/પાવર)
પશ્ચિમ રેલવે, રતલામ

ADM/7/1/316

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# બુલિયન બજાર અથડાઇ ગયુંઃ સોનું ઝબકારો કરીને ઝાંખું પડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સપ્તાહના પહેલા દિવસે બુલિયન બજારમાં મિશ્ર ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સત્રની શરૂઆતે સોનાચાંદીમાં ફરી સુધારાતર્ફી હવામાન જોવા મળ્યું હતું અને સોનાના ભાવમં દસગ્રામે રૂ. ૩૪૩નો અને હાજર ચાંદીના ભાવમાં એક કિલોદીઠ રૂ. ૫૩૫ જેવો સુધારો જોવા મળ્યો હતો. જોકે, સત્રના અંત સુધીમાં સોનાના ભાવનો આ સુધારો લગભગ સાવ ધોવાઇ ગયો હતો.

જોકે, ચાંદીમાં પણ ખૂલતા ભાવ સામે પીછેહઠ થઇ હતી, પરંતુ આગેકૂચ જળવાઇ રહી હતી. સોમવારના સત્રને અંતે શુદ્ધ તેમ જ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ દસ ગ્રામે સાત રૂપિયાના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧,૨૦,૭૭૭ અને રૂ. ૧,૨૦,૨૯૩ની સપાટીએ સ્થિય થયા હતા. જ્યારે હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ. ૧૭૫ના સુધારા સાથે રૂ. ૧,૪૯,૩૦૦ની સપાટીએ સ્થિર થયા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને ટ્રમ્પ દ્વારા વાંરવાર ભયનું વાતાવરણ ખડું કરવામાં આવી રહ્યું હોવાથી સાવચેતીના માનસ વચ્ચે સેફ હેવન એસેટમાં આકર્ષણ જળવાઇ રહેશે અને તે કિંમતી ધાતુંના ભાવ પકડી રાખશે. ટ્રમ્પે હાલમાં જ એક તરફ નાઇજિરિયા પર હુમલો કરવાની ધમકી ઉચ્ચારી હતી તો બીજી તરફ ચીનને પમ ગર્ભીત ધમકી આપી હતી. રોકાણકારોની નજર ખાસ કરીને અમેરિકા અને ચીન તથા અમેરિકા અને ભારત વચ્ચેની ડીલ પર રહેશે.

ગ્લોબલ માર્કેટ ટ્રેન્ડ પાછળ સત્રની શરૂઆતથી જ સોનાચાંદીના ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો. ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૨૦,૭૭૦ના પાછલા બંધ સામે રૂ. ૩૪૩ના સુધારા સાથે રૂ. ૧,૨૧,૧૧૩ પ્રતિ દસ ગ્રામની સપાટીએ ખૂલ્યા હતા. જ્યારે ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૨૦,૨૮૬ના પાછલા બંધ સામે રૂ. ૩૪૩ના સુધારા સાથે રૂ. ૧,૨૦,૬૨૮ પ્રતિ દસ ગ્રામની સપાટીએ ખૂલ્યા હતા. એ જ રીતે, .૯૯૯ ટાંદીના ભાવ એક કિલો રૂ. ૧,૪૯,૧૨૫ના પાછલા બંધ સામે રૂ. ૫૩૫ના સુધારા સાથે રૂ. ૧,૪૯,૬૬૦ની સપાટીએ ખૂલ્યા હતા.

નોંધવું રહ્યું કે, દિવાળીની ઊંચી સપાટી સામે ૨૪ કેરેટના શુદ્ધ સોનાના ભાવમાં એક રિપોર્ટ અનુસાર ૭.૩૫ ટકા અથવા તો રૂ. ૯૭૭૦ પ્રતિ દસ ગ્રામ જેટલો ઘટાડો થયો હતો. ધનતેરસના આગલા દિવસે, એટલે કે દિવાળીના પહેલા દિવસે ચોવીસ કેટેર સોનાના ભાવ રૂ. ૧,૩૨,૭૭૦ પ્રતિ દસ ગ્રામ બોલાયા હતા. બજારની આગામી ચાલનો આધાર અમેરિકાની ચીન અને ભારત સાથેની ટ્રેડ ડીલ તેમ જ ચીન દ્વારા ગોલ્ડ ટેક્સને લગતા આકાર લઇ રહેલા ફેરફારો પર અવલંબિત રહેશે.

# મર્જર અને ખાનગીકરણની હવાએ પીએસયુ બેંક શેરોમાં તેજીના ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે સોમવારે ટ્રેડિંગ સત્ર દરમિયાન પીએસયુ બેંકોમાં સત્ર દરમિયાન ત્રણેક ટકા જેટલો ઉછાળા જોવા મળ્યા હતા. બેંક ઓફ બરોડા, યુકો બેંક, પંજાબ એન્ડ સિંધ બેંક, કેનરા બેંક, સેન્ટ્રલ બેંક અને અન્ય બેંકોના શેરમાં એક ટકાથી ત્રણ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો. સરકાર કેટલીક જાહેર ક્ષેત્રની બેંકોને મર્જ કરવા અને નાના ધિરાણકર્તાઓનું ખાનગીકરણ કરવાની નવી યોજના તૈયાર કરી રહી હોવાના સમાચારને પગલે આ તેજી જોવા મળી હોવાનું બજારના સાધનો જણાવે છે.

પ્રસાર માધ્યમો અનુસાર, ભારત સરકાર તેના તાજેતરના બેંકિંગ સુધારા પ્રયાસોના ભાગરૂપે, મુંબઈ સ્થિત યુનિયન બેંક ઓફ ઇન્ડિયા અને બેંક ઓફ ઇન્ડિયાનું વિલિનીકરણ કરવાની વ્યૂહરચના બનાવી રહી છે. જો આ મર્જર પૂર્ણ થાય, તો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઇ) પછી દેશની બીજી સૌથી મોટી સરકારી માલિકીની બેંક અસ્તિત્વમાં આવશે, એમ એક રિપોર્ટમાં જણાવાયું છે.

આ પહેલ આગામી વર્ષોમાં બેંકોને વધારવા અને બેંકિંગ ઉદ્યોગના કાર્યોને શ્રેષ્ઠ બનાવવાના સરકારના ધ્યેયનો એક ભાગ છે, એમ રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે. વધુમાં, નાણા મંત્રાલય ઇન્ડિયન ઓવરસીઝ બેંક અને ચેન્નાઈ સ્થિત ઇન્ડિયન બેંકના મર્જરની શક્યતા ચકાસી રહ્યું છે. વધુમાં, પંજાબ એન્ડ સિંધ બેંક અને બેંક ઓફ મહારાષ્ટ્ર, જે અન્ય મુખ્ય જાહેર ક્ષેત્રની બેંકોની તુલનામાં ઓછી સંપત્તિ ધરાવે છે, તેની ભવિષ્યમાં ખાનગીકરણ માટે વિચારણા કરવામાં આવી રહી હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.

એક જાણીતા અંગ્રેજી આખબારના ૧૫ ઓક્ટોબરના એક અહેવાલ અનુસાર ભારતીય બેંકિંગ ક્ષેત્ર જાહેર ક્ષેત્રની બેંકોમાં એકીકરણના બીજા રાઉન્ડની આરે છે, સરકાર એક મહત્વપૂર્ણ મર્જરની યોજના બનાવી રહી છે જે નાની બેંકોને મોટી બેંકો સાથે એકરૂપ બનાવી શકે છે.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**સેન્ટ્રલ ખરીદી વિભાગ**

**મેડિસિન ટેન્ડર સેક્શન, મુંબઈ- ૪૦૦૦૧૧**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ**

**નં. CPD/ડે.ડીન/Advt./OD/૩૦૧ તા. ૩૧.૧૦.૨૦૨૫**

| | |
|---|---|
| વિભાગ | ડે. ડીનની ઓફિસ **મેડિસિન ટેન્ડર સેક્શન,** ૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૧૧. |
| સેક્શન | મેડિસિન ટેન્ડર સેક્શન |
| બીડ નં. | Sch ૬-૨૦૨૫_MCGM_૧૨૩૪૯૧૨<br>Sch ૧૦-૨૦૨૫ _MCGM_૧૨૩૫૬૯૬ |
| વિષય | મેડિસિન Sch. નં. VI - લેબોરેટરી કેમિકલ્સ (ટેન્ડર દ્વારા) સ્ટેન્સ વગેરેની સપ્લાય.<br>મેડિસિન Sch. નં. X - લેબોરેટરી આર્ટિકલ (ટેન્ડર દ્વારા) ડિસ્પેન્સરી સનટ્રીસની સપ્લાય. |
| ટેન્ડર તારીખ | ૦૭.૧૧.૨૦૨૫થી ૨૭.૧૧.૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://www.mahatenders.gov.in **નોંધઃ** ટેન્ડરમાં કોઈપણ ફેરફાર માટે કૃપા કરીને MCGM પોર્ટલ પર અપલોડ કરાયેલ સુધારાનો સંદર્ભ લો. |
| સંપર્ક વ્યક્તિ | **નામઃ** ડૉ. મનીષા મેસ્ત્રી<br>ડે. ડીન (C.P.D.)<br>**ડાયરેક્ટ નં.:** (૦૨૨) ૨૩૦૮ ૩૧૬૧/૬૨/૬૩ |

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરના આદેશથી
સહી/-
ડે. ડીન (CPD)

PRO/2080/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# પ્રાઈમરી માર્કેટમાંથી અડધો ડઝન કંપની એકત્ર કરશે લગભગ ₹ ૧૧,000 કરોડ

મુંબઇઃ સોમવારથી શરૂ થયેલા સપ્તાહમાં મેઇન બોર્ડના બે આઇપીઓ સહિત રૂ. ૧૦,૭૦૦ કરોડથી વધુ મૂલ્યના અડધો ડઝન જાહેર ઇશ્યૂ પ્રવેશ કરી રહ્યા છે. એ જ સાથે, મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી ઓર્કલા ઇન્ડિયા પાંચમી નવેમ્બરે સેકન્ડરી બજારમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ છઠ્ઠી નવેમ્બરે સ્ટડ્સ એસેસરીઝ, જ્યારે સાતમી નવેમ્બરે લેન્સકાર્ટ સોલ્યુશન્સ સેકન્ડરી માર્કેટમાં આવશે.

ત્રીજી નવેમ્બરથી શરૂ થયેલા આ અઠવાડિયે પણ પ્રાથમિક બજારમાં સારી એવી હલચલ જોવા મળશે, કારણ કે રોકાણકારોને છ નવા પ્રારંભિક જાહેર ઓફરમાં રોકાણ કરવાની તક મેળવશે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી બે બહુપ્રતિક્ષિત નામોમાં ગ્રોવ અને પાઈન લેબ્સનો સમાવેશ થાય છે. આ છ કંપનીઓ દ્વારા કુલ ૧૦,૭૩૩.૫ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવશે, જેમાં ગ્રોવ અને પાઈન લેબ્સ દ્વારા એકત્ર થનારા રૂ. ૧૦,૫૩૨.૨ કરોડનો સમાવેશ થાય છે. અગ્રણી સ્ટોકબ્રોકિંગ પ્લેટફોર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયન બ્રેન્સ ગેરેજ વેન્ચર્સનો આઇપીઓ મેઈનબોર્ડ સેગમેન્ટનો પહેલો આઇપીઓ હશે, જે ચોથી નવેમ્બરે પ્રતિ શેર ૯૫-૧૦૦ રૂપિયાની પ્રાઇસ બેન્ડ સાથે ખુલશે અને સાતમી નવેમ્બરે બંધ થશે. આ પછી ફિનટેક કંપની પાઈન લેબ્સનો ૩,૯૦૦ કરોડ રૂપિયાનો આઇપીઓ આવે છે, જે સાતમી નવેમ્બરથી ૧૧મી નવેમ્બર સુધી ખુલ્લો રહેશે. અન્ય ચાર જાહેર ઇશ્યૂ એસએમઇ સેગમેન્ટના છે, જેમાં શ્રીજી ગ્લોબલ એફએમસીજી ચોથી નવેમ્બરના રોજ પ્રથમ ખુલશે. આ દરમિયાન, હેલ્મેટ ઉત્પાદક સ્ટડ્સ એસેસરીઝનો રૂ. ૪૫૫ કરોડનો જાહેર ઇશ્યૂ બંધ સોમવારે બંધ થયો છે, જ્યારે લેન્સકાર્ટ સોલ્યુશન્સનો રૂ. ૭,૨૭૮ કરોડનો આઇપીઓ આજે, ચોથી નવેમ્બર સુધી ખુલ્લો રહેશે.

લિસ્ટિંગમાં જોઈએ તો, મેઇનબોર્ડ સેગમેન્ટમાં, નોર્વે સ્થિત ઓર્કલાની માલિકીની મસાલા અને કન્વિનિયન્સ ફૂડ બનાવતી કંપની ઓર્કલા ઇન્ડિયા પાંચમી નવેમ્બરના રોજ બજારમાં પ્રવેશ કરશે, ત્યારબાદ છઠ્ઠી નવેમ્બરના રોજ સ્ટડ્સ એસેસરીઝ અને સાતમી નવેમ્બરના રોજ લેન્સકાર્ટ સોલ્યુશન્સનો આઇપીઓ લિસ્ટિંગ મેળવશે.

# રિઝર્વ બેંક દ્વારા સોનાની જંગી ખરીદી, ગોલ્ડ રિઝર્વને ખાસ પ્રાધાન્ય

મુંબઇઃ રિઝર્વ બેન્કે પાછલા એક વર્ષમાં ગોલ્ડ રિઝર્વને ખાસ પ્રાધાન્ય આપીને સોનાની જંગી ખરીદી કરી હોવાના અહેવાલ છે. સોનાના સતત વધતા ભાવ પર માત્ર સામાન્ય વ્યક્તિ જ વેપારીઓ અને સરકાર પણ નજર રાખે છે. સોનાના ભાવ વધવાની સાથે સાથે જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)એ જંગી પ્રમાણમાં પીળી કિંમતી ધાતુની ખરીદી કરી છે. આરબીઆઈ એ છ માસિક અહેવાલમાં એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન મધ્યસ્થ બેંક પાસે રહેલા સોનાના ભંડાર વિશે જાણકારી આપી છે. આરબીઆઇના સુવર્ણ ભંડારનો આંકડો જાણી ચોંકી જશો. રિઝર્વ બેન્કના રિપોર્ટ મુજબ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ગોલ્ડ રિઝર્વમાં પાછલા ૧૨ મહિનાના સમયગાળા દરમિયાન ૨૫.૪૫ મેટ્રિક ટનનો વધારો થયો છે.

# ભયંકર ધોવાણઃ ક્રિપ્ટો ઇન્વેસ્ટર્સને ઓક્ટોબરમાં ૨૪૫ અબજ ડૉલરની નુકસાની

મુંબઇઃ ઓક્ટોબર મહિનાએ ક્રિપ્ટો લવર્સને દોઇ નાંખ્યા છે અને સાત વર્ષમાં સૌથી મોટું દોવાણ નોંધાવ્યું છે. ક્રિપ્ટોકરન્સી માર્કેટ માટે ઓક્ટોબર મહિનો સામાન્ય રીતે ખુશનુમા હોય છે પરંતુ ૨૦૨૫ના ઓક્ટોબરમાં ક્રિપ્ટો માર્કેટમાં ભૂચાલ આવ્યો છે. ગત મહિને ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ૨૪૫ અબજ ડોલરની મૂડી સાફ થઈ ગઈ છે.

બિટકોઇન રોકાણકારો માટે ૨૦૧૮ બાદનો સૌથી ખરાબ મહિનો રહ્યો છે. શુક્રવારે સમાપ્ત થયેલા ઓક્ટોબર મહિના માટે બિટકોઇનએ પાછલા સાત વર્ષનો સૌથી ખરાબ ઓક્ટોબર નોંધાવ્યો છે. વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઇનમાં આ મહિને લગભગ પાંચ ટકાનો ઘટાડો થયો છે, જે ૨૦૧૮ બાદનું પ્રથમ ઓક્ટોબર માસનું નુકસાન છે. કુલ ક્રિપ્ટો માર્કેટકેપ હાલમાં લગભગ ૩.૭ ટ્રિલિયન ડોલર આસપાસ છે. ઓક્ટોબર માસમાં ૨૪૫ અબજ ડોલરનો સફાયો એટલેકે કુલ માર્કેટ કેપિટલમાં લગભગ ૬.૬ ટકાનો ઘટાડો છે.

સોના-ચાંદી માર્કેટમાં ભારે ઊથલપાથલ વચ્ચે મજબૂત થતો ડોલર અને અનિશ્ચિતતા વચ્ચે ડિજિટલ એસેટ માર્કેટમાં અફરાતફરી જોવા મળી છે. આ સિવાય રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો થવાને કારણે પણ ક્રિપ્ટો માર્કેટમાં મંદીનો માહોલ છે. ઓક્ટોબરમાં ઇતિહાસનું સૌથી મોટું ક્રિપ્ટો લિક્વિડેશન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીની આયાત પર ૧૦૦ ટકા ટેરિફ અને આવશ્યક સોફ્ટવેર પર નિકાસ નિયંત્રણો લાદવાની ધમકી આપ્યા પછી થયું હતુ.

ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ૧,૨૬,૦૦૦ ડોલરની ઓલટાઈમ હાઈ સપાટી સ્પર્શ કર્યા બાદ ૧૦-૧૧ ઓક્ટોબરની વચ્ચે બિટકોઇન ઘટીને ૧,૦૪,૭૮૨ ડોલર બોલાયું. પંદરથી વીસ મિનિટમાં જ મોટાભાગની ક્રિપ્ટોકરન્સી ૧૦ ટકા કરતા વધુ તૂટી હતી. જોકે આ ઘટાડા છતાં આ વર્ષે અત્યાર સુધીમાં બિટકોઈન ૧૬ ટકાથી વધુ વધ્યો છે.

**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ જયપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૭૩૦ | બાંદ્રા ટર્મિનસ–જયપુર | ૦૫.૧૧.૨૦૨૫ | ૦૯.૩૦ ક. (બુધવાર) | ૦૬.૪૫ (બીજા દિવસે) |
| ૦૯૭૨૯ | જયપુર–બાંદ્રા ટર્મિનસ | ૦૪.૧૧.૨૦૨૫ | ૦૮.૧૦ ક. (મંગળવાર) | ૦૪.૫૫ (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, મંદસોર, નિમચ, ચિત્તોડગઢ, ભિલવારા, મંડાલ, બિજયનગર, નસિરાબાદ, અજમેર અને કિશનગઢ સ્ટેશનો બંને દિશામાં.

**સંરચનાઃ** AC 2 - ટિયર, AC 3 - ટિયર, AC 3 - ટિયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૭૩૦ની માટે બુકીંગ ૦૪/૧૧/૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેઈન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly
અમને ફોલો કરોઃ Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુનિ. જન. હોસ્પિટલ, કાંદિવલી (પ.)**

**નં. HO/BDBAH/૮૨૪૫/SR તારીખ ૦૩/૧૧/૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

ડે. મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭ નીચેના કામ માટે ત્રણ સ્ટેજ બીડ ઈ-ટેન્ડર મંગાવે છે.

ઈ-ટેન્ડર નોટીસ અંગે વિગતો વેબસાઈટ https://mahatenders.gov.in પર ઉપલબ્ધ રહેશે.

ઈ-ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વર્ણન | ઈ-ટેન્ડર નં. | ટેન્ડર ફી | બારડી રૂ. | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | BDBA હોસ્પિટલ કાંદિવલી (પ) ખાતે વોલ ટિલિંગ વર્ક-૧ જોબ અને વિવિધ ઈલેક્ટ્રિકલ વર્કનું રિમોવિંગ, રિપ્લેસિંગ અને રિનોવેટિંગનું કામ. | ૨૦૨૫_MCGM_ ૧૨૩૭૩૭૯_૧ | રૂ. ૧૪૫૨/- + ૧૮% GST | ૧૦,૦૦૦/- | ૦૪/૧૧/૨૫ ૧૩.૦૦ ક. સુધી | ૧૧/૧૧/૨૫ ૧૩.૦૦ ક. |
| ૨. | BDBA હોસ્પિટલ કાંદિવલી (પ) ખાતે NIV મોડ- ૩૦૦ નં. સાથે વેન્ટિલેશન મશીન માટે નોન ઈન્વેસિવ વેન્ટિલેશન ફૂલ ફેસ માસ્ક. | ૨૦૨૫_MCGM_ ૧૨૩૭૨૧૬_૧ | રૂ. ૭૨૬/- + ૧૮% GST | ૯૪૦૦/- | ૦૪/૧૧/૨૫ ૧૩.૦૦ ક. સુધી | ૧૧/૧૧/૨૫ ૧૩.૦૦ ક. |
| ૩. | BDBA હોસ્પિટલ, કાંદિવલી (પ.) ખાતે લાઈટ સોર્સ અને મોનિટર-૧ નં. MSITC. | ૨૦૨૫_MCGM_ ૧૨૩૮૮૫૫_૧ | રૂ. ૭૨૬૦/- + ૧૮% GST | ૨૮૫૦૦/- | ૦૪/૧૧/૨૫ ૧૩.૦૦ ક. સુધી | ૧૧/૧૧/૨૫ ૧૩.૦૦ ક. |

નોંધઃ- બાના રકમ ડિપોઝિટ (બારડી)ની છેલ્લી ચૂકવણી ઓનલાઈન પાકતી તારીખ અને સમય પહેલાં કરી શકાશે.
- જો કોઈ સુધારો હોય તો ફક્ત BMC અને મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના બધા અથવા કોઈપણ ઈ-ટેન્ડરને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ડે. મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ
ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉસ્પિટલ, કાંદિવલી (પ.)

PRO/2085/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

મેટ્રો-વનમાં ટેક્નિકલ ખામી

# પીક અવર્સમાં પ્રવાસીઓ હેરાન



**હાલાકી...:** મેટ્રો-વનમાં ટેક્નિકલ ખામી સર્જાતા પ્રવાસીઓની લાંબી કતારો જોવા મળી હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર-વર્સોવા વચ્ચે દોડતી મેટ્રો વન સોમવારે સાંજે પીક અવર્સમાં અંધેરી સ્ટેશન પર ટેક્નિકલ ખામીને કારણે ખોરવાઈ ગઈ હતી, તેને કારણે સાંજે મેટ્રો ટ્રેન મોડી પડી હતી.

સોમવારે સાંજના લગભગ પાંચ વાગે મેટ્રોમાં સર્જાયેલી ખામીને કારણે અત્યંત વ્યસ્ત ગણાતા મેટ્રો કોરિડરમાં મેટ્રો સેવા ખોરવાઈ ગઈ હતી, તેને કારણે ઓફિસેથી ઘરે પાછા ફરી રહેલા મુંબઈગરાને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ મેટ્રો વન પ્રાઈવેટલિમિટેડના પ્રવક્તાના જણાવ્યા મુજબ સાંજના ૫.૧૦ વાગે ૧૧.૪ કિલોમીટર લાંબા કોરિડોર પર અંધેરી સ્ટેશન પર ટેક્નિકલ ખામી સર્જાઈ હતી પણ ૫.૩૦ વાગ્યા સુધીમાં સર્વિસ પૂર્વવત્ થઈ ગઈ હતી. જોકે ચોક્કસ કંઈ ખામી સર્જાઈ હતી એ બાબતે તેમણે સ્પષ્ટતા કરવાનું ટાળ્યું હતું.

જોકે સૂત્રોના જણાવ્યા મુજબ અંધેરી સ્ટેશન પર રેકમાં ખામી સર્જાઈ હતી, જેને કારણે મેટ્રો ટ્રેન અટકી પડી હતી. અંધેરી સ્ટેશન પર ટ્રેન આખી ખાલી કરાવવામાં આવી હતી અને તેને બીજી ટ્રેનની મદદથી કારશેડમાં મોકલી દેવામાં આવી હતી.

સાંજના પીક અવર્સમાં મેટ્રો સેવા ખોરવાઈ જતા મેટ્રો સ્ટેશન પર જોકે લોકોની ભીડ થઈ ગઈ હતી. પ્રવાસીઓના દાવા મુજબ લગભડ અડધોથી પોણો કલાક સુધી વર્સોવાથી ઘાટકોપર સુધી કોઈ ટ્રેન નહોતી અને તે બાબતે સ્ટેશન પર કોઈ પ્રકારની એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવી નહોતી. નોંધનીય છે કે મુંબઈ મેટ્રો-વનમાં અઠવાડિયાના ચાલુ દિવસમાં દરરોજ પાંચ લાખ તો પીક અવર્સમાં ૫.૪૭ લાખ પર પહોંચી જતી હોય છે. આ મેટ્રો લાઈન ૮ જૂન ૨૦૧૪ના મુંબઈગરાની સેવામાં દાખલ થઈ હતી. ■

# રાજ્યમાં ૪૮ કલાકમાં આચારસંહિતા?

## બુધવારે ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની શક્યતાઃ ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાંથી એક ખૂબ જ મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્ય ચૂંટણી પંચ ઘણા મહિનાઓથી અટકેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ અંગે ટૂંક સમયમાં મોટો નિર્ણય લે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પંચ બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ કરે તેવી શક્યતા છે અને તે જ દિવસથી રાજ્યમાં આચારસંહિતા લાગુ થવાની પ્રબળ શક્યતા છે. ચૂંટણી પંચની આ જાહેરાત પછી, રાજ્યની ૨૮૯ નગરપાલિકાઓ, ૩૨ જિલ્લા પરિષદો અને ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે ચૂંટણીનો કાર્યક્રમ શરૂ થશે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ ત્રણ તબક્કામાં યોજાશે એવું લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. સંભવિત ચૂંટણી કાર્યક્રમ વિશે સૂત્રો પાસેથી માહિતી મળી છે. એવું પણ જાણવા મળ્યું છે કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટે વિધાનસભાની જ મતદારયાદીનો ઉપયોગ કરવામાં આવશે.

**પ્રથમ તબક્કો:** પ્રથમ તબક્કામાં મુખ્યત્વે ૨૮૯ નગરપાલિકાઓ, નગર પરિષદો અને નગર પંચાયતો માટે

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ એરપોર્ટ રનવેના સમારકામ-જાળવણીને કારણે બંધ રહેશે

મુંબઈ: રનવેનું ચોમાસા બાદનું સમારકામ તેમ જ જાળવણીનું કામ હાથ ધરાવાનું હોવાથી મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ૨૦ નવેમ્બરે સવારના ૧૧થી સાંજે પાંચ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે. એરપોર્ટ પર માળખાકીય સુવિધા, સુરક્ષા, વિમાનોનું ઉડ્ડયન-આગમન યોગ્ય રીતે થાય એ માટે આ સમયગાળા દરમિયાન બંને રનવેને બંધ રાખવામાં આવશે. ■

# ડોક્ટરોની હડતાળથી દર્દીઓની સારવાર પર બહુ ઓછી અસર

મુંબઈ: રાજ્યભરના ડોક્ટરોની તમામ સંસ્થાઓએ જાહેર કરેલી હડતાળને કારણે સોમવારે મુંબઈની તબીબી સેવાઓ પર બહુ ઓછી અસર થઈ હતી. આંદોલનની તીવ્રતાને ધ્યાનમાં રાખીને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારે વિભાગ પ્રમુખ, પ્રોફેસરો, એસોસિએટ પ્રોફેસરો અને આસિસ્ટન્ટ પ્રોફેસરોની ઓપીડીમાં નિમણૂક કરી હતી, તેથી દર્દીઓની સેવાઓ પર કોઈ અસર પડી ન હતી. ઉપરાંત મીડિયા દ્વારા આંદોલનની માહિતી મળતાં હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યામાં પણ થોડો ઘટાડો થયો હતો.

ફલટણમાં મહિલા ડોક્ટરના મૃત્યુના કેસની યોગ્ય તપાસ ન થતાં રાજ્યના તમામ ડોક્ટર સંગઠનોએ સોમવારથી કામકાજ બંધનું એલાન આપ્યું. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોના રેસિડેન્ટ ડોકટરો, સિનિયર રેસિડેન્ટ ડોકટરો અને ઇન્ટર્ન ડોકટરોએ આ આંદોલનમાં સહભાગી થયા હતા અને આઉટપેશન્ટ વિભાગની સેવાઓ બંધ કરવાનો નિર્ણય

(જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-૪નું ૮૪.૫ ટકા કામ પૂર્ણ

## ભાંડુપ જંકશન પર રાતોરાત ૪૫૦ ટનનો સ્ટીલ સ્પાન બેસાડ્યો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેટ્રો-ચાર માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ અત્યંત વ્યસ્ત ગણાતા એલબીએસ માર્ગ પરના ભાંડુપ-સોનાપુર જંકશન પર રાતોરાત ૫૬ મીટર લાંબો અને ૪૫૦ ટન વજનના સ્ટીલ સ્પાનને સફળતાપૂર્વક બેસાડવાની સિદ્ધી હાસિલ કરી હતી. અત્યંત વ્યસ્ત ગણાતા રોડ પર અને પડકારજનક પરિસ્થિતિ વચ્ચે ગોરેગામ-મુલુંડ લિંક રોડ પર માત્ર એક રાતમાં એમએમઆરડીએની એન્જિનિયરિંગ ટીમે ૪૫૦ ટનનો સ્ટીલનો ગર્ડર બેસાડયો હતો. મુંબઈ મેટ્રો લાઈન-ફોર માટે આ નોંધપાત્ર કામ ગણાય છે. આ લાઈન વડાલાથી કાસરવડવલીને જોડવાની છે. આ લાઈનમાં અત્યાર સુધી ૮૪.૫ ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે.કમોસમી વરસાદ અને ભારે ટ્રાફિકની સમસ્યા વચ્ચે એમએમઆરડીએ અત્યંત જટિલ કહેવાતા કામને ચોક્કસાઈપૂર્વક સફળ બનાવ્યું હતું. નવ હાઈ કેપેસીટીની ક્રેન સાથે બે મલ્ટી એક્સલ પુલર અને ૧૦૦થી વધુ કુશળ કર્મચારીની મદદથી બે સ્ટીલના ગર્ડરને રાતોરાત બેસાડયો હતો.એક વખત આ લાઈન શરૂ થયા પછી મેટ્રો લાઈન ફોર વડાલા અને કાસારવડવલી વચ્ચે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે. શહેરના પૂર્વીય કોરીડોરમાં ભીડ ઓછી કરવામાં આ મેટ્રો રેલવે મદદરૂપ થઈ રહેશે એવું માનવામાં આવે છે. ■

## શિયાળુ સત્ર પર ચૂંટણીની અસર

# અધિવેશન એક અઠવાડિયાનું જ રહે એવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય વિધાનસભાનું શિયાળુ સત્ર ૮ ડિસેમ્બરથી નાગપુરમાં યોજાવાનું છે. જોકે, આગામી સમયગાળામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યના મહેસૂલ અને નાગપુર જિલ્લાના પાલક પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ નાગપુરમાં એવો સંકેત આપ્યો હતો કે સત્ર એક અઠવાડિયા માટે મર્યાદિત રાખવામાં આવે તેવી શક્યતા છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ, રાજ્યમાં શહેર પરિષદ, શહેર પંચાયત, જિલ્લા પરિષદ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ પહેલા યોજાવાની છે. એક સાથે ચૂંટણીઓ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# બાળકોને બાનમાં લેનારા રોહિતના મૃત્યુની મૅજિસ્ટ્રેટ દ્વારા તપાસ

મુંબઈ: પવઈના સ્ટુડિયોમાં વેબસિરીઝને બહાને ૧૭ બાળક સહિત ૧૯ જણને બંધક બનાવનારા રોહિત આર્યના પોલીસ ઑપરેશનમાં થયેલા મૃત્યુની મૅજિસ્ટ્રેટ દ્વારા સ્વતંત્ર તપાસ હાથ ધરવામાં આવી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ સાથે હવે આ ઘટનાની મૅજિસ્ટ્રેટ પણ તપાસ કરશે. સંબંધિત મૅજિસ્ટ્રેટ સાક્ષીઓને બોલાવશે અને તેમનાં નિવેદન પણ નોંધશે. બાદમાં અહેવાલ રજૂ કરશે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પવઈના સાકી-વિહાર રોડ પરની મહાવીર ક્લાસિક બિલ્ડિંગમાં આવેલા રા સ્ટુડિયોમાં ગુરુવારે લગભગ ત્રણ કલાક સુધી હાઈ વૉલ્ટેજ ડ્રામા થયો હતો. વેબસિરીઝના ઑડિશનને બહાને બાળકોને બોલાવવામાં આવ્યા હતા. પછી તેમને બંધક બનાવી રોહિત આર્ય (૫૦)એ પોતાની વાત રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો.

બાળકોને બચાવવાના ઑપરેશન દરમિયાન પોલીસની ગોળીએ રોહિત ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવાયેલા રોહિતને તબીબે મૃત જાહેર કર્યો હતો.

જૉઈન્ટ પોલીસ કમિશનર (લૉ ઍન્ડ ઑર્ડર) સત્યનારાયણ ચૌધરીએ સોમવારે રોહિતના મૃત્યુ પ્રકરણે સુપ્રીમ કોર્ટના નિયમો અનુસાર મૅજિસ્ટ્રેટ તપાસ કરી રહ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું.

જૉઈન્ટ કમિશનરે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

## 'નકલી એન્કાઉન્ટર'ની સીબીઆઈ તપાસ માટે હાઈ કોર્ટમાં અરજી

મુંબઈ: પવઈના સ્ટુડિયોમાં બાળકોને બચાવવા પોલીસે હાથ ધરેલા ઑપરેશનમાં રોહિત આર્યને 'નકલી એન્કાઉન્ટર'માં મારી નાખવાની ઘટનાની સીબીઆઈ તપાસ કરવાની માગણી કરતી પિટિશન સોમવારે બૉમ્બે હાઈ કોર્ટમાં કરવામાં આવી છે. અરજી કરનારી શોભા બુદ્ધિવંતે દાવો કર્યો છે કે પોલીસે 'સ્વબચાવનો ઓઠા હેઠળ અને રાજકારણીને ઇશારે બદલો લેવા' રોહિતને મારી નાખ્યો હતો. એડ્વોકેટ નીતિન સાતપુતે મારફત કરાયેલી અરજીમાં જણાવાયું છે કે રાજ્ય સરકારે નાણાં ચૂકવ્યાં ન હોવાથી રોહિત માનસિક તાણમાં હતો. અરજીમાં હાઈ કોર્ટને વિનંતી કરવામાં આવી છે કે આ પ્રકરણની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને ટ્રાન્સફર કરવામાં આવે. (પીટીઆઈ)

# દાદર કબુતરખાના બંધ કરવા સામે જૈન મુનિનું વિરોધ પ્રદર્શન

મુંબઈ: જૈન મુનિ નિલેશચંદ્ર વિજયે સોમવારે મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. લોકો જ્યાં પરંપરાગત રીતે કબૂતરોને ખવડાવતા હતા તે દાદર કબૂતરખાનાને બંધ કરવાના નાગરિક સંસ્થાના નિર્ણય સામે આ વિરોધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિરોધ શાંતિપૂર્ણ રહેશે.

દક્ષિણ મુંબઈમાં બીએમસી મુખ્યાલય નજીકના સ્થળે વિરોધ પ્રદર્શન શરૂ કરતા પહેલા પત્રકારો સાથે વાત કરતા, તેમણે કહ્યું કે તેઓ કબૂતરખાનાને ફરી શરૂ કરવાની માંગણી સાથે અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતરી રહ્યા છે.

તેઓ મુંબઈના ચાર સ્થળો વરલી જળાશય, અંધેરી પશ્ચિમમાં લોખંડવાલા બેક રોડ પર મેન્ગ્રોવ વિસ્તાર, ઐરોલી-મુલુંડ ચેક પોસ્ટ વિસ્તાર અને બોરીવલી પશ્ચિમમાં ગોરાઈ મેદાનમાં કબૂતરોને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાના બીએમસીના તાજેતરના પગલા પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા.

બીએમસીના જણાવ્યા અનુસાર સવારે ૭ થી ૯ વાગ્યા સુધી જ ખોરાક આપવાની મંજૂરી આપવામાં આવશે, અને આ (જુઓ પાનું ૪) ▶▶

## ચાર કબુતરખાના શરૂ કરવા માટે કોઈ સંસ્થા આગળ આવી નહીં !

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ કામચલાઉ વ્યવસ્થા તરીકે મુંબઈમાં ચાર જગ્યાએ સવારના સાતથી નવ વાગ્યા સુધી કબૂતરોને કંટ્રોલ ફીડિંગ માટે મંજૂરી આપી છે અને તેના સંચાલન માટે સ્વંયસેવી સંસ્થાને આગળ આવે તો જ મંજૂરી આપવાની શરત રાખી છે. જોકે છેલ્લા ચાર દિવસમાં એક પણ સંસ્થા તે માટે આગળ આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. કબુતરોને કારણે આરોગ્યને

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબ્રાની ટ્રેન ટ્રેજેડી કેસમાં બે એન્જિનિયર સામે ગુનો

## સામસામી પસાર થતી બે ટ્રેનના પ્રવાસીઓની બૅગ અથડાવાથી ૧૩ જણ પાટા પર પટકાયા હતા, જેમાંથી ચારે જીવ ગુમાવ્યો હતો: તપાસમાં એન્જિનિયરોની બેદરકારી જણાઈ

મુંબઈ: સેન્ટ્રલ રેલવેના મુંબ્રા સ્ટેશન નજીક નવમી જૂને થયેલી ટ્રેન ટ્રેજેડી કેસમાં આખરે પાંચ મહિને સેન્ટ્રલ રેલવેના બે એન્જિનિયર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. સામસામી દિશામાંથી પસાર થતી ફાસ્ટ લોકલના ફૂટબૉર્ડ પર ઊભેલા પ્રવાસીઓની બૅગ એકબીજા સાથે અથડાતાં ૧૩ જણ પાટા પર પટકાયા હતા, જેમાંથી ચાર જણે જીવ ગુમાવ્યા હતા. રેલવે પોલીસની તપાસમાં એન્જિનિયરોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર હોવાનું જણાયું હતું.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રકરણે રવિવારે થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)માં એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. સેન્ટ્રલ રેલવેના સિનિયર સેક્શન એન્જિનિયર અને સેક્શન એન્જિનિયર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હોઈ આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ નવમી જૂને મુંબ્રા સ્ટેશન નજીકથી ફાસ્ટ ટ્રેક પરથી પસાર થનારી બે ટ્રેનમાંથી પ્રવાસીઓ પાટા પર પડ્યા હતા. કસારા અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ જતી ટ્રેનમાં ભીડ હોવાથી પ્રવાસીઓ ફૂટબૉડ પર ઊભા રહીને પ્રવાસ કરી રહ્યા હતા. એક વળાંક પાસે બન્ને ટ્રેનના પ્રવાસીઓની ખભે ભેરવેલી બૅગ એકબીજા સાથે અથડાઈ હતી.

બૅગ અથડાવાને કારણે સંતુલન ગુમાવવાથી ૧૩ પ્રવાસી પાટા પર પડી ગયા હતા. ગંભીર ઇજાને કારણે ચારનાં મોત થયાં હતાં, જ્યારે નવ જણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પ્રકરણે થાણે જીઆરપીએ તે સમયે અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી. ઘટના કઈ રીતે બની તે માટે જીઆરપી દ્વારા સઘન તપાસ કરવામાં આવી હતી. આ માટે નિષ્ણાતોની મદદ પણ લેવાઈ હતી. તપાસમાં એન્જિનિયરોની બેદરકારી સામે આવતાં સેન્ટ્રલ રેલવેના વરિષ્ઠ અધિકારીને રિપોર્ટ મોકલવામાં આવ્યો હતો. બાદમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ પચીસ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

કુલીન કુમાર હોલિડેઝ ની ચેરી બ્લોસમ ટૂર્સ

- જાપાન અને સાઉથ કોરિયા ટૂરમાં ૨૦૦૯ થી રાજસ્થાની રસોઈયા દ્વારા ભાવતા ભોજન પીરસનાર એક માત્ર ટૂર કંપની–"કુલીન કુમાર હોલિડેઝ"
- જાપાન નેશનલ ટૂરિઝમ અને કોરિયા ટૂરિઝમ ઓરગેનાઇઝેશન (JNTO & KTO) દ્વારા સન્માનિત એક માત્ર ટૂર કંપની "કુલીન કુમાર હૉલિડેઝ"
- અન્ય ટૂર ઓપરેટરો અમારો પ્રવાસ કાર્યક્રમ અને કિંમત કોપી કરી લેશે, પણ અમારી ક્વૉલિટી તથા કુશળ આયોજનને મેચ નથી કરી શકતા
- ૧ મહિનાના સમય ગાળામાં ૨૫ થી વધુ પ્રસ્થાનોના વિકલ્પો અને તે પણ રાજસ્થાની રસોઈયાં સાથે...ફક્ત કુલીન કુમાર હોલિડેઝ સાથે



ચેરી બ્લોસમ જાપાન
૧૦ રાત્રી / ૧૧ દિવસ
ટોકિયો • માઉન્ટ ફુજી • નાગોયા • ક્યોટો • નારા • કોબે • હિરોશીમા • ઓસાકા
પ્રસ્થાનઃ માર્ચઃ ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧ એપ્રિલઃ ૦૧, ૦૩, ૦૪, ૦૫



ચેરી બ્લોસમ જાપાન સાથે અલ્પાઈન રૂટ
૧૧ રાત્રી / ૧૨ દિવસ
ટોકિયો • હિરોશીમા • ઓસાકા • ક્યોટો • ટોયામા • નારા • કોબે • નાગોયા • માઉન્ટ ફુજી
પ્રસ્થાનઃ એપ્રિલઃ ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૨, ૧૪



સીનિક સાઉથ કોરીયા
૦૯ રાત્રી / ૧૦ દિવસ
બુસાન, જેજુ આયલેન્ડ, સિઓલ
પ્રસ્થાનઃ એપ્રિલઃ ૦૫, ૧૫ મેઃ ૦૩, ૧૨, ૧૫



ચેરી બ્લોસમ જાપાન સાથે સાઉથ કોરીયા
૧૫ રાત્રી / ૧૬ દિવસ
ટોકિયો • માઉન્ટ ફુજી • નાગોયા • ક્યોટો • નારા • કોબે • હિરોશીમા • ઓસાકા • બુસાન • સિઓલ
પ્રસ્થાનઃ માર્ચઃ ૨૩, ૨૫,૨૯, ૩૧

ટૂર ની વિશેષતાઃ
- વર્લ્ડ ક્લાસ એરલાઇન્સમાં સફર
- એરફેર, વિઝા, ઇન્શયોરન્સ, ટૅક્સ અને ટિપ્સ આ બધુ જ પ્રવાસ કિમતમાં સામેલ
- રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
- લક્ઝરી હોટલ્સમાં મુકામ (કન્ફર્મ હોટલ્સ)
- ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઇટ સીઇંગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઇપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર



SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Imagine your Korea
KOREA TOURISM ORGANIZATION
Head Office: Plaza Panchshil, Hughes Road, Tel.: +91-22-4355 5555
નવી ઓફિસ શુભારંભઃ Shop No. 6, Gr. Floor, Madhur CHSL, TPS Road, Borivali (W), Mumbai – 92. Tel.: +91 86527 99672 / 022 4355 5590
Opera House Office - Tel.: +91-22-2382 3333
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500
Follow us on @kulinkumarholidays *for live tour moments!*

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લૉટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**